RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

JAMNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ આસો વદ -૩ | બુધવાર તા.૨૮-૧૦-૨૦૨૬ | અંક : ૨૫૫ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

અર્નબ વાવાઝોડાએ ઓડિશા-આંધ્રપ્રદેશમાં વેર્યો વિનાશ

૧૫૦ કિ.મી. નીઝડપેત્રાટક્યુંવાવાઝોડું, આંધ્રપ્રદેશમાં તબાહીના દ્રશ્યો, વિશાખાપટ્ટનમ અને ગોદાવરી જિલ્લામાં રસ્તાઓ જળમગ્ન

નવીદિલ્હી,

ભયાનક વાવાઝોડું અર્નબ આખરે ભારતના બે મોટા રાજ્યોના દરિયાકાંઠે લેન્ડફોલ કરી ગયું. મંગળવારે મોડી રાતે દોઢ વાગ્યાની આસપાસ આ વાવાઝોડું ત્રાટકતાં ૧૫૦ કિ.મી.ની ઝડપે તોફાની પવન સાથે ભારે વરસાદ ખાબક્યો હતો. ભારતીય હવામાન વિભાગના અહેવાલ અનુસાર અનેક રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે.

ચક્રવાત 'અર્નબ' ના કારણે વિશાખાપટ્ટનમના આર.કે. બીચ પર ભયાનક મોજાં અને ઝડપી પવનો જોવા મળી રહ્યા છે. વાવાઝોડાના કારણે અનકાપલ્લી, કાકીનાડા, કોનસીમા, પૂર્વ ગોદાવરી અને પશ્ચિમ ગોદાવરી જિલ્લામાં ૧૦૦ મિલીમીટરથી વધુ ભારે વરસાદ નોંધાયો છે.



વિશાખાપટ્ટનમમાં સેંકડો વૃક્ષો અને વીજળીના થાંભલા ધરાશાયી થતાં માર્ગ વ્યવહાર ખોરવાયો છે. અનેક ઘરોની દીવાલો અને છતોને ભારે નુકસાન પહોંચ્યું છે.

ભારતીય મોસમ વિભાગના તાજેતરના બુલેટિન મુજબ, 'અર્નબ' વાવાઝોડું અપેક્ષા કરતાં વધુ ઝડપથી પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીમાંથી આગળ વધીને આંધ્રના તટ પર ત્રાટક્યું હતું. લેન્ડફોલની પ્રક્રિયા ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ની વહેલી સવારે આશરે ૦૧:૨૦ વાગ્યે બાપટલાથી વિશાખાપટ્ટનમ વચ્ચે સ્થિત યનમ દક્ષિણે કાકીનાડા નજીક શરૂ થઈ ગઈ હતી.લેન્ડફોલ સમયે પવનની સતત ઝડપ ૧૨૫ થી ૧૩૫ કિમી/કલાક રહી હતી, જે એક ઝટકામાં ૧૫૦ કિમી/કલાક ની ભયાનક સપાટીએ પહોંચી ગઈ હતી.દરિયામાં ૧.૫ થી ૨.૫ મીટર સુધીની તીવ્ર તુફાની લહેરો ઉછળી રહી છે, જ્યારે ગોદાવરી નદીના મુખ પાસે ૨ થી ૩.૫ મીટર ઉંચા મોજાં ઉછળવાની ભીતિ છે. આંધ્ર પ્રદેશ ઉપરાંત દક્ષિણ ઓડિશાના તટીય જિલ્લાઓમાં પણ ભારે પવન સાથે ભયાનક વરસાદ ચાલુ છે.



સ્થાનિક તંત્ર અને પ્રશાસન દ્વારા તટીય વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૮૪૦૦૦ થી વધુ લોકોને સુરક્ષિત રીતે ખસેડીને રેસ્ક્યૂ શેલ્ટરમાં રાખવામાં આવ્યા છે. લેન્ડફોલની પ્રક્રિયા ૩ થી ૪ કલાક સુધી ચાલુ રહેવાની શક્યતા હોવાથી કાકીનાડા, યનમ અને નરસપુર સહિતના નીચાણવાળા વિસ્તારોમાં લોકોને ઘરોમાં જ રહેવાની સૂચના આપવામાં આવી છે.

આંધ્ર અને ઓડિશામાં ૪૦૦૦ શેલ્ટર્સ બનાવાયા

લાખો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા, ઓડિશાનાં આઠ જિલ્લાઓની શાળાઓમાં બે દિવસની રજા, ૫૦ ટ્રેન રદ

ભુવનેશ્વર,

ખૂબ જ ગંભીર ચક્રવાતી તોફાન 'અર્નબ'ને ધ્યાનમાં રાખી આંધ્ર પ્રદેશ અને ઓડિશાનાં લગભગ ૪૦૦૦ ચક્રવાત આશ્રય સ્થાનબનાવવામાં આવ્યા છે. હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ કર્મચારીઓને એલર્ટ રાખવામાં આવ્યા છે. આ વાવાઝોડું આગામી ૨૪ કલાકમાં વિશાખાપટ્ટનમની પાસે દરિયાકાંઠે ત્રાટકી શકે છે.

સાવચેતીનાં ભાગરૂપે ભારતીય રેલવેએ આ વિસ્તારમાં ઓછામાં ઓછા ૫૦ ટ્રેનો રદ કરી દીધી છે. જ્યારે દરિયાકાંઠાનાં વિસ્તારની સડકો પર વાહન વ્યવહાર બંધ કરી દીધો છે. દિવસ દરમિયાન વિજયવાડાને ચેન્નાઇ અને બેંગાલુરુથી જોડતી ઈન્ડિગોની બે ફ્લાઇટ પણ રદ કરી દેવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર બપોરે ૨.૩૦ કલાકે આ તોફાન આંધ્ર પ્રદેશનાં કાકીનાડાથી લગભગ ૧૪૦ કિમી દક્ષિણ પૂર્વ અને વિશાખાપટ્ટનમથી ૧૭૦ કિમી દક્ષિણમાં હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ૧૮ કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે અને બુધવાર સવાર સુધી બાપટલા અને વિશાખાપટ્ટનમની વચ્ચે યાનમની નજીક દરિયાકાંઠાને પાર કરી શકે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશ સરકારે રાજ્યનાં ૨૦ જિલ્લાઓમાં ૨૧૩૧ ચક્રવાત આશ્રય સ્થળ બનાવ્યા છે. વાવાઝોડાથી અસરગ્રસ્ત થનારા વિસ્તારોમાં ૧૦૮૭ આરોગ્ય ટીમો તૈયાર રાખવામાં આવી છે.

ઈઝરાયલ ચૂંટણી: નેતન્યાહૂ ગઠબંધન વલણોમાં આગળ, પરંતુ બહુમતી નહીં

અરબ પાર્ટીઓ કિંગમેકર બની શકે છે; એક તૃતીયાંશ મતોની ગણતરી પૂર્ણ

જેરૂસેલમ,

ઈઝરાયલમાં સંસદીય ચૂંટણી બાદ મતગણતરી ચાલુ છે. અત્યાર સુધીમાં ૩૨.૫% મતની ગણતરી પૂર્ણ થઈ ગઈ છે. તેમાં નેતન્યાહૂ ગઠબંધનને ૫૯ બેઠકો મળતી દેખાઈ રહી છે. જ્યારે ગાદી આઈઝનકોટના ગઠબંધનને ૪૬ બેઠકો મળવાનો અંદાજ છે. બીજી તરફ, આરબ પક્ષોને ૧૫ બેઠકો મળવાનો અંદાજ છે.

ઈઝરાયલની સંસદમાં ૧૨૦ બેઠકો છે. બહુમતી માટે ૬૧ બેઠકો જરૂરી છે. મતદાન પૂર્ણ થયા બાદ ૫ એક્ઝિટ પોલના પરિણામો આવ્યા છે. તેમાંથી ૩માં આઈઝનકોટ ગઠબંધન પાછળ છે. ૨ એક્ઝિટ પોલમાં બંને ગઠબંધનોને સમાન બેઠકો આપવામાં આવી છે.

પૂર્વ ઈઝરાયલી રાજદૂત બોલ્યા- નેતન્યાહૂ સાથે હાથ મિલાવ્યો તો મતદારો આઈઝનકોટને માફ નહીં કરે ઈઝરાયલમાં પૂર્વ રાજદૂત એલન પિન્કસનું કહેવું છે કે ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો જીતનારા ગઠબંધનને સરકાર બનાવવા માટે એવા કોઈ પક્ષ સાથે સમજૂતી કરવી પડી શકે છે, જેની સાથે જોડાવું તેના માટે મુશ્કેલ હશે.પિન્કસ ન્યૂયોર્કમાં ઈઝરાઈલના મહાવાણિજ્યદૂત તરીકે પણ કામ કરી ચૂક્યા છે. તેમણે અલ જઝીરાને કહ્યું કે વિપક્ષના મતદારો નહીં ઇચ્છે કે તેમનું ગઠબંધન નેતન્યાહૂના ગઠબંધન સાથે સમજૂતી કરે.તેમણે કહ્યું કે જો ગાદી આઈઝનકોટ નેતન્યાહૂના ગઠબંધન સાથે હાથ મિલાવે છે.

૩ ગોલ્ડ મેડલ જીતનારા ભારતીય નીરજ યાદવે જીવન ટૂંકાવ્યું

ડોપિંગ બેન બાદ તણાવમાં હોવાનો દાવો, ખેલ જગતમાં શોકનો માહોલ



નવીદિલ્હી,

ભારતીય ખેલ જગત માટે એક અત્યંત આઘાતજનક અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. એશિયન પેરા ગેમ્સમાં દેશ માટે ૩ ગોલ્ડ મેડલ જીતનારા દિગ્ગજ ભારતીય પેરા એથ્લેટ નીરજ યાદવનું ૪૨ વર્ષની વયે અવસાન થયું છે. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, નીરજે કથિત રીતે પોતાના ઘરે ઝેર ખાઈ લીધું હતું.

બુધવારે દિલ્હીની એક હોસ્પિટલમાં તેમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હુત. જોકે, તેમના મોતના ચોક્કસ સંજોગો અંગે હજુ સ્પષ્ટ તપાસ ચાલી રહી છે.

ભારતીય પેરા એથ્લેટિક્સ ટીમના હેડ કોચ એસ. સત્યનારાયણે આ કરુણ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે તેમને આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાની માહિતી મળી છે. ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કરતાં સત્યનારાયણે જણાવ્યું કે, નીરજે જીવન ટૂંકાવ્યું કરી છે. આવું બન્યું તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે.

રિપોર્ટ મુજબ, નીરજ ચાલુ મહિને આઈચી-નાગોયા ખાતે યોજાયેલી એશિયન પેરા ગેમ્સમાં ભાગ લઈ શક્યા નહોતા. ડોપિંગ સસ્પેન્શનના કારણે તેમને સ્પર્ધામાંથી બહાર રહેવું પડ્યું હતું.

એશિયન પેરા ગેમ્સમાં રચ્યો હતો ઈતિહાસ: જીત્યા હતા ૩ ગોલ્ડ મેડલ

નીરજ યાદવ ભારત તરફથી આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકનારા સૌથી સફળ પેરા એથ્લેટ્સ પૈકીના એક હતા. તેમણે દેશ માટે ગોલ્ડ મેડલ્સની હેટ્રિક લગાવી હતી.

૨૦૧૮ (જકાર્તા): ઈન્ડોનેશિયાના જકાર્તામાં આયોજિત એશિયન પેરા ગેમ્સમાં તેમણે જેવલિન થ્રો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.

૨૦૨૩ (હાંગઝોઉ): ચીનના હાંગઝોઉમાં યોજાયેલી એશિયન પેરા ગેમ્સમાં તેમણે અસાધારણ પ્રદર્શન કરીને ડબલ ગોલ્ડ જીત્યો હતો. તેમણે જેવલિન થ્રો તેમજ ડિસ્કસ થ્રો બંને ઈવેન્ટ્સમાં દેશ માટે ગોલ્ડ મેડલ હાંસલ કર્યા હતા.

વૉટ્સએપ પર શેર્સની ટિપ્સ આપનારા તત્ત્વોથી રોકાણકારો ચેતીને દૂર રહે: SEBI દ્વારા એલર્ટ

ગેરકાયદેસર રીતે સ્ટોક ટિપ્સ આપતા વૉટ્સએપ ગ્રુપ્સ એક પ્રકારની નાણાકીય છેતરપિંડી

મુંબઈ,

માત્ર આમંત્રણથી વૉટ્સએપ ગ્રુપમાં આમંત્રણ આપીને જોડાતા અને ગેરકાયદેસર રીતે સ્ટોક ટિપ્સ આપતા વૉટ્સએપ ગ્રુપ્સ એક પ્રકારની નાણાકીય છેતરપિંડી છે, એમ બજાર નિયામક સેબી-સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ બહાર પાડેલી મહત્ત્વપૂર્ણ અપીલમાં જાહેર કર્યું છે. સેબીના આ નિર્ણયની સીધી અસર શેરબજારમાં રોકાણ કરતા સામાન્ય અને નવા રોકાણકારો પર પડશે.

આ રોકાણકારો સોશિયલ મીડિયા પર મળતી ફ્રી ટિપ્સ કે ટ્રેડિંગ ટિપ્સને આધારે જ રોકાણ કરીને પોતાની મૂડી જોખમમાં મૂકે છે. તેથી સેબીના આ નિર્ણયની મોટી અસર વિદેશી નંબરો પરથી ચલાવવામાં આવતી ગેરકાયદેસર એડવાઈઝરી સંસ્થાઓ કે નકલી એક્સપર્ટ્સ પર પડશે. સેબીના આ પગલાથી સામાન્ય રોકાણકારોને વૉટ્સએપ ગ્રુપની જાળમાંથી બચવામાં મદદ મળશે. તેમ જ રોકાણકારોને માત્ર સેબીમાં રજિસ્ટર થયેલા સલાહકારોના માધ્યમથી જ રોકાણ કરવા અંગેના નિર્ણયો લેવા તરફ જવાની પ્રેરણા મળશે.

સેબીએ જણાવ્યું છે કે આ ગેરકાયદેસર ઓપરેટરો પોતાના ગ્રુપને સાચું અને રોકાણકારોને ફાયદો કરાવતા ગ્રુપ તરીકે પ્રસ્થાપિત કરવા માટે કૃત્રિમ માહોલ ઊભો કરે છે. તેઓ ચોક્કસ સભ્યોના માધ્યમથી નકલી પ્રોફિટ ક્લેમ- નફાના ખોટા સ્ક્રીનશોટ મુકાવડાવે છે. તેમ જ પોતાના ગ્રુપની પ્રશંસા કરાવતા મેસેજ કરાવે છે. આ યુક્તિને ટેકનિકલ ભાષામાં એસ્ટ્રોટર્ફિંગ તરીકે ઓળખાવવામાં આવે છે. તેનાથી છેતરાઈને નવા રોકાણકારો ટ્રેડિંગ શરુ કરી દે છે. સેબી જ્યારે કોઈ ગ્રુપ પર પ્રતિબંધ મૂકે કે તેના કામકાજને સસ્પેન્ડ કરી દે છે ત્યારે ઓપરેટરો નવા નંબરથી મેસેજ મોકલીને એવો દાવો કરે છે કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મના નિયમોના કારણે જૂનું ગ્રુપ બંધ કરવામાં આવ્યું છે, તેથી આ નવા ગ્રુપમાં જોડાઈ જાવ.

ગુજરાત સરકારની ખેડૂતોને મોટી ભેટ: ધિરાણ પર ૨% વ્યાજ રાહત, ૧૦ લાખથી વધુ અન્નદાતાને ફાયદો થશે

ગાંધીનગર,

રાજ્યના ખેડૂતોને ગ્રામીણ કક્ષાએથી જ સસ્તા અને સરળ વ્યાજદરે ટૂંકા ગાળાનું કૃષિ ધિરાણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે વધુ એક ખેડૂતહિતલક્ષી નિર્ણય લીધો છે. રાજ્યના સહકારી કૃષિ ધિરાણ માળખા દ્વારા ખેડૂતોને પોતાના સ્વ-ભંડોળમાંથી કરવામાં આવેલા ધિરાણ પર ૨% વ્યાજ સહાય પેટે રૂ. ૧૭૪.૦૭ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ નિર્ણયની વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ અને 'ખેડૂતલક્ષી તથા સહકાર-તરફી' અભિગમ માટે પૂર્ણપણે કટિબદ્ધ છે. ગત તા. ૧/૦૪/૨૦૨૫ થી તા. ૩૦/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન રાજ્યની સહકારી બેંકોએ પોતાના સ્વ-ભંડોળમાંથી ખેડૂતોને આપેલા ધિરાણ પર ૨% વ્યાજ રાહત મંજૂર કરવામાં આવી છે.તેમણે ઉમેર્યું હતું કે, અગાઉ મોટાભાગની સહકારી બેંકો ખેડૂતોને ૧૦% થી ૧૩%ના ઊંચા વ્યાજદરે ધિરાણ આપતી હતી. ખેડૂતો પર વ્યાજનો બોજો ન પડે અને સહકારી ધિરાણ માળખું ટકાઉ બને તે હેતુથી રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૯-૧૦થી ૨% વ્યાજ રાહત યોજના અમલમાં મૂકી છે. આ યોજનાના પરિણામે આજે રાજ્યના ખેડૂતોને માત્ર ૭%ના રાહત દરે પાક ધિરાણ ઉપલબ્ધ થઈ રહ્યું છે.

ભારતીય કેપ્ટન સ્મિત મચ્છરનું UAEના સર્વોચ્ચ 'ઓર્ડર ઓફ ઝાયેદ II'થી સન્માન

રાષ્ટ્રપતિએ ગળે લગાવી અભિનંદન પાઠવ્યા, શાહી પરિવારની ઉપસ્થિતિમાં કેપ્ટન સ્મિતનું સન્માન

નવી દિલ્હી,

આકાશમાં અસાધારણ સાહસનું પ્રદર્શન કરીને સેંકડો નિર્દોષ મુસાફરોની જિંદગી બચાવનાર ફ્લાયદુબઈના ભારતીય કેપ્ટન સ્મિત મચ્છરને સંયુક્ત આરબ અમીરાત તરફથી અત્યંત પ્રતિષ્ઠિત સન્માન પ્રાપ્ત થયું છે.

યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહિયાન દ્વારા કેપ્ટન સ્મિત મચ્છરને દેશના નાગરિક અને લશ્કરી સન્માન 'ઓર્ડર ઓફ ઝાયેદ' થી સન્માનિત કરવામાં આવ્યા છે.

પોતાના હાથમાં પટ્ટી પહેરીને પોતાના ક્રૂ મેમ્બર્સ સાથે સમારોહમાં પહોંચેલા કેપ્ટન



સ્મિતના અદમ્ય ઉત્સાહ અને સમર્પણ ભાવને જોઈને ત્યાં ઉપસ્થિત દરેક વ્યક્તિની આંખો ગર્વ અને સન્માનથી છલકાઈ ગઈ હતી. આ ક્ષણ ભારત માટે પણ અતિ મહત્વપૂર્ણ થયું છે. કારણ કે,એક ભારતીયનું વિદેશી ધરતી પર જ્યારે સર્વોચ્ચ એવોર્ડથી સન્માન થાય ત્યારે તે માત્ર તે વ્યક્તિનું નહીં પરંતુ આખા ભારતનું સન્માન ગણાય છે.

યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહિયાને કેપ્ટન મચ્છરને ગળે લગાવીને અભિનંદન પાઠવ્યા હતા. આ ભવ્ય સમારોહમાં દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રશીદ અલ મક્તુમ અને બંને અમીરાતના શાહી પરિવારના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ફ્લાયદુબઈના કેપ્ટન સાથે તેમના ક્રૂ મેમ્બર્સને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

સૂદાનમાં ભીષણ ડ્રોન હુમલો, વ્યસ્ત બજારમાં ૧૦૦થી વધુ લાશોના ઢગલા, સેના પર આરોપ

કેટલાક સપ્તાહોમાં સૂદાની સેના અને આરએસએફ બંને તરફથી ડ્રોન હુમલાઓમાં વધારો

સુદાન,

સૂદાનમાં ચાલી રહેલા ગૃહયુદ્ધ વચ્ચે થયેલા એક ભીષણ ડ્રોન હુમલામાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે ૧૧૩ લોકો ઘાયલ થયા છે. આ હુમલો દક્ષિણ-પશ્ચિમ સૂદાનના દક્ષિણ દારફુર પ્રાંતની રાજધાની ન્યાલાના એક વ્યસ્ત બજારમાં થયો હતો.

દેશમાં હિંસા પર નજર રાખતી માનવાધિકાર સંસ્થા 'ઈમરજન્સી લૉયર્સે' મંગળવારે જારી કરેલા નિવેદનમાં આ હુમલા માટે સૂદાની સેનાને જવાબદાર ઠેરવી છે.

માનવાધિકાર સંસ્થા 'ઈમરજન્સી લૉયર્સે' પોતાના નિવેદનમાં જણાવ્યું કે આ હુમલાએ સામાન્ય નાગરિકોના વ્યસ્ત બજારને સામૂહિક હત્યાઓ અને ઘાયલોના ભયાવહ દ્રશ્યમાં ફેરવી



નાખ્યું. સંસ્થાએ આ હુમલાની સ્વતંત્ર તપાસ કરાવવાની માંગ કરી છે. આંતરરાષ્ટ્રીય તબીબી સંસ્થા 'ડોક્ટર્સ વિદાઉટ બોર્ડર્સ'એ અગાઉ જણાવ્યું હતું કે ન્યાલા સ્થિત તેની હોસ્પિટલમાં ૩૬ શબ લાવવામાં આવ્યા હતા. વળી, હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ૧૫૦ ઘાયલ લોકો પહોંચ્યા હતા. દક્ષિણ દારફુરની રાજધાની ન્યાલા હાલમાં અર્ધલશ્કરી સંસ્થા 'રેપિડ સપોર્ટ ફોર્સીસ'ના નિયંત્રણમાં છે.

સૂદાનમાં ચાલી રહેલા ગૃહયુદ્ધ દરમિયાન ડ્રોન હુમલાઓનો સતત ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જોકે, છેલ્લા કેટલાક સપ્તાહોમાં સૂદાની સેના અને આરએસએફ બંને તરફથી ડ્રોન હુમલાઓમાં ભારે વધારો થયો છે. આ હુમલાઓમાં સેંકડો લોકોના જીવ જઈ ચૂક્યા છે. યુદ્ધમાં સામેલ બંને પક્ષો વિસ્ફોટકોથી સજ્જ ડ્રોનનો ઉપયોગ વધારી રહ્યા છે. ઘણા કિસ્સાઓમાં હોસ્પિટલો, ડેમો, શાળાઓ, બજારો અને વિસ્થાપિત લોકોના શિબિરો જેવા નાગરિક ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા છે. સૂદાનમાં ચાલી રહેલા યુદ્ધે દુનિયાનું સૌથી મોટું માનવીય સંકટ પેદા કરી દીધું છે.

સમગ્ર રાજ્યમાં 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬'ના અસરકારક અમલીકરણ માટે સરકાર કટિબદ્ધ: એમ. થેન્નારસન

નાગરિકોની ફરિયાદોના ૨૪ કલાકમાં નિવારણ માટે વોટ્સએપ ચેટબોટને મળ્યો સકારાત્મક પ્રતિસાદ

અમદાવાદ,

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. થેન્નારસને સમગ્ર ગુજરાતમાં 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬'ના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે ગાંધીનગર ખાતે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB) ના સહયોગથી ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આયોજિત એક વિશેષ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સંબોધન કર્યું હતું.



તેમણે જણાવ્યું હતું કે, "સ્વચ્છતા એ માત્ર સરકારી યોજના નથી; તે આપણી જીવન શૈલી છે. અમને આશા છે કે, મીડિયાના સહયોગથી આ અભિયાન પ્રત્યેક નાગરિક સુધી પહોંચે અને દરેક વ્યક્તિ સ્વચ્છતાને પોતાની જવાબદારી સમજીને સરકારની આ પહેલમાં પોતાનું યોગદાન આપે." તેમણે નોંધ્યું હતું કે માનનીય પ્રધાનમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આરોગ્ય અને સ્વચ્છતા પર વિશેષ ભાર મૂક્યો છે અને આ પ્રયાસોને ટેકો આપવા માટે નોંધપાત્ર બજેટ ફાળવણી કરવામાં આવી છે. વધુમાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં સ્વચ્છતા અને કચરાના વૈજ્ઞાનિક નિકાલને સુનિશ્ચિત કરવા માટે વ્યાપક આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, ગુજરાત સરકારના "સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત"ના સંકલ્પને સાકાર કરવા માટે ૧ એપ્રિલ, ૨૦૨૬થી અમલમાં આવેલા 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬' અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ પ્રેસ કોન્ફરન્સમાં શ્રીમતી રેમ્યા મોહન, સચિવ (આવાસ અને શહેરી વિકાસ); શ્રી સિદ્ધાર્થ બોડકે, ADG, PIB ગુજરાત; અને સુશ્રી પુષ્પ લતા, સ્વચ્છ ભારત મિશન-અર્બનના મિશન ડાયરેક્ટર પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીમતી રેમ્યા મોહને જણાવ્યું હતું કે સ્વચ્છતા મિશન એ એક સતત ચાલતી પ્રક્રિયા છે. તેમણે વધુમાં સમજાવ્યું કે 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬' આગામી કામગીરી નક્કી કરવા અને 'સ્વચ્છ ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે રોડમેપ તૈયાર કરવાનું માળખું પૂરું પાડે છે.

એકતા દિવસની પરેડ માટે આસામથી આવેલા BSFના 40 જવાનોમાંથી 21 જવાનો ડેન્ગ્યુ પોઝિટિવ

નર્મદા,

તારીખ ૩૧ ઓક્ટોબરના રોજ એકતાનગર ખાતે યોજાનાર રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય પરેડ પહેલાં આરોગ્ય વિભાગ સામે એક મોટો સવાલ ઉભો થયો છે કારણ કે આ પરેડમાં ભાગ લેવા આસામથી આવેલા BSFના ૪૦ જવાનોમાંથી ૨૧ જવાનો ડેન્ગ્યુ પોઝિટિવ મળી આવતાં તંત્ર એલર્ટ થઈ ગયું છે. એક પછી એક જવાનોને તાવ આવતાં આરોગ્ય તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં ડેન્ગ્યુનો ચેપ લાગ્યો હોવાનું સામે આવ્યું છે. તમામ પોઝિટિવ જવાનોને એકતાનગર ટ્રોમા સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા છે. જોકે, હાલ તમામ જવાનોની તબિયત સુધારા પર હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે ૩૧ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય પરેડ યોજાવા જઈ રહી છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા દેશભરમાંથી અંદાજે ૧૨ હજાર જેટલા જવાનો એકતાનગર પહોંચ્યા છે. ત્યારે આસામથી આવેલી જ્જીની ટુકડીમાં ડેન્ગ્યુના કેસ સામે આવતાં તંત્રમાં ચિંતા જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, એકતાનગરમાં ડેન્ગ્યુના કેસ સામે આવ્યા બાદ આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. સમગ્ર વિસ્તારમાં સાફ-સફાઈ, મચ્છરોના ઉપદ્રવને અટકાવવાનાં પગલાં અને આરોગ્ય તપાસની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમમાં દેશભરમાંથી મોટી સંખ્યામાં સુરક્ષાદળો અને અન્ય કર્મચારીઓ જોડાવાના હોવાથી આરોગ્ય વિભાગ દ્વારા સાવચેતીનાં પગલાં લેવામાં આવી રહ્યાં છે. BSFના ૪૦ જવાનોની ટુકડીમાં તાવના કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૨૧ જવાનો ડેન્ગ્યુ પોઝિટિવ હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ તમામ પોઝિટિવ જવાનોને સારવાર માટે એકતાનગર ટ્રોમા સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ, હાલ તમામ જવાનોની તબિયત સુધારા પર છે. આરોગ્ય વિભાગના એપિડેમિયોલોજી ઓફિસર આર. એસ. કશ્યપના જણાવ્યા અનુસાર, આ જવાનો અગાઉ ગાંધીનગરમાં રોકાયા હતા અને ત્યાંથી ડેન્ગ્યુનો ચેપ લાગ્યો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, ચેપ ક્યાંથી લાગ્યો તેની પુષ્ટિ તપાસના આધારે જ થઈ શકશે.

સમગ્ર રાજ્યમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની વ્યાપક ઉજવણી કરાશે: ગ્રામ પંચાયતથી લઈ મહાનગરપાલિકા સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન

નાગરિકોમાં રાષ્ટ્રભાવના જાગૃત કરવા એકતા શપથ ગ્રહણ તેમજ 'રન ફોર યુનિટી' યોજાશે

અમદાવાદ,

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ એવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે તા. ૩૧મી ઓક્ટોબરે "રાષ્ટ્રીય એકતા દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષાને સુદ્રઢ કરવાનો તથા સામાજિક સમરસતાનો સંદેશ આપે છે.

રાજ્યભરમાં આગામી ૩૧ ઓક્ટોબરે સાંજે ૫:૦૦ થી ૫:૩૦ કલાક દરમિયાન વંદેમાતરમનું સામૂહિક ગાન, એકતા પરેડ, સ્થાનિક કલાકારો દ્વારા દેશભક્તિપૂર્ણ કાર્યક્રમ તેમજ સમાજમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર મહાનુભાવોનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવશે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં સાંજે ૫:૩૦ કલાકથી SOU ખાતે યોજાનાર એકતા પરેડ તથા અન્ય કાર્યક્રમોનું દેશભરમાં જીવંત પ્રસારણ કરવામાં આવશે. તદુપરાંત સાંજે ૭:૧૦ કલાકથી વડાપ્રધાનશ્રીના સંબોધનનું જીવંત પ્રસારણ સામૂહિક રીતે નિહાળવામાં આવશે.

વધુમાં, આ વર્ષે ૩૧ ઓક્ટોબરે રાજ્યમાં ગ્રામીણ સ્તરે ગ્રામ પંચાયતો અને તાલુકાઓથી લઈને શહેરી વિસ્તારોમાં નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ સુધી તમામ સ્તરે આ ઉજવણી વ્યાપકપણે કરવામાં આવશે. નાગરિકોમાં વધુમાં વધુ રાષ્ટ્રભાવના જાગૃત કરવા માટે એકતા શપથ ગ્રહણ, 'રન ફોર યુનિટી' (એકતા દોડ) અને સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું આયોજન કરવામાં આવનાર છે. આ ઉજવણીમાં નાગરિકોની સાથે તમામ સરકારી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ આ મહોત્સવમાં સક્રિય સહભાગી થશે.

રાજ્યભરમાં યોજાનાર આ કાર્યક્રમોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સહકારી સંસ્થાઓના ખેડૂતો, મહિલા અને સ્વસહાય જૂથ, શિક્ષણ, આરોગ્ય અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ અને નાગરિકોની લોકભાગીદારી, દરેક ગામ/નગરપાલિકા/મહાનગરપાલિકામાંથી નાગરિકોની ઉપસ્થિતિમાં એકતા રેલી તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમોના સુચારૂ આયોજન માટે મુખ્ય સચિવ એમ. કે. દાસના અધ્યક્ષસ્થાને રાજ્ય કક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિમાં સભ્ય તરીકે કૃષિ-પશુપાલન, સહકાર, ગૃહ, મહેસૂલ, નાણા, આરોગ્ય, શહેરી વિકાસ, શિક્ષણ, પંચાયત, સામાન્ય વહીવટી વિભાગના ઉચ્ચ સનદી અધિકારીશ્રીઓનો સમાવેશ થાય છે.

ગુજરાત સરકારની ખેડૂતોને મોટી ભેટ: ધિરાણ પર ૨% વ્યાજ રાહત, ૧૦ લાખથી વધુ અન્નદાતાને ફાયદો થશે

વ્યાજ સહાય પેટે રૂ. ૧૭૪.૦૭ કરોડની રકમ મંજૂર કરવામાં આવી

ગાંધીનગર,

રાજ્યના ખેડૂતોને ગ્રામીણ કક્ષાએથી જ સસ્તા અને સરળ વ્યાજદરે ટૂંકા ગાળાનું કૃષિ ધિરાણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે વધુ એક ખેડૂતહિતલક્ષી નિર્ણય લીધો છે. રાજ્યના સહકારી કૃષિ ધિરાણ માળખા દ્વારા ખેડૂતોને પોતાના સ્વ-ભંડોળમાંથી કરવામાં આવેલા ધિરાણ પર ૨% વ્યાજ સહાય પેટે રૂ. ૧૭૪.૦૭ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ નિર્ણયની વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ અને 'ખેડૂતલક્ષી તથા સહકાર-તરફી' અભિગમ માટે પૂર્ણપણે કટિબદ્ધ છે. ગત તા. ૧/૦૪/૨૦૨૫ થી તા. ૩૦/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન રાજ્યની સહકારી બેંકોએ પોતાના સ્વ-ભંડોળમાંથી ખેડૂતોને આપેલા ધિરાણ પર ૨% વ્યાજ રાહત મંજૂર કરવામાં આવી છે.



તેમણે ઉમેર્યું હતું કે, અગાઉ મોટાભાગની સહકારી બેંકો ખેડૂતોને ૧૦% થી ૧૩%ના ઊંચા વ્યાજદરે ધિરાણ આપતી હતી. ખેડૂતો પર વ્યાજનો બોજો ન પડે અને સહકારી ધિરાણ માળખું ટકાઉ બને તે હેતુથી રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૯-૧૦થી ૨% વ્યાજ રાહત યોજના અમલમાં મૂકી છે. આ યોજનાના પરિણામે આજે રાજ્યના ખેડૂતોને માત્ર ૭%ના રાહત દરે પાક ધિરાણ ઉપલબ્ધ થઈ રહ્યું છે.

સહકારી બેંકોનું 'કોસ્ટ ઓફ ફંડ' સામાન્ય રીતે અન્ય બેંકો કરતાં વધુ હોય છે. તેમ છતાં, ખેડૂતો પર વ્યાજનો વધારાનો બોજો ન પડે તે માટે રાજ્ય સરકાર વર્ષ ૨૦૦૯-૧૦થી સતત ૨% વ્યાજ રાહત યોજના ચલાવી રહી છે અને બેંકોના આ તફાવતને વ્યાજ સહાય રૂપે સરભર કરે છે.

રાજ્યમાં ૧ રાજ્ય સહકારી બેંક, ૧૮ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો અને ૧૦,૯૦૦થી વધુ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)નું ત્રિ-સ્તરીય મજબૂત માળખું કાર્યરત છે. આ સહકારી માળખા દ્વારા રાજ્યના ૧૦ લાખથી વધુ ખેડૂતો ટૂંકી મુદતનું કૃષિ પાક ધિરાણ મેળવી રહ્યા છે.

ગુજરાતમાં ગૌહત્યા કેસમાં ત્રણ દોષિતોને આજીવન કેદની સજા : ન્યાયાધીશે વેદનો પણ ઉલ્લેખ કર્યો

કલોલ સેશન્સ કોર્ટે દરેક દોષિતને ૩ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો

ગાંધીનગર,

કલોલ સેશન્સ કોર્ટે ગૌહત્યા કેસમાં ત્રણ લોકોને આજીવન કેદની સજા ફટકારી છે. આ કેસમાં ૨૭૭ કિલોગ્રામ ગૌમાંસ જપ્ત કરવામાં આવ્યું હતું. કોર્ટે દરેક દોષિતને ૩ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. એડિશનલ સેશન્સ જજ બી.આર. રાજપૂતે પ્રાચીન સંસ્કૃત ગ્રંથોનો ઉલ્લેખ કરીને ગાયના રક્ષણના સાંસ્કૃતિક મહત્વ પર ભાર મૂક્યો. ગુજાપુરાના વસીમ કુરેશી, બહેરામપુરાના મહંમદ રફીક કુરેશી અને ફતેહવાડીના અસ્ફાક બહેલીમ - ગુજારાપુરાના વસિમ કુરેશી, બહેરામપુરાના મહંમદ રફીક કુરેશી અને ફતેહવાડીના અસફાક બહેલીમ - ને ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ અને પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. વધારાના સરકારી વકીલ જિગ્નેશ જોશીના જણાવ્યા અનુસાર, પોલીસે આ કેસમાં છ લોકોની ધરપકડ કરી હતી. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ, તેઓએ જામલા ગામમાં લાલાભાઈ સેનમાના ઘરે દરોડો પાડ્યો અને ત્રણ દોષિતો પાસેથી ૫૫,૦૦૦ ની કિંમતનું ૨૭૭ કિલોગ્રામ ગૌમાંસ જપ્ત કર્યું. પોલીસે ગૌહત્યામાં વપરાયેલા હથિયારો અને માંસ પરિવહન માટે વપરાતું વાહન પણ જપ્ત કર્યું. તપાસમાં જાણવા મળ્યું કે આરોપીઓ ગુલામ મોઈન કુરેશીને ગૌમાંસ વેચવાની યોજના બનાવી રહ્યા હતા. ટ્રાયલ બાદ, કોર્ટે છ આરોપીઓમાંથી ત્રણને દોષિત ઠેરવ્યા. સજા જાહેર કરતી વખતે, કોર્ટે વેદોનો ઉલ્લેખ કરીને કહ્યું કે, "ગાયને બ્રહ્માંડની માતા માનવામાં આવે છે. તે માનવ જીવન અને સમાજ માટે ઉપયોગી છે. ગાયનું રક્ષણ કરવું એ ધર્મ અને કરુણાનું કાર્ય છે. જ્યાં પણ ગૌહત્યા થાય છે, ત્યાં કાનૂની કાર્યવાહી થવી જોઈએ. જો પુરાવા આરોપીનો દોષ સાબિત કરે છે, તો તેને યોગ્ય સજા આપવી જોઈએ..." કોર્ટે પોતાના ચુકાદામાં ટિપ્પણી કરી હતી કે ગાયનું સાંસ્કૃતિક મહત્વ જાણવા છતાં, આરોપીએ ગાયની હત્યા કરી અને તેનું માંસ વેચવાનો પ્રયાસ કર્યો.

અમદાવાદના રખિયાલમાં ૩.૩૬ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે એક શખ્સ ઝડપાયો

પોલીસે ડ્રગ્સ સહિત કુલ ૨૫,૦૮૦નો મુદ્દામાલ જપ્ત કરીને એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી



અમદાવાદ,

અમદાવાદના રખિયાલ વિસ્તારમાં એમડી (મેફેડ્રોન) ડ્રગ્સના કથિત વેચાણના કેસમાં પોલીસે ૫૩ વર્ષીય શખસની ધરપકડ કરી છે. આંબાવાડી ચાર રસ્તા નજીક આવેલી દિલ્હી સ્પેશિયલ બિરિયાનીની દુકાન પાછળની ઓરડીમાં તપાસ દરમિયાન પોલીસને ૩.૩૬ ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે ડ્રગ્સ સહિત કુલ ૨૫,૦૮૦નો મુદ્દામાલ જપ્ત કરીને એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, રખિયાલ પોલીસની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે એક વ્યક્તિ ડ્રગ્સનો જથ્થો રાખીને તેનું વેચાણ કરતો હોવાની માહિતી મળી હતી. આ બાતમીના આધારે મોહમદ જાવેદ નસીમ હૈદર ઉર્ફે ખન્ના સૈયદનું નામ સામે આવ્યું હતું.

આરોપી મૂળ ઉત્તર પ્રદેશના બિજનોરનો વતની છે. હાલ તે રખિયાલમાં નવજીવન હોટલ નજીક આવેલી નૂરનગરની ગલીમાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે. બાતમીના આધારે પોલીસે દિલ્હી સ્પેશિયલ બિરિયાનીની દુકાન પાછળ આવેલી ઓરડીમાં દરોડો પાડીને શખસને ઝડપી લીધો હતો.

અમદાવાદમાં ચા પીતા ૩ મિત્રોનું અપહરણ કર્યા બાદ છરીની અણીએ રૂ. ૫,૫૦૦ ની લૂંટ

યુવકોને ઘરેથી પૈસા મંગાવવા માટે દબાણ કરાયું હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ



અમદાવાદ,

અમદાવાદના શાહઆલમ ટોલનાકા નજીક ચા પીવા ઊભેલા ત્રણ મિત્રોનું કારમાં આવેલા શખસોએ અપહરણ કરીને લૂંટ ચલાવી હોવાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદ મુજબ, ત્રણેય યુવકોને નારોલ બ્રિજ પાસે લઈ જઈ માર મારવામાં આવ્યો હતો અને છરી બતાવી રૂ. ૫,૫૦૦ લૂંટી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ રૂ. ૫૦ હજારની માગણી કરવામાં આવી હતી. જોકે, આરોપીઓની નજર ચૂકવીને ત્રણેય મિત્રો ભાગી છૂટ્યા હતા. આ મામલે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, દાણીલીમડામાં રહેતો યશ પરમાર હાથીજણના ફટાકડાના સ્ટોલમાં નોકરી કરે છે. ૨૫ ઑક્ટોબરની રાત્રે કામ પૂરું થયા પછી તે મિત્રો નૈતિક અને તુષાર ઠાકોર સાથે બાઇક પર ઘરે પરત ફરી રહ્યો હતો. રસ્તામાં શાહઆલમ ટોલનાકા પાસે આવેલી ચાની કીટલી પર ત્રણેય મિત્રો ચા પીવા માટે રોકાયા હતા. તે સમયે કારમાં આવેલા તરુણ, વિવેક અને ચીંટુ નામના ત્રણ શખસોએ કથિત રીતે બળજબરીપૂર્વક તેમને કારમાં બેસાડી દીધા હતા. ત્યારબાદ કાર ગોમતીપુરના રસ્તે નારોલ બ્રિજ તરફ લઈ જવામાં આવી હતી.

ફરિયાદ મુજબ, નારોલ બ્રિજ પાસે પહોંચ્યા બાદ કારમાં સવાર શખસોએ ત્રણેય યુવકો પાસે પૈસા માગ્યા હતા. યુવકોએ પૈસા ન હોવાની વાત કરતાં આરોપીઓએ તેમની સાથે મારામારી કરી હોવાની ફરિયાદમાં વિગતો સામે આવી છે. આ દરમિયાન લાકડાના દંડા વડે પણ હુમલો કરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ડોક્યુમેન્ટ વેરિફિકેશન પૂરું છતાં નિમણૂકના ઓર્ડરની રાહ; વિદ્યાસહાયકની ૭૭૪ જગ્યાઓ માટે ઉમેદવારોની રજૂઆત

૧૧ હજાર વિદ્યાસહાયકની ભરતીમાં પેન્ડિંગ ૭૭૪ જગ્યાઓ રિલીઝ કરવાની માંગ, મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર પહોંચ્યા

ગાંધીનગર,

ધોરણ ૧થી ૫માં ૧૧ હજાર વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયામાં પેન્ડિંગ રાખવામાં આવેલી ૭૭૪ જગ્યાઓ રિલીઝ કરવાની માંગ સાથે મોટી સંખ્યામાં ઉમેદવારો પાટનગર ગાંધીનગર ખાતે ઉગ્ર માંગણીઓ સાથે રજૂઆત કરવા પહોંચ્યા હતા.

ઉમેદવારો સરકારને ગુજરાત હાઈકોર્ટમાં પોતાનો જવાબ ઝડપથી રજૂ કરી કાનૂની ગૂંચ ઉકેલવા અને ત્યારબાદ જિલ્લા ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવા માગે છે. તેમનો દાવો છે કે જવાબ રજૂ કરવામાં વિલંબથી ભરતીનો આ તબક્કો અટવાયો છે. આ અંગે સરકાર કે શિક્ષણ વિભાગનો પ્રતિભાવ ઉપલબ્ધ અહેવાલમાં આપવામાં આવ્યો નથી.

ઉમેદવારોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, તેઓ ઈ-૧ પાસ કરીને મેરિટમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે અને ભરતી માટેની જરૂરી લાયકાત પણ ધરાવે છે. તેમ છતાં ૭૭૪ જગ્યાઓ પેન્ડિંગ રાખવામાં આવતાં તેઓ જિલ્લા પસંદગીની પ્રક્રિયાથી વંચિત રહી રહ્યા છે. જો હાઈકોર્ટમાં ચાલતો કેસ લાંબો સમય ખેંચાશે તો તેમની નિમણૂકમાં વિલંબ થશે, જેના કારણે નોકરીના વર્ષો, સિનિયોરિટી અને પગારને લઈને નુકસાન થવાની ભીતિ છે.

ભરતીમાં મેરિટમાં સ્થાન ન મેળવનારા અથવા પ્રક્રિયાથી અસંતુષ્ટ કેટલાક ઉમેદવારોએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. કેસ વિચારાધીન હોવાથી કોર્ટના સંભવિત આદેશને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગે ૭૭૪ જેટલી જગ્યાઓ કામચલાઉ ધોરણે અનામત રાખી હતી. ઉપલબ્ધ માહિતી મુજબ, આ જગ્યાઓ સિવાયની બાકીની જગ્યાઓ માટે જિલ્લા પસંદગી અને ફાળવણીની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. હવે ઉમેદવારોની મુખ્ય માગ અનામત જગ્યાઓ અંગે કોર્ટમાં જરૂરી કાર્યવાહી ઝડપથી કરવાની અને મેરિટમાં આવેલા ઉમેદવારોને જિલ્લા પસંદગીની તક આપવાની છે. જોકે, ૭૭૪ જગ્યાઓ ક્યારે મુક્ત થશે અથવા નિમણૂકના ઓર્ડર ક્યારે અપાશે તે અંગે કોઈ સમયમર્યાદા જાહેર થયાની માહિતી નથી.

આ ભરતી પ્રક્રિયા અંગે અગાઉના અહેવાલોમાં પણ હાઈકોર્ટની કાર્યવાહી દરમિયાન બાકીની ભરતી આગળ વધે તે માટે વિવાદિત જગ્યાઓ અલગ રાખવાની વચગાળાની વ્યવસ્થાનો ઉલ્લેખ થયો હતો.

નવી દિલ્હી ખાતે નર્મદા કંટ્રોલ ઓથોરિટીની સમીક્ષા સમિતિની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના મુખ્યમંત્રી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા

ગાંધીનગર,

નર્મદા કંટ્રોલ ઓથોરિટીની રિવ્યુ કમિટિ-RCNCAની ૧૫મી બેઠક નવી દિલ્હીમાં કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલની અધ્યક્ષતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી.

નર્મદા યોજનાના સહભાગી રાજ્યો રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રીઓ આ બેઠકમાં વિડીયો કોન્ફરન્સ માધ્યમથી જોડાયા હતા.

અગાઉની જુલાઈ-૨૬માં યોજાયેલી બેઠકમાં થયેલા મેમોરેન્ડમ ઓફ એગ્રીમન્ટને સહભાગી રાજ્યોએ આ બેઠકમાં અનુમોદન આપ્યુ હતું. આ સાથે, નર્મદા સંબંધિત લાંબા સમયથી પડતર પ્રશ્નોના નિરાકરણ માટે પરસ્પર સમજણ, સહમતી અને સંકલનને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.



કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્યો વચ્ચેના સંકલન તથા સહયોગથી લાંબા સમયથી પડતર પ્રશ્નોનું પણ સહમતીપૂર્વક નિરાકરણ લાવી શકાય છે, તે આ બેઠકની પ્રગતિએ દર્શાવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૃઢ નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી અમિત શાહના માર્ગદર્શનમાં સહકારી સંઘવાદની ભાવનાને વધુ બળ મળ્યું છે ત્યારે નર્મદા સંબંધિત બાકી રહેલા અન્ય મુદ્દાઓનું નિરાકરણ પણ ભવિષ્યમાં સંવાદ, પરસ્પર સમજણ અને સહકાર દ્વારા લાવવા માટે સકારાત્મક અભિગમ આ બેઠકમાં અપનાવવામાં આવ્યો છે.

જામનગર આઈટીઆઈમાં પ્રાથમિક સુવિધાનો ઉકેલ નહીં આવતાં એબીવીપી દ્વારા ત્રણ દિવસનું અલ્ટિમેટમ

વોશરૂમની સફાઈ, પીવાનું પાણી, ફાયર સેફ્ટી અને લિફ્ટની સમસ્યાઓ, વિદ્યાર્થીઓને એડમિશન રદ કરવા અને પરીક્ષામાં નાપાસ કરવાની ધમકી અપાતી હોવાનો પણ આક્ષેપ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરની આઈ.ટી.આઈ.માં વિદ્યાર્થીઓને પાયાની સુવિધાઓના અભાવે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાનો આક્ષેપ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) દ્વારા કરવામાં આવ્યો છે. સંસ્થાની મુખ્ય ઇમારતમાં વોશરૂમની નિયમિત સફાઈનો અભાવ, પીવાનું અપૂરતું અને પીવાલાયક ન હોવાની ફરિયાદ, ફાયર સેફ્ટીનાં સાધનોની સમયમર્યાદા પૂર્ણ થઈ જવી તેમજ વોશરૂમ અને લિફ્ટ બંધ હાલતમાં હોવા સહિતના પ્રશ્નોનો ઉકેલ લાવવાની માગણી કરવામાં આવી છે.

આ અંગે એબીવીપી દ્વારા તા. ૨૧ ઓક્ટોબરના રોજ કોલેજ પ્રશાસનને આવેદનપત્ર આપીને પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે એક દિવસનો સમય આપવામાં આવ્યો હતો. જોકે, સંગઠનના જણાવ્યા અનુસાર, સમયમર્યાદા પૂર્ણ થવા છતાં પ્રશાસન દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

આ ઉપરાંત, વિદ્યાર્થીઓની સમસ્યાઓ અંગે રજૂઆત કરવા ગયેલા વિદ્યાર્થીઓને કેટલાક પ્રોફેસરો દ્વારા ફોન પર તેમજ પોતાની કેબિનમાં બોલાવીને એડમિશન રદ કરવાની અને પરીક્ષામાં નાપાસ કરવાની ધમકી આપવામાં આવતી હોવાનો ગંભીર આક્ષેપ પણ એબીવીપી દ્વારા કરવામાં આવ્યો છે.

આ તમામ પ્રશ્નોને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના જામનગર નગર મંત્રી રાજવીર ગઢવી દ્વારા આઈ.ટી.આઈ.ના પ્રિન્સિપાલને તા. ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. આવેદનપત્રમાં આગામી ત્રણ દિવસમાં તમામ સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ લાવવાની માગણી કરવામાં આવી છે. જો નિર્ધારિત સમયમર્યાદામાં પ્રશ્નો ઉકેલવામાં નહીં આવે તો વિદ્યાર્થી પરિષદ દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. આંદોલન કરવાની ફરજ પડશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોલેજ પ્રશાસનની રહેશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

જામનગરના સ્વદેશી મેળામાં આજે 'ભજન જૈમિંગ ઉત્સવ'માં ભજનોની રમઝટ બોલાવશે

જામનગર : જામનગર મહાનગરપાલિકા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા ગુજરાત શહેરી આજીવિકા મિશનના સંયુક્ત ઉપક્રમે શહેરના પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલા 'સ્વદેશી મેળા–શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬' અંતર્ગત આજે, તા. ૨૮ ઓક્ટોબરના રોજ 'ભજન જૈમિંગ ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૮:૩૦ કલાકે સાત રસ્તા સામે આવેલા પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ સંગીતમય કાર્યક્રમમાં જાણીતા ગાયક કલાકારો ભજનોની પ્રસ્તુતિ કરશે.

આ કાર્યક્રમમાં જાણીતા ગાયક જય પરમાર, રીના ગજ્જર અને રાજકોટના જયેશ દવે પોતાના સુમધુર ભજનો અને સંગીતની પ્રસ્તુતિથી શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કરશે. સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક ઉદ્યોગોને વેગ આપવાના હેતુથી યોજાયેલા મેળામાં નાગરિકો માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે.

આ પ્રસંગે જામનગરનાં મેયર મોનિકાબેન વ્યાસ, રાજ્યકક્ષાનાં મંત્રી રીવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્યો રાઘવજીભાઈ પટેલ અને દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનકુમાર મોનાણી, શાસક પક્ષના નેતા અમરભાઈ મોદી સહિતના પદાધિકારીઓ અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહેવાના છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા ભજન જૈમિંગ ઉત્સવમાં ધર્મપ્રેમી અને સંગીતપ્રેમી નાગરિકોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે સ્વદેશી મેળો આગામી તા. ૬ નવેમ્બર સુધી દરરોજ સવારે ૧૦થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લો રહેશે.

જામનગર સાયબર ફ્રોડનો ફરાર આરોપી પાનેલી બસ સ્ટેન્ડ પાસેથી ઝડપાયો

જામનગર : જામનગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સાયબર ફ્રોડના ગુનામાં ફરાર આરોપીને પેરોલ ફર્લો સ્કવોડ અને એલસીબી સ્ટાફે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના મોટી પાનેલી ગામનો આરોપી જશ સમીરભાઈ ભાલોડીયાને પાનેલી બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી લઈ આગળની કાર્યવાહી માટે જામનગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ-૨૦૦૦ની કલમ ૬૬(ડી) મુજબ ગુનો નોંધાયો હતો. આ ગુનામાં જશ સમીરભાઈ ભાલોડીયા ફરાર હતો. દરમિયાન પેરોલ ફર્લો સ્કવોડ અને એલસીબી સ્ટાફને મળેલી બાતમીના આધારે મોટી પાનેલીના બસ સ્ટેન્ડ નજીક તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યાંથી ફરાર આરોપી જશ સમીરભાઈ ભાલોડીયાને ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીને જામનગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

ધ્રોલમાં ૭૫ બેડની હોસ્પિટલનું લોકાર્પણ બાદ સ્ટાફના અભાવે સોભાના ગાંઠિયા સમાન : આપ



જામનગર : જામનગર જિલ્લાના ધોલ ટાઉનમાં કરોડોના ખર્ચે બનેલી ૭૫ બેડની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું લોકાર્પણ થયું પરંતુ ડોક્ટરો જ ન હોવાથી આ હોસ્પિટલ માત્ર શોભાના ગાંઠીયા જેવી હોવાનો આક્ષેપ આપના જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડ કર્યો છે.

ધ્રોલમાં તા.૨૪ ના શનિવારે જનતાની સુખાકારી માટે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું લોકાર્પણ યોજાયું હતું. જે અંગે આપના જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડ જણાવે છે કે, આ હોસ્પિટલની ઈમારત તો કરોડોના ખર્ચે ઉભી કરી દેવામાં આવી છે. પરંતુ ડોક્ટરોની અને સ્ટાફની ભરતી કરવામાં સરકારી તંત્ર સદંતર નિષ્ફળ રહ્યું છે. મોટાભાગની મહત્વની જગ્યાઓ ખાલી હોવાથી ધોલ તાલુકાના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને આજે પણ ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓથી વંચિત રહેવું પડશે. હોસ્પિટલમાં મોટાભાગનો સ્ટાફ ૧૧ મહિનાના કરાર અધારિત છે.

જે મોટાભાગે પ્રોલ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનો જ સ્ટાફ છે. અમુક ડોક્ટરોની નિમણુંક કામગીરીમાં ફેરકાર કરીને તેઓને ટ્રાન્સફર કરાયા છે.આ નવી હોસ્પિટલમાં હજી સર્જનની એક, બાળકોના ડોક્ટરની એક, સ્ત્રી રોગ નિષ્ણાંતની એક, મડિસીન ફિઝિશિયનની એક, મેડિકલ ઓફીસરોની ૩ અને નર્સિંગ સ્ટાફની ૨૦ થી વધુ જગ્યાઓ ખાલી છે.

જો હોસ્પિટલમાં નિષ્ણાંત ડોક્ટરો અને પુરતો નર્સિંગ સ્ટાફ જ ન હોય તો તો ભવ્ય બિલ્ડીંગનો ગામ લોકોને શું ફાયદો ? લોકોને જામનગર અથવા રાજકોટ સુધી ઈમર્જન્સી સારવાર માટે જવું પડશે. જો તાત્કાલિક ધોરણે આ નવી હોસ્પિટલની ખાલી જગ્યાઓ ભરવામાં નહીં આવે તો આપ દ્વારા આંદોલન કરવામાં આવશે. તેવી ચેતવણી આપના જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડ આપી છે.

જામવંથલી-અલિયાબાડા ડબલિંગ કામગીરીના કારણે વધુ કેટલીક ટ્રેનોના સંચાલન પર અસર

બે ટ્રેનોનું જામવંથલી સ્ટેશને સ્ટોપેજ અસ્થાયી ધોરણે રદ, અન્ય ચાર ટ્રેનો પ્રભાવિત

જામનગર : પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં જામવંથલી–અલિયાબાડા રેલવે સેક્શન પર ડબલિંગ કાર્ય અંતર્ગત જામવંથલી સ્ટેશન ખાતે ૩ નવેમ્બરના રોજ બપોરે ૧૫:૨૦ વાગ્યાથી સાંજે ૧૯:૫૦ વાગ્યા સુધી ૪ કલાક અને ૩૦ મિનિટનો રેલવે બ્લોક લેવામાં આવશે. આ કામગીરીના કારણે વધુ કેટલીક ટ્રેનોના સંચાલનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેમજ પ્લેટફોર્મની અનુપલબ્ધતાને લીધે બે ટ્રેનોનું જામવંથલી સ્ટેશને સ્ટોપેજ અસ્થાયી ધોરણે રદ રહેશે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર ૧૨૪૭૬ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા–હાપા એક્સપ્રેસર નવેમ્બરના રોજ શ્રી માતા વૈષ્ણોદેવી કટરાથી રવાના થનારી ટ્રેન નંબર ૧૨૪૭૬ને માર્ગમાં ૩ કલાક રેગ્યુલેટ (મોડી) કરવામાં આવશે. ટ્રેન નંબર ૨૨૯૪૦ બિલાસપુર–ઓખા સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨ નવેમ્બરના રોજ બિલાસપુરથી રવાના થનારી ટ્રેન નંબર ૨૨૯૪૦ ડાયવર્ટ કરેલા રૂટ પર ઓખા જશે. આ દરમિયાન આ ટ્રેન રાજકોટ, ભક્તિનગર, વાંસજાળિયા અને કાનાલૂસ થઈને દોડશે. પરિણામે, આ ટ્રેનનું હાપા અને જામનગર સ્ટેશને સ્ટોપેજ રહેશે નહીં.

ટ્રેન નંબર ૨૨૯૨૩ બાંદ્રા ટર્મિનસ–જામનગર હમસફર સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨ નવેમ્બરના રોજ બાંદ્રા ટર્મિનસથી રવાના થનારી ટ્રેન નંબર ૨૨૯૨૩ની મુસાફરી રાજકોટ સ્ટેશન પર જ સમાપ્ત કરવામાં આવશે. આ કારણોસર આ ટ્રેન રાજકોટ–જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૨૨૯૨૪ જામનગર–બાંદ્રા ટર્મિનસ હમસફર સુપરફાસ્ટ એક્સપ્રેસ ૩ નવેમ્બરના રોજ રવાના થનારી ટ્રેન નંબર ૨૨૯૨૪ જામનગરને બદલે રાજકોટ સ્ટેશનથી પોતાની મુસાફરી શરૂ કરશે. આ કારણોસર આ ટ્રેન જામનગર–રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ડબલિંગ કામગીરી દરમિયાન પ્લેટફોર્મ ઉપલબ્ધ ન હોવાને કારણે નીચે મુજબની ટ્રેનોનું જામવંથલી સ્ટેશન પર સ્ટોપેજ નિયત સમયગાળા માટે અસ્થાયી ધોરણે રદ કરવામાં આવ્યું છે: ટ્રેન નંબર ૨૨૯૪૫ મુંબઈ સેન્ટ્રલ–ઓખા સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨૮ ઓક્ટોબરથી ૩ નવેમ્બર, સુધી મુંબઈ સેન્ટ્રલથી રવાના થનારી ટ્રેન નંબર ૨૨૯૪૫નું જામવંથલી સ્ટેશને સ્ટોપેજ અસ્થાયી ધોરણે રદ રહેશે.

ટ્રેન નંબર ૨૨૯૪૬ ઓખા–મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨૯ ઓક્ટોબરથી ૪ નવેમ્બર, સુધી ઓખાથી રવાના થનારી ટ્રેન નંબર ૨૨૯૪૬નું જામવંથલી સ્ટેશને સ્ટોપેજ અસ્થાયી ધોરણે રદ રહેશે. રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોને અપીલ કરવામાં છે કે તેઓ મુસાફરી શરૂ કરતાં પહેલાં પોતાની સંબંધિત ટ્રેનની સ્થિતિ અને સંચાલન અંગેની તાજેતરની માહિતી મેળવી લેવી.

ભાણવડના રાણપરડા ગામે વાડી વિસ્તારમાં વિશાળકાય અજગરનું રેસ્ક્યૂ



ભાણવડ : ભાણવડના રાણપરડા ગામના વાડી વિસ્તારમાં એક વિશાળકાય અજગર જોવા મળતા સ્થાનિક લોકો દ્વારા તુરંત જ જાણીતા રેસ્ક્યુઅર અશોકભાઈ ભટ્ટને જાણ કરવામાં આવી હતી.

અશોકભાઈ અને તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે અજગરે શિયાળનો શિકાર કર્યો હોવાનું જણાયું હતું. સામાન્ય રીતે પકડવા દરમિયાન અજગર પોતાનો ખોરાક બહાર કાઢી નાખતો હોય છે, પરંતુ આ અબોલ જીવને તકલીફ ન પડે અને તેનો શિકાર સુરક્ષિત રહે તેવા માનવીય અભિગમ સાથે ટીમે ખૂબ જ સિફતપૂર્વક આ વિશાળકાય અજગરનું રેસ્ક્યુ કર્યું હતું. આ રેસ્ક્યુ ઓપરેશનમાં અશોકભાઈ ભટ્ટની સાથે ટીમના સોહિલ સહરવદિ, મેરામણ ભરવાડ, હરીશ વાઘેલા, વિજય ખૂંટી અને મિલન સક્રિયપણે જોડાયા હતા.

ફ્રોડના ગુનામાં ફરાર આરોપીને ઝડપી લેતી પેરોલ ફર્લો સ્કવોડ



જામનગર : જામનગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સાયબર ફ્રોડના ગુનામાં ફરાર આરોપીને પકડી પાડવામાં જામનગર પેરોલ ફર્લો સ્કવોડને સફળતા મળી છે. રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના મોટી પાનેલી ગામના જશ સમીરભાઈ ભાલોડિયા સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૮(૪), ૩૧૭(૨), ૬૧(૨) તથા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ ૬૬(ડી) હેઠળ ગુનો નોંધાયો હતો. દરમિયાન પેરોલ ફર્લો સ્કવોડના સ્ટાફને બાતમી મળતાં પાનેલી બસ સ્ટેન્ડ પાસે તપાસ હાથ ધરી હતી, જ્યાંથી ફરાર આરોપી મળી આવતાં તેને ઝડપી લેવામાં આવ્યો હતો. રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા જામનગર જિલ્લા પોલીસવડા ડો. રવિ મોહન સૈનીની સૂચના અને એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોડના ઈન્ચાર્જ પીએસઆઈ સી.એમ. કાંટેલિયા સહિતના સ્ટાફે આ કામગીરી કરી હતી. ઝડપાયેલા આરોપીને વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે જામનગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

જામનગર પંથકની અમુક ગ્રામપંચાયતના બોર્ડ ઉપર નકશા નહીં મુકાતા "જાડા" શંકાના ઘેરામાં

જામનગર : જામનગર-ખંભાળીયા અને બાયપાસ રોડના શહેર નજીકના ૧૦ ગામોને વિકાસ નકશામાં સમાવિષ્ટ કરવાની જાહેરાત જામનગર એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી (જાડા) એ આપી છે. પરંતુ નિયમ મુજબ જે તે ગ્રામ-પંચાયતોના નોટીસ બોર્ડ ઉપર ખેડુતોને ખબર પડે તે રીતે નકશા સાથેની વિગતો જાડાએ જાહેર નહીં કરીને શંકાસ્પદ વલણ અપનાવ્યું છે. ત્યારે જાડાની આવી નિતિ પાછળ ચોક્કસ દોરી સંચાર થઈ રહ્યો હોવાનું અને રાજકીય વગવાળા જમીન ધારકોને ફાયદો થાય તે રીતે લાઈન દોરી જઈ રહી હોવાની ગ્રામજનોમાં ફરિયાદ ઉઠી છે. એક ગામે વાંધા આપી દીધા છે, અન્ય ગામોમાં પણ વાંધા રજુ કરવા તૈયારી ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ જાડા દ્વારા ૨૦૪૭ના મુસદ્દારૂપ વિકાસ નકશાને પ્રસિધ્ધ કરીને તેમાં જામનગર તાલુકાના ૧૦ ગામોને સમાવી લીધા હોવાની જાહેરાત ગત તા. ૨૦ સપ્ટે.ના એટલે કે, ૩૮ દિવસો પહેલાં કરવામાં આવી હતી. જેમાં ૬૦ દિવસમાં વાંધા-સુચનો રજુ કરવા જણાવવામાં આવ્યું હતું. પરંતુ મોટાભાગના ગામોના ખેડુતોને સર્વે નંબર દીઠ ખબર નથી કે કોની કેટલી જમીન કપાતમાં જાય તેમ છે. કારણ કે, જે તે અસર પામે છે, તેવા ગામોની ગ્રામ પંચાયતોના નોટીસ બોર્ડ ઉપર વિગતો મુકાઈ જ નથી. તેમ ગ્રામજનો જણાવે છે. જામનગર એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટીએ સાત રસ્તા નજીક આવેલી તેની કચેરીમાં ખંભાળીયા, દોઢીયા, બાલંભડી, ચાંપાબેરાજા, વાવ બેરાજા, ગાડુકા એમ દસ ગામોનો પોતાનામાં સમાવેશ કરી લીધો છે. ગ્રામજનોમાં ચર્ચાતી વિગતો હાલ ખંભાળીયા રોડ ઉપર રોડ ટચ જમીનના વિઘાના રૂ.૧.૫ કરોડનો ભાવ ચાલે છે, અંદરના ભાગની જમીનોના ભાવ પણ સ્થિતિ મુજબ રૂ.૧ કરોડના વિઘા સુધીના છે ત્યારે જાડાના જાહેરનામાથી ખળભળાટ મચી ગયો છે. એક બે ગામેથી ૧૦ થી વધુ વાંધા મુકાયા છે. અન્ય ગામો આગામી દિવસોમાં વાંધા રજૂ કરે તેવી શકયતા જણાઈ રહી છે.

જામ્યુકો દ્વારા સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા પ્રદર્શન મેદાનમાં ફેસ્ટિવલનો પ્રારંભ







તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા વોકલ ફોર લોકલ એટલે કે, શહેર જિલ્લાના સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા માટે પ્રદર્શન મેદાન ખાતે દીવાળીને અનુલક્ષીને સ્વદેશી શોપિંગ ફેસ્ટિવલ-૨૦૨૬ તા.૨૬ ની રાત્રીથી શરુ કરવામાં આવ્યો છે. જે તા.૬ નવેમ્બર (ધનતેરસ) સુધી સવારે ૧૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રહેશે.

જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ દ્વારા કોર્પોરેશનના શોપિંગ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જે વેળાએ તેઓએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ સંકલ્પને સાકાર કરવામાં આ સ્વદેશી મેળો એક મહત્વપુર્ણ માધ્યમ છે. આવા આયોજનોથી સ્થાનિક કારીગરો, નાના વેપારીઓ, મહિલા સ્વ-સહાય જુથોને યોગ્ય પ્લેટફોર્મ અને પોત્સાહન મળે છે. જેનાથી તેઓને આત્મનિર્ભર બનવાની તક પુરી પાડે છે. આ સાથે સાથે નગરજનોને ખરીદી ઉપરાંત સ્થળ ઉપર મનોરંજન પુરું પાડવાના હેતુથી મેળા દરમિયાન રાતના સમયે વિવિધ આર્ષક સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા છે. જામનગરના તેમજ આસપાસના ગામોના નાગરિકો આ મેળાની સુવિધાનો લાભ લે અને ધંધાર્થીઓને પ્રોત્સાહિત કરે તેવો આ તકે અનુરોધ કર્યો હતો.

આ શોપિંગ ફેસ્ટિવલના ઉદ્ઘાટન વેળાએ ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ડે. મેયર રાકેશભાઈ ડેર, ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શહેર ભાજપા પ્રમુખ બીનાબેન કોઠારી તેમજ મ્યુ. કમિશનર દીપેશ કેડિઆ અને કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર અને મોટી ખાવડીમાં જુગાર રમતા સાત શખ્સ ઝડપાયા

ચાર શખ્સ ભાગવામાં સફળ થતા ઝડપી લેવા પોલીસ દ્વારા શોધખોળ

જામનગર : જામનગર શહેરમાં કાટછાપ નામનો જુગાર રમતા પાંચ શખ્સને તેમજ મોટી ખાવડી ખાતે વરલીનો જુગાર રમતા બે શખ્સને દરોડા દરમિયાન સ્થાનિક પોલીસે ઝડપી લઈ બન્ને દરોડામાં કુલમળી રૂ. ૨૭ હજારની રોકડ રકમ કબ્જે કરી હતી જ્યારે ચાર શખ્સ ભાગવામાં સફળ થતા તેઓને ઝડપી લેવા પોલીસે તપાસ આદરી છે.

મળતી માહિતી પ્રમાણે જામનગર શહેરમાં શંકરટેકરી વિસ્તારમાં સુભાષપરા શેરી નં. ૨ ખાતે જાહેરમાં રૂપિયાનો સિક્કો ઉછાળી કાટછાપ નામનો જુગાર રમતા યુનુસ ઈબ્રાહીમભાઈ ખીરા, મોસીન લતીફભાઈ સુમરા, હાજી સિદ્દીકભાઈ ખફી, દિનેશ મેરામભાઈ ધામેચા, વિપુલ કાંતિભાઈ નંદા નામના પાંચ શખ્સને દરોડા દરમિયાન સિટી સી ડિવિઝન પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૬૩૮૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી જ્યારે રહીમ ઈબ્રાહીમભાઈ ખીરા, સંદીપ વાઘેલા અને અનવર તથા અલીયો મકરાણી નામના ૪ શખ્સ નાશી જતા શોધખોળ હાથ ધરી છે.

ઉપરાંત જામનગરના મોટી ખાવડી ગામે જાહેરમાં વરલી મટકાનો જુગાર રમતા ભરતસિંહ કાથળજી ચુડાસમાને રૂ. ૧૮૦ ની રોકડ સાથે તેમજ ધીરુભાઈ રણમલભાઈ રૂડાચને રૂ. ૩૮૦ ની રોકડ રકમ સાથે મેઘપર પડાણા પોલીસે પકડી પાડ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

સ્વચ્છ અને સ્વદેશી બળતણની દિશામાં ઈ૧૦૦નું પગલું

પરિવહન ક્ષેત્ર દેશના વિકાસનું મહત્વનું સાધન છે, પરંતુ તે જ ક્ષેત્ર આયાત કરેલા તેલ પર સૌથી વધુ નિર્ભર પણ છે. આ નિર્ભરતા ઘટાડવા માટે કેન્દ્ર સરકારે મોટર વાહન નિયમોમાં મહત્વનો સુધારો કર્યો છે. હવે ઈ૧૦૦ એટલે કે લગભગ સો ટકા ઇથેનોલ પર ચાલતા ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને કાનૂની માન્યતા મળી છે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે ઈંટપ સાથે ઈ૧૦૦ને ઉત્સર્જન પ્રમાણના જોગવાઈઓમાં ઉમેર્યું છે, જેથી કંપનીઓ આવા વાહનો વિકસાવી અને બજારમાં લાવી શકે.આ નિર્ણયનું મુખ્ય લક્ષ્ય પેટ્રોલ અને ડીઝલનો વપરાશ ઘટાડવાનું છે. ઇથેનોલ ખેતી આધારિત બળતણ છે. શેરડીના રસ, અનાજ, મકાઈ, ચોખાના ડંઠલ અને અન્ય કૃષિ અવશેષોમાંથી તે તૈયાર થાય છે. તેને પેટ્રોલમાં મિશ્રિત કરવાથી પેટ્રોલની જરૂરિયાત ઘટે છે. જ્યારે વાહન સંપૂર્ણ ઇથેનોલ પર ચાલે, ત્યારે પેટ્રોલની જરૂરિયાત લગભગ સમાપ્ત થાય છે. આમ ઇથેનોલ દેશને તેલ આયાતથી થતા ભારે ખર્ચથી બચાવવાનો અસરકારક માર્ગ બને છે.આ પગલાને સકારાત્મક દૃષ્ટિએ જોઈએ તો તે માત્ર બળતણ નીતિ નથી, પરંતુ ગ્રામીણ વિકાસની નીતિ પણ છે. ઇથેનોલ ઉત્પાદન માટે ખેડૂતોની ઉપજની જરૂર રહેશે. તેનાથી ખેડૂતોને તેમના પાક માટે સ્થિર બજાર મળશે. શેરડી, મકાઈ અને અન્ય પાકોના ઉત્પાદનને નવી દિશા મળશે. ડિસ્ટિલરીઓ, ટ્રાન્સપોર્ટ, સ્ટોરેજ અને બળતણ વિતરણમાં રોજગારીની નવી તકો ઊભી થશે. આમ શહેરની વાહન જરૂરિયાત અને ગામડાની કૃષિ ઉપજ વચ્ચે સીધો સંબંધ સર્જાશે.ઇથેનોલનો ઉપયોગ કેવી રીતે થાય છે તે સમજવું સરળ છે. પેટ્રોલ એક જીવાણુ બળતણ છે, જે અંદરની બળતણ એન્જિનમાં દહન પામીને ઊર્જા આપે છે. ઇથેનોલ પણ આ જ રીતે દહન પામે છે, પરંતુ તેનું રાસાયણિક બંધારણ અલગ છે. તેમાં ઓક્સિજન વધુ હોવાથી દહન વખતે કેટલાક પ્રદૂષકો ઘટી શકે છે. તેનું ઓક્ટેન રેટિંગ પણ વધુ છે, જેના કારણે એન્જિનમાં નોકિંગ ઘટે છે અને એન્જિન વધુ સરળતાથી ચાલે છે. આ કારણે ઇથેનોલ પેટ્રોલનો સારો વિકલ્પ બની શકે છે.

પરંતુ ઈ૧૦૦ ને સામાન્ય વાહનમાં ભરી શકાય તેમ નથી. હાલના ઈ૨૦ વાહનો માટે બીસ ટકા ઇથેનોલ સુધીનું મિશ્રણ યોગ્ય છે. ઈ૧૦૦ માટે વાહનની સમગ્ર ફ્યુઅલ સિસ્ટમ અલગ હોવી જરૂરી છે. ઇથેનોલ પાણી ખેંચે છે અને કેટલાક ધાતુ તથા રબરના ભાગો પર અસર કરી શકે છે. તેથી ફ્યુઅલ ટાંકી, પાઇપ, સીલ, પંપ અને ઇન્જેક્ટર ઇથેનોલને અનુકૂળ બનાવવા પડે છે. ફ્લેક્સ-ફ્યુઅલ વાહનમાં આ તમામ ભાગો ખાસ રીતે ડિઝાઇન કરવામાં આવે છે. સરકારે પણ સ્પષ્ટ કર્યું છે કે ઈંટપ કે ઈ૧૦૦ ફક્ત નિર્માતા દ્વારા ડિઝાઇન કરેલા ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોમાં જ વાપરવાના છે.ફ્લેક્સ-ફ્યુઅલ વાહનની સૌથી મોટી ખાસિયત એ છે કે તે એક જ સાથે અનેક બળતણ મિશ્રણ ચલાવી શકે છે. તેમાં બળતણનું મિશ્રણ ઓળખતા સેન્સર હોય છે. એન્જિન કંટ્રોલ સિસ્ટમ બળતણની માત્રા મુજબ ઇગ્નેશન અને દહનનું સમય ગોઠવે છે. આમ ચાલકને પેટ્રોલ કે ઇથેનોલ વચ્ચે કોઈ તકનીકી મુશ્કેલી વગર વિકલ્પ મળે છે. આ સુવિધા ખાસ કરીને ત્યારે ઉપયોગી છે જ્યારે ઈ૧૦૦ હજી બધે ઉપલબ્ધ ન હોય.માઇલેજની બાબતમાં વાસ્તવિકતા સમજવી જરૂરી છે. ઇથેનોલમાં પેટ્રોલની તુલનામાં ઊર્જા આશરે ત્રીસ ટકા ઓછી હોય છે. તેથી સમાન અંતર માટે વધુ બળતણ જરૂરી બની શકે છે અને માઇલેજ ઘટી શકે છે. પરંતુ ઇથેનોલ સામાન્ય રીતે પેટ્રોલ કરતાં સસ્તું હોઈ શકે છે. તેથી બળતણનો ખર્ચ કેટલો થશે તે માઇલેજ અને બળતણના ભાવ બંને પર આધારિત રહેશે.

આથમતા અજવાળે સજીવ સૃષ્ટિની સંગત



ક્લિક કોર્નર

-જયદીપ એન. ઠાકર

ભાવનગર માટે સંધ્યા સમયે શાંતિ અને સૌંદર્યનું સમન્વયસ્થળ એટલે બોરતળાવ. આ સ્થળે સૂરજને ક્ષિતિજના ખોળામાં ધીમે ધીમે વિસામો લેતો જોવો એ પણ એક લ્હાવો છે. સંધ્યાના શાંત સૌંદર્યમાં ઓગળતા આ રંગો સાથે અનંત અંતરિયાળ પ્રવાસની આશા સાથે ઉડતું પક્ષી અને નિરાંતે પોઢેલા બે શ્વાનની સજીવ સૃષ્ટિનું સાક્ષીત્વ દ્રશ્યને શાંત વાતાવરણની સંગત પૂરી પાડે છે. દૂર વૃક્ષોની હારમાળા, પવન સાથે ઝૂમતાં નાળિયેરીનાં વૃક્ષો અને વસાહતની ધૂંધળી આકૃતિઓ સંધ્યાના સૌંદર્યમાં એક અલગ જ માધુર્ય ઉમેરે છે.

તિજોરીની ચાવી

ઉનાળાનાં તડકામાંથી થાકીને આવેલા કુશળદાસ શેઠ બાથરૂમમાં ગયા. નળ શરૂ કરી પગ પલાળ્યા. સારું લાગ્યું. પગને ઠંડક લાગી. નળ ચાલુ રાખ્યો. આમ ને આમ નળ ચાલુ રહ્યો ને એને ખ્યાલ જ ન રહ્યો ને ટાંકી ખાલી થઇ ગઈ. એ ડ્રોઈંગરૂમમાં આવ્યા. અચાનક ડ્રોઈંગરૂમના ટેબલ પર બીલ પર નજર પડી. કાલની તારીખનું હતું. પરિવાર ફાઈવ સ્ટાર હોટેલમાં જમવા ગયેલો અને એક ૨૫ હજાર રૂપિયાનું બીલ હતું. શેઠને થયું આમ ને આમ તો પાણીની જેમ રૂપિયા પણ પુરા થઈ જશે. આજકાલ ચારે દીકરાઓ કમાવા કરતા ખર્ચમાં ધ્યાન વધુ આપતા હતા. એની પાસે તિજોરીમાં સોનામહોરો હતી, એની ચાવી કોને આપું તો સંકટ સમયે કામ લાગે, એ વિચારવા લાગ્યા.

શેઠને ચાર દીકરા છે. પત્નીની હાજરીમાં બધાને ઠેકાણે પણ પાડી દીધા. ચારેય શેઠની પેઢીમાં કામ કરે. વહુઓને રસોડા જુદા કરી દીધા એટલે બધા શાંતિથી રહે પણ ધંધો મજિયારો એટલે શેઠ જ બધો હિસાબ રાખતા. પહેલા શેઠાણી હતાં તો એ બધું સરસ સાંભળતાં. હવે દીકરા કરતા વહુના હાથમાં જ વ્યવહાર હતો. વિચારમાં જ રાત ક્યારે થઇ ગઈ ખબર ન રહી. રસોયાએ પૂછયું કે શેઠ શું જમવાનું બનાવું ત્યારે સમયનું ભાન થયું. બીજા દિવસે રસોયાને બે દિવસની રાજા આપી દીધી. અને પોતાના પ્લાન મુજબ ચારેય દીકરાના ઘરે જમવા જઈ વહુઓની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. મોટી વહુને બોલાવી કીધું કે 'વહુ બેટા આજે બપોરે હું તમારા ઘરે જમવા આવીશ.'વહુ એ કહ્યું કે 'એમાં શું થયું બાપુજી જે જમવું હોય એ બોલો બધું બની જશે.' શેઠ જમવા ગયા ત્યાં મોટી વહુએ સોનાના બાજોટ મોતીનો વિઝણો ને ચાંદીની થાળીમાં ભાત ભાતના ભોજન પીરસી રાખ્યાં. શેઠ જમ્યા ત્યાં સુધી એક ખાસ નોકરાણીએ વિઝણો શરૂ જ રાખ્યો. જમીને ઢોલિયે આડા પડતા પહેલા શેઠે વહુને એક સવાલ પૂછયો 'તને કઈ ઋતુ ગમે?' વહુએ કહ્યું 'વર્ષા ઋતુ ગમે, કારણ કે ત્યારે ઘરમાં જ બેસી રહેવાનું કઈ કામ જ નહી કરવાનું મજા આવે' શેઠ સમજી ગયા કે વહુ આળસુ છે. સાંજે બીજા દીકરાની વહુને ત્યાં જમવા ગયા. એને પણ મોટી વહુની જેમ બધું સરસ જમવાનું પીરસ્યું. શેઠે જમીને બીજી વહુને એ જ સવાલ પૂછયો. તેણે કહ્યું 'મને શિયાળો ગમે કારણકે જુદા જુદા શાકભાજી મળે, પોતે ખાવાની શોખીન ને તંદુરસ્ત શરીર એટલે શિયાળો ગમે.' શેઠ સમજી ગયા કે આને ખાવા પીવામાં જ રસ છે. આમ બીજા દિવસે ત્રીજી વહુને ઘરે ગયા એણે પણ આગતા સ્વાગતતા સારી કરી. શેઠે જમ્યા બાદ એ જ સવાલ પૂછયો તો વહુએ કહ્યું 'ઉનાળો' ઉનાળો ગમવાના કારણો પણ કહ્યા.છેલ્લે સાંજનું વાળું કરવા શેઠ નાની વહુના ઘરે ગયા. ઘર તો ચારેયના શેઠે સરખાં જ બનાવી આપેલા પણ એમાં બધી વહુઓએ પોતાનો કરિયાવર ગોઠવ્યો હતો.

સુઝબુઝથી સજાવો તમારા સપનાના ઘરને

વિશેષ

રંગીન પડદા, કુશન્સ, ફૂલોની ગોઠવણી અને કાર્પેટ દ્વારા ઘરને 'વાઈબ્રન્ટ લુક' આપી શકાય છે

પ્રત્યેક ગૃહિણી પોતાના સપના અનુસાર ઘરને સજાવવાનો પ્રયાસ કરતી હોય છે. બધાનું ઘર વિશાળ હોય કે ઘરને લેટેસ્ટ ટ્રેન્ડ અનુસાર સજાવવા માટે પૂરતી નાણાકીય સગવડ હોય એવું જરૂરી નથી. આમ છતાં ગૃહિણી પોતાની આવડત અને સુઝના આધારે ઘરને સુંદર બનાવવા મથતી જ હોય છે. જો કે આ પ્રક્રિયા દરમિયાન તેમને જાતજાતની મુંઝવણોનો સામનો કરવો પડે છે. જેમ કે હોમ ડેકોરમાં યોગ્ય કલર કોમ્બિનેશન કોને કહેવાય? આ કોમ્બિનેશન એવું હોવું જોઈએ જે લેટેસ્ટ હોવા સાથે સુરુચિપૂર્ણ દેખાય. વાસ્તવમાં ગૃહ સુશોભનમાં રંગોનું કોમ્બિનેશન મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઘણી હરખપદૂડી માનુનીઓ ભારે ડેકોર અને ફર્નીચરની સાથે ઘેરા રંગનું કોમ્બિનેશન કરવાની ભૂલ કરી બેસે છે. આનાથી કોઈપણ બાબતની યોગ્ય રજૂઆત થતી નથી. જો તમે દીવાલ માટે ઘેરા રંગને પસંદ કરો તો હળવું ફર્નીચર રાખવું. વળી એક જ રંગના અલગ અલગ શેડનો ઉપયોગ ન કરવો. ક્રીમ, બેઝ અને બ્રાઉન જેવા રંગો બધા પ્રકારના ડેકોરમાં સરસ દેખાય છે અને તેનાથી ગૃહ સજ્જામાં સંતુલન જળવાઈ રહે છે. આ ઉપરાંત ફ્યુશિયા પિંક, ટર્કોઈઝ બ્લુ જેવા વાઈબ્રન્ટ રંગોનો ટ્રેન્ડ પણ હાલમાં છે. આ રંગોનો યોગ્ય કોમ્બિનેશન સાથે ઉપયોગ કરી શકાય છે. જો ઓરડાની છત નીચી હોય તો તેને દીવાલોના રંગ કરતાં વધુ ઘેરા રંગથી રંગવી નહીં. ઊલ્ટું છતમાં હળવો રંગ લગાડી તેને ઊંચી દેખાડવાનો પ્રયાસ કરવો. તે જ પ્રમાણે ફરસ નાની હોય તો દીવાલો પર ઘેરો રંગ કરવાની ભૂલ ન કરવી. જો દીવાલો પર હળવો રંગ કરાવો તો કુશન્સ, કાર્પેટ, લેમ્પ વગેરે ઘેરા રંગના રાખવા.



નાના ઘરની દીવાલોને સફેદ રંગે રંગવાથી તે મોકળાશવાળી દેખાય છે. પરંતુ ઘરમાં નાના બાળકો હોય તો સફેદ રંગે રંગેલી દીવાલ જલ્દી ગંદી થઈ જવાની ભીતિ રહે છે. અને વારંવાર રંગ કરાવવો સહુને ન પરવડે તે સમજી શકવા જેવી વાત છે. એક અગ્રણી ઈન્ટિરિયર ડિઝાઈનરે કહ્યું હતું કે, આજકાલ ઓછી જગ્યા હોવાને કારણે મોટે ભાગે દીવાલો પર પેસ્ટલ રંગ જ કરાવવામાં આવે છે. આવા રંગ પર લાગેલા ડાઘ અને ગંદકીને સાફ કરવા બજારનાં ઘણા વિકલ્પ ઉપલબ્ધ છે. શક્ય હોય તો પીઓપી કરાવ્યા બાદ પ્લાસ્ટિક્સ પેન્ટ કરાવવો. પ્લાસ્ટિક પેન્ટ કરાવવાથી દીવાલો પર લાગતાં ડાઘને સહેલાઈથી સાફ કરી શકાશે.

જો કે વ્હાઈટ કે ઓફ વ્હાઈટ રંગની દીવાલો દેખાવમાં એકદમ સારી લાગે છે. પણ બર્થ-ડે પાર્ટી કે ફેમિલી ગેટ-ટુગેધર વખતે ઘરને કલરફૂલ દેખાવ આપવા શું કરવું તેની મુંઝવણ ઘણી મહિલાઓ અનુભવતી હોય છે. અહીં મહત્ત્વની વાત એ યાદ રાખવાની છે કે વ્હાઈટ અને ઓફ વ્હાઈટ શેડની સાથે કોઈ પણ કલરસ્કીમ મેચ થઈ શકે છે. સાદી દીવાલોને વાઈબ્રન્ટ લુક આપવા માટે રંગીન વૉલ એસેસસરીઝનો ઉપયોગ કરી શકાય છે. આ ઉપરાંત રંગીન પડદાં, કુશન્સ, ફ્લાવર અરેન્જમેન્ટ, કાર્પેટ દ્વારા પણ ઘરને વાઈબ્રન્ટ લુક આપી શકાય છે તે ભૂલવું જોઈએ નહિ.

કોઈ ખાસ પ્રસંગે વધુ ખર્ચ કર્યા વગર ઘરને નવો દેખાવ આપવાનો ઉપાય પણ છે. આ માટે રૂમના કુશન, પડદાં, ટેબલ લેમ્પ, ફ્લાવર વાસ, સેન્ટર ટેબલ, સોફા વગેરેના કલર કોમ્બિનેશન માટે બે રંગોનો ઉપયોગ કરવો. આ કોમ્બિનેશન માટે રેડ- ઓફ વ્હાઈટ, ગ્રે-પર્પલ, ટર્કોઈઝ-લાઈમ ગ્રીન જેવા આકર્ષક શેડ્સનો ઉપયોગ કરી શકાય. પ્રિન્ટ અને ડિઝાઈન દ્વારા થોડું વધુ આકર્ષણ પણ ઉમેરી શકાય છે.નાનું ઘર ધરાવતી માનુનીઓએ યાદ રાખવું કે નાના બેડરૂમમાં રોટ આયર્નનો પલંગ જ સારો દેખાય. આ પલંગ જગ્યા ઓછી રોકવા સાથે સમકાલીન દેખાવ પણ આપશે. લાકડાના પલંગ કરતાં તે ઓછી કિંમતે મળે છે. અને તેમાં રંગ અને સ્ટાઈલની વૈવિધ્યતા હોય છે. જો બજેટ થોડું વધારે હોય તો સોફા-કમ-બેડ પણ લઈ શકાય. આનાથી બેડરૂમ વધુ મોકળાશવાળો દેખાશે.ઘર માટે યોગ્ય ફર્નીચર ખરીદવા માટે ઈન્ટિરિયર ડિઝાઈનરનો અભિપ્રાય લેવો. જો આ માટે પૈસા ન ખર્ચવા હોય તો પણ આ કામ મુશ્કેલ નથી. તમે ઈન્ટિરિયર કે ફર્નિશિંગના શો રૂમમાં લગાડેલા ડિસ્પ્લેના કોન્સેપ્ટમાંથી આઈડિયા લઈ શકો છો. આ આઈડિયા પરથી બજેટ, પસંદગી અને જરૂરિયાતને આધારે ફર્નીચરની ખરીદી કરી શકાય.

એઆઇ આધારિત હાઇડ્રોપોનિક કન્ટેનર ફાર્મિંગ

આસપાસ યોપાસ

સુરેશ ભટ્ટ

આજના સમયમાં ખેતી માત્ર ખેતર પૂરતી સીમિત રહી નથી. હવે કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી માટી વગર પણ શાકભાજી ઉગાડી શકાય છે.

વિજ્ઞાન અને ટેક્નોલોજી ના વિકાસની સાથે ખેતીમાં ક્રાંતિકારી પરિવર્તનો થઈ રહ્યા છે.આ નવી પદ્ધતિમાં સેન્સર અને ઓટોમેશન સિસ્ટમ સતત વાતાવરણનું નિરીક્ષણ કરે છે. છોડને કેટલો પ્રકાશ જોઈએ છે, હવામાં કેટલો ભેજ હોવો જોઈએ, પાણીનું તાપમાન શું હોવું જોઈએ, આ બધું AI નક્કી કરે છે અને આપોઆપ નિયંત્રિત કરે છે. પરંપરાગત ખેતીમાં ખેડૂતને વરસાદ, તડકા કે ઠંડી પર આધાર રાખવો પડે છે. પરંતુ આ ટેકનોલોજીમાં હવામાનની ચિંતા લગભગ ખતમ થઈ જાય છે. છોડ માટીમાં નહીં પરંતુ પોષક તત્વો ધરાવતા પાણીમાં ઉગે છે. પાણી સતત ફરતું રહે છે અને છોડના મૂળ સુધી પોષણ પહોંચે છે. આ પદ્ધતિથી પાણીનો બગાડ અટકે છે. દાવા મુજબ પરંપરાગત ખેતી કરતા પંચાણું ટકા સુધી પાણીની બચત થાય છે. સૌથી ખાસ વાત એ છે કે આખી ખેતી એક બંધ કન્ટેનરમાં થાય છે. મેંગલોરના બે એન્જિનિયર કેલ્વિન અરણ્ણા અને ફારિશ અનફલે આ વિચારને હકીકતમાં ફેરવ્યો છે. તેમણે Krop AI નામની કંપની શરૂ કરી છે. તેમણે ઉડુપીમાં સ્ટ્રોબેરી માટે એક ટ્રાયલ ફાર્મ બનાવ્યું છે. તેમના હોરાઈઝન મોડલમાં સ્ટ્રોબેરી અને ફીલ્ડ મોડલમાં પાંત્રીસથી વધુ પ્રકારના શાકભાજી, ઔષધિઓ અને ખાદ્ય ફૂલો ઉગાડી શકાય છે. આ મોડલ શહેરની વચ્ચે પણ ખેતી શક્ય બનાવે છે.

હાઈડ્રોપોનિક શું છે તે સમજવું ખૂબ જરૂરી છે. હાઈડ્રોપોનિક શબ્દ બે ગ્રીક શબ્દોમાંથી બન્યો છે. હાઈડ્રો એટલે પાણી અને પોનોસ એટલે શ્રમ. એટલે કે પાણીમાં શ્રમ કરીને ખેતી કરવી. આ પદ્ધતિમાં માટીનો ઉપયોગ બિલકુલ થતો નથી. માટીનું કામ માત્ર છોડને ટેકો આપવાનું અને પોષક તત્વો આપવાનું છે. જો આ બંને કામ પાણી દ્વારા થઈ શકે તો માટીની જરૂર રહેતી નથી. હાઈડ્રોપોનિક્સમાં પાણીમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ, કેલ્શિયમ અને અન્ય સૂક્ષ્મ પોષક તત્વો ભેળવવામાં આવે છે. આ દ્રાવણને ન્યુટ્રિઅન્ટ સોલ્યુશન કહેવામાં આવે છે. છોડના મૂળ આ સોલ્યુશનમાં ડૂબેલા રહે છે અથવા તેના સંપર્કમાં રહે છે. મૂળ સીધા જ પોષણ મેળવે છે તેથી છોડ ઝડપથી વિકસે છે. પરંપરાગત ખેતીમાં છોડને પોષણ શોધવા માટે મૂળને માટીમાં ફેલાવવા પડે છે. તેમાં સમય અને શક્તિ બંને વેડફાય છે. હાઈડ્રોપોનિક્સમાં આ શક્તિ બચે છે. તેથી ઉત્પાદન ત્રીસથી પચાસ ટકા વધુ મળે છે. આ પદ્ધતિના અનેક પ્રકારો છે. જેમ કે ડીપ વોટર કલ્ચર, ન્યુટ્રિઅન્ટ ફિલ્મ ટેકનિક, એરોપોનિક્સ અને ડ્રિપ સિસ્ટમ. ડીપ વોટર કલ્ચરમાં છોડ પાણી પર તરતા પાટિયા પર ઉગે છે. ન્યુટ્રિઅન્ટ ફિલ્મ ટેકનિકમાં પાણીની પાતળી ફિલ્મ સતત વહે છે. એરોપોનિક્સમાં મૂળ હવામાં લટકતા રહે છે અને તેના પર પોષક તત્વોનો છંટકાવ થાય છે. આ બધી પદ્ધતિઓનો ઉદ્દેશ્ય એક જ છે. પાણી અને પોષણનો સીધો ઉપયોગ. હાઈડ્રોપોનિક્સથી જંતુનાશકોનો ઉપયોગ ઘણો ઓછો થઈ જાય છે. માટીમાંથી આવતા રોગો લાગતા નથી. તેથી ઉત્પાદન વધુ સ્વચ્છ અને આરોગ્યપ્રદ હોય છે. ઓછી જગ્યામાં વધુ ઉત્પાદન મળે છે. વર્ટિકલ ફાર્મિંગ સાથે તેને જોડી શકાય છે. છત પર, બાલ્કનીમાં કે નાની જગ્યામાં પણ ખેતી થઈ શકે છે. આ પદ્ધતિ ભવિષ્યની ખેતી માટે આશાનું કિરણ છે. ખાસ કરીને જ્યાં પાણીની અછત છે અને જમીન બિનફળદ્રુપ છે ત્યાં તે વરદાન સાબિત થઈ શકે છે.

આ ખેતી કન્ટેનરમાં થાય છે. આવા લાખો કન્ટેનર જ્યારે નિરૂપીયોગી બને ત્યારે તેનો સર્વોત્તમ ઉપયોગ ખેતી માટે થઈ શકે છે. આજે ભાવનગર કન્ટેનર ઉત્પાદનનું હબ બની ચૂક્યું છે ત્યારે ખેતી માટે જરૂરિયાત મુજબના નવા એગ્રીક્લચલ કન્ટેનરનું ઉત્પાદન ભાવનગરમા થી શકે.હવે વાત કરીએ કન્ટેનર એટલે શું અને તેનો ઉપયોગ આ પ્રકારની ખેતીમાં કેવી રીતે થાય છે. કન્ટેનર એટલે મોટા લોખંડના બોક્સ જેનો ઉપયોગ સામાનને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે થાય છે. સામાન્ય રીતે તે વીસ કે ચાલીસ ફૂટ લાંબા હોય છે. તે ખૂબ જ મજબૂત હોય છે. વરસાદ, તડકો અને પવન સામે ટકી શકે છે. હવે આ જ કન્ટેનરને ખેતીલાયક લેબોરેટરીમાં ફેરવવામાં આવી રહ્યું છે. તેને કન્ટેનર ફાર્મ કહેવામાં આવે છે. અંદરની બાજુએ સંપૂર્ણપણે ઈન્સ્યુલેશન કરવામાં આવે છે. દિવાલો પર LED લાઇટ લગાવવામાં આવે છે. આ લાઇટ સૂર્યપ્રકાશનું કામ કરે છે. છોડને કયા રંગના પ્રકાશની કેટલી જરૂર છે તે AI નક્કી કરે છે. લાલ અને વાદળી પ્રકાશનું પ્રમાણ બદલીને વૃદ્ધિને નિયંત્રિત કરી શકાય છે. અંદર તાપમાન અને ભેજને નિયંત્રિત કરવા માટે એર કન્ડિશનર, હ્યુમિડિફાયર અને સેન્સર લગાવવામાં આવે છે. હાઈડ્રોપોનિક સિસ્ટમની પાઈપલાઈન અને ટાંકીઓ ગોઠવવામાં આવે છે. પાણીના pH અને EC ની સતત તપાસ થાય છે. બધું જ એક સોફ્ટવેરથી ચાલે છે. ખેડૂત મોબાઈલ ફોનથી પણ આખા ફાર્મને જોઈ શકે છે.



Krop AI નું મોડલ આ જ સિદ્ધાંત પર કામ કરે છે. અંદાજે પાંચ લાખ રૂપિયાના એક કન્ટેનરમાં લગભગ પાંચસો લેટીસના છોડ ઉગાડી શકાય છે. જો વર્ટિકલ રેક બનાવવામાં આવે તો આ સંખ્યા બે હજારથી ત્રણ હજાર સુધી પહોંચી શકે છે. પાણી એક બંધ લૂપમાં ફરે છે. છોડ જે પાણી વાપરતા નથી તે પાછું ટાંકીમાં આવે છે. તેને ફિલ્ટર કરીને ફરીથી વાપરવામાં આવે છે. તેથી જ પંચાણું ટકા પાણીની બચત થાય છે. બહારનું હવામાન ગમે તે હોય, અંદરનું હવામાન હંમેશા અનુકૂળ રહે છે. તેથી વર્ષમાં બારેય મહિના ખેતી કરી શકાય છે. ઉડુપીમાં બનાવેલું સ્ટ્રોબેરીનું ટ્રાયલ ફાર્મ આનો પુરાવો છે. સ્ટ્રોબેરીને ઠંડા વાતાવરણની જરૂર પડે છે. દરિયાકાંઠાના ગરમ વિસ્તારમાં તે ઉગાડવી મુશ્કેલ છે. પરંતુ કન્ટેનરની અંદર ઠંડક બનાવીને તેને સફળતાપૂર્વક ઉગાડવામાં આવી છે. હોરાઈઝન મોડલ ખાસ કરીને બેરી અને નાજુક ફળો માટે ડિઝાઈન કરાયું છે. જ્યારે ફીલ્ડ મોડલમાં લેટીસ, પાલક, તુલસી, ફુદીનો, ટામેટા, મરચા અને ખાદ્ય ફૂલો જેવી પાંત્રીસથી વધુ જાતો ઉગાડી શકાય છે. આ ટેકનોલોજી શહેરી ખેતી, હોટલ, રેસ્ટોરન્ટ અને નિકાસ માટે ખૂબ ઉપયોગી છે. તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી ખસેડી શકાય છે. વીજળી અને ઈન્ટરનેટ હોય ત્યાં તે ચાલુ થઈ શકે છે. ભવિષ્યમાં આવા કન્ટેનર ફાર્મ દરેક શહેરમાં જોવા મળશે.

હેરી કેને ઈતિહાસ રચ્યો : ૨૫ વર્ષમાં બેલોન ડી'ઓર જીતનાર પ્રથમ અંગ્રેજી ફૂટબોલર બન્યો

નવીદિલ્હી,

હેરી કેને ફૂટબોલની દુનિયામાં એક સીમાચિહ્ન હાંસલ કર્યું છે જેની ઈંગ્લેન્ડ વર્ષોથી રાહ જોઈ રહ્યું હતું. ગયા સિઝનમાં, એક પછી એક ગોલ કરનાર કેને પ્રતિષ્ઠિત બેલોન ડી'ઓર જીત્યો હતો. તે ૨૫ વર્ષમાં આ એવોર્ડ જીતનાર પ્રથમ અંગ્રેજ ફૂટબોલર બન્યો છે. આ પહેલા, માઈકલ ઓવેને ૨૦૦૧ માં આ સિદ્ધિ મેળવી હતી.



કેને ગયા સિઝનમાં ક્લબ અને દેશ માટે કુલ ૭૩ ગોલ કર્યા હતા. તેમની શાનદાર ગોલ કરવાની ક્ષમતાએ તેમને યુરોપનો સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બનાવ્યા. તેમણે જર્મનીમાં અનેક ગોલ રેકોર્ડ તોડ્યા હતા, અને ફિફા વર્લ્ડ કપમાં તેમનું પ્રદર્શન પણ યાદગાર રહ્યું હતું. ઈંગ્લેન્ડનું નેતૃત્વ કરતાં, તેમણે ટીમના ત્રીજા સ્થાને પહોંચવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

૩૩ વર્ષીય કેનને બેલોન ડી'ઓર વોટિંગમાં ફ્રેન્ચ સ્ટાર કાયલિયન એમબાપ્પે, સ્પેનિશ યુવા સેન્સેશન લેમિન યમાલ, ૨૦૨૪ વિજેતા રોડ્રી અને આઠ વખતના વિજેતા લિયોનેલ મેસ્સી તરફથી સખત સ્પર્ધાનો સામનો કરવો પડ્યો. જોકે, કેને આખરે આ પ્રતિષ્ઠિત સન્માન જીતવા માટે તે બધાને પાછળ છોડી દીધા.

ક્લબ અને આંતરરાષ્ટ્રીય ફૂટબોલ બંનેમાં કેન માટે છેલ્લી સીઝન નોંધપાત્ર રહી. તેમણે બેયર્ન મ્યુનિકને બુન્ડેસલીગા અને જર્મન કપ ટાઈટલ જીતવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જર્મન કપ ફાઈનલમાં સ્ટુટગાર્ટ સામે હેટ્રિક ફટકારીને તેણે પોતાની ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

કેનનો જાદુ વર્લ્ડ કપમાં ચાલુ રહ્યો. તેણે ટુર્નામેન્ટમાં ૬ ગોલ કર્યા, ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ દિગ્ગજ ગેરી લાઈનકરને પાછળ છોડીને વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડનો સર્વકાલીન ટોચનો સ્કોરર બન્યો. તે ફિફા વર્લ્ડ કપ ઈતિહાસમાં ટોચના પાંચ સૌથી વધુ સ્કોરર કરનારા ખેલાડીઓમાં પણ જોડાયો.

બોલીવુડના કિંગ શાહરૂખ ખાનની આગામી ફિલ્મ "કિંગ" નું નવું પોસ્ટર રિલીઝ થયું

મુંબઈ,

બોલીવુડના કિંગ ખાન, શાહરૂખ ખાન, ફરી એકવાર પોતાના નવા લુકથી ચાહકોના દિલ જીતવા માટે તૈયાર છે. દર્શકોમાં તેમની આગામી ફિલ્મ "કિંગ" ને લઈને પહેલેથી જ ઘણી ઉત્તેજના છે અને હવે અભિનેતાએ ફિલ્મનું નવું પોસ્ટર શેર કરીને આ ઉત્તેજના વધુ વધારી દીધી છે. મંગળવાર, ૨૭ ઓક્ટોબરના રોજ રિલીઝ થયેલા આ પોસ્ટરમાં શાહરૂખ ખાન પોતાના હોઠ વચ્ચે ગુલાબનો ફૂલ લઈને જોવા મળે છે. તેમની આંખોમાં ગુસ્સો, તેમનો ચહેરો ગંભીર અને તેમની શૈલી રોમેન્ટિક છે. પોસ્ટર સૂચવે



છે કે ફિલ્મમાં શાહરૂખ ખાનનું પાત્ર એક્શન અને પ્રેમ બંને દર્શાવશે. અભિનેતાની સોશિયલ મીડિયા પોસ્ટને પગલે, ફિલ્મને લઈને ચર્ચા વધુ તીવ્ર બની છે.

"હું ખૂની નથી, હું પ્રેમી છું," શાહરૂખ ખાનનો સંવાદ ધ્યાન ખેંચે છે. "કિંગ" ના નવા પોસ્ટરને શેર કરતાં શાહરૂખ ખાને લખ્યું, "આજે મને ફરીથી યાદ આવ્યું... હું ખૂની નથી, હું પ્રેમી છું." અભિનેતાનું કેપ્શન પોસ્ટરને વધુ રસપ્રદ બનાવે છે. જ્યારે શાહરૂખ ખાનની શૈલી તેમના રોમેન્ટિક વ્યક્તિત્વને ઉજાગર કરે છે, ત્યારે તેમની આંખોમાં તીવ્રતા અને ગંભીર દેખાવ પણ એક ખતરનાક પાત્રનો સંકેત આપે છે. ફિલ્મના પોસ્ટરમાં રોમાંસ અને એક્શનનું આ અનોખું મિશ્રણ સ્પષ્ટ છે. ફિલ્મની વાર્તા કે તેના પાત્ર વિશે વધુ માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ નવા પોસ્ટરે ચોક્કસપણે ચાહકોની અપેક્ષાઓ વધારી છે.

શાહરૂખ ખાનની ફિલ્મ 'કિંગ' ની રિલીઝ તારીખ ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે.

સુરેશ રૈનાએ તિલક વર્મા અને નીતિશ કુમાર રેડ્ડી વચ્ચેની મેચ-વિનિંગ ભાગીદારીની પ્રશંસા કરી

મુંબઈ,

ન્યુઝીલેન્ડ સામેની બીજી ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતની રોમાંચક જીત બાદ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાએ યુવા બેટ્સમેન તિલક વર્માની પ્રશંસા કરી છે. રૈના તિલક વર્મામાં ભૂતપૂર્વ ભારતીય દિગ્ગજ એમએસ ધોની અને યુવરાજ સિંહ જેવા ગુણો જુએ છે. તેમણે કહ્યું કે તિલકમાં આ બંને ખેલાડીઓ જેવા જ મધ્યમ ક્રમના બેટિંગ ગુણો છે. રૈનાએ નીતિશ કુમાર રેડ્ડીના સકારાત્મક વલણ અને ઝડપી બોલર ભુવનેશ્વર કુમારની વાપસીની પણ પ્રશંસા કરી. ભારતે શનિવારે ક્રાઇસ્ટચર્ચમાં બીજી ટી૨૦ મેચમાં ન્યૂઝીલેન્ડના ૧૮૧ રનના લક્ષ્યનો



પીછો કરીને એક બોલ બાકી રાખીને જીત મેળવી. આ જીત સાથે, ભારતીય ટીમે પાંચ મેચની શ્રેણીમાં ૨-૦થી લીડ મેળવી લીધી.

રૈનાએ તિલક વર્માની પ્રશંસા કરતા તેમના રમતના દિવસો યાદ કર્યા. તેમણે સમજાવ્યું કે મધ્યમ ક્રમના બેટ્સમેનોની ભૂમિકા કેટલી મહત્વપૂર્ણ છે અને તિલકમાં સમાન માનસિકતા જોવા મળી. રૈનાએ કહ્યું, "ભારત હાલમાં ખૂબ સારું પ્રદર્શન કરી રહ્યું છે. ફક્ત તિલક વર્માને જુઓ. જ્યારે યુવી પા (યુવરાજ સિંહ), ધોની ભાઈ (એમએસ ધોની), અને હું પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા નંબર પર બેટિંગ કરતા હતા, ત્યારે અમારામાં એક ખાસ જુસ્સો હતો. મને લાગે છે કે તિલકમાં પણ તે જ ગુણવત્તા છે. તેની માનસિકતા અલગ છે અને તેણે અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. તે બોલ સાથે પણ યોગદાન આપી રહ્યો છે."ન્યુઝીલેન્ડ સામે દબાણ હેઠળ તિલક જે રીતે બેટિંગ કરે છે તેનાથી રૈના પ્રભાવિત થયો હતો. મધ્યમ ક્રમમાં ઝડપથી સ્કોર કરવાની અને ઇનિંગ્સનું સંચાલન કરવાની ક્ષમતા ટી૨૦ ક્રિકેટમાં મહત્વપૂર્ણ છે.

સીએસકેમાં ફેરફારો ચાલું: માઈક હસીએ રાજીનામું આપ્યું, નવા સહાયક કોચ ઝહીર ખાનની ટીમમાં જોડાયા

મુંબઈ,

આઈપીએલ ૨૦૨૭ પહેલા, ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) એ તેના કોચિંગ સ્ટાફમાં મોટા ફેરફારો કર્યા છે. પાંચ વખતની ચેમ્પિયન ટીમે ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર માઈક હસ્સીથી અલગ થવાનો નિર્ણય લીધો છે, જેમણે લાંબા સમયથી તેના બેટિંગ કોચ તરીકે સેવા આપી હતી. ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ સ્પિનર ગેરેથ બેટ્ટીને ટીમના નવા સહાયક કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. બેટ્ટી હવે ટીમના નવા મુખ્ય કોચ ઝહીર ખાન સાથે કામ કરશે. આ ફેરફાર એવા સમયે થયો છે જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સે છેલ્લા ત્રણ આઈપીએલ સીઝનમાં અપેક્ષા મુજબ પ્રદર્શન કર્યું નથી.

માઈક હસ્સી ચેન્નાઈ સુપર કિંગ્સ માટે ખેલાડી તરીકે છ સીઝન રમ્યા હતા.ત્યારબાદ તેમને ૨૦૧૮ માં ટીમના બેટિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ ઘણા વર્ષોથી ટીમ સાથે જોડાયેલા હતા અને ખેલાડીઓને બેટિંગમાં માર્ગદર્શન આપવાની જવાબદારી સંભાળતા હતા. સીએસકેએ સોશિયલ મીડિયા પર હસીને વિદાય આપી, તેમના યોગદાનની પ્રશંસા કરી. ફ્રેન્ચાઈઝીએ જણાવ્યું કે ૨૦૦૮ માં ટીમની પહેલી સીઝનથી હસીને ચેન્નાઈ સુપર કિંગ્સ પરિવારનો અભિન્ન ભાગ રહ્યા છે.

તેના સંદેશમાં, ટીમે લખ્યું કે ચેન્નાઈ માટે હસીની સફર ફક્ત તેના રન અને ખેલાડીઓને માર્ગદર્શન આપવા સુધી મર્યાદિત નહોતી, પરંતુ તેના સમર્પણ, નમ્રતા અને પ્રતિબદ્ધતાએ ફ્રેન્ચાઈઝી પર ઊંડી અસર છોડી છે. ફ્રેન્ચાઈઝીએ જણાવ્યું કે ટીમના ઈતિહાસમાં હસીની જગ્યા હંમેશા ખાસ રહેશે. તેમની વિદાયમાં, તેઓએ લખ્યું, "એકવાર સુપર કિંગ, હંમેશા સુપર કિંગ." ચેન્નાઈ સુપર કિંગ્સે પણ તેમના બોલિંગ કોચ, એરિક સિમોન્સના વિદાયની સત્તાવાર જાહેરાત કરી છે. સિમોન્સ ૨૦૧૮ થી ટીમના કોચિંગ સ્ટાફનો ભાગ હતા.ફ્રેન્ચાઈઝે ટીમની સફળતા અને બોલિંગ યુનિટના વિકાસમાં તેમના યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો.

સીએસકેએ જણાવ્યું કે સિમોન્સે વર્ષોથી ટીમના બોલિંગ યુનિટને મજબૂત બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ફ્રેન્ચાઈઝે તેમના સમર્પિત કાર્યકાળ માટે તેમનો આભાર માન્યો અને ભવિષ્ય માટે તેમને શુભકામનાઓ પાઠવી.ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર મોહિત શર્માને સિમોન્સના સ્થાને બોલિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત, સહાયક કોચ રાજીવ કુમાર અને ફિલ્ડિંગ કોચ જેમ્સ ફોસ્ટર પણ આઈપીએલ ૨૦૨૭ થી ટીમના કોચિંગ સ્ટાફનો ભાગ રહેશે નહીં.ફ્રેન્ચાઈઝે ટીમના ફિઝિયો ટોમી સિમસેક સાથે કામ ન કરવાનો પણ નિર્ણય લીધો છે. આ ટીમના કોચિંગ અને સપોર્ટ સ્ટાફમાં ઘણા મહત્વપૂર્ણ ફેરફારો દર્શાવે છે.

ચેન્નાઈ સુપર કિંગ્સે અગાઉ લાંબા સમયથી મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગથી અલગ થઈ ગયા હતા. ફ્લેમિંગના નેતૃત્વ હેઠળ ટીમે ઘણી સફળતાઓ મેળવી હતી, પરંતુ તાજેતરના સિઝનમાં પ્રદર્શનમાં ઘટાડો થયા બાદ, ફ્રેન્ચાઈઝીએ નવા નેતૃત્વ સાથે આગળ વધવાનું નક્કી કર્યું. ફ્લેમિંગ હવે ઈંગ્લેન્ડ ટેસ્ટ ટીમનો હવાલો સંભાળવા માટે તૈયાર છે. તેમના સ્થાને, ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર ઝહીર ખાનને ચેન્નાઈ સુપર કિંગ્સના નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.આઈપીએલ ૨૦૨૭ ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે ઝહીર ખાનની પ્રથમ સીઝન હશે. ટીમ મેનેજમેન્ટ આશા રાખશે કે નવા કોચિંગ સ્ટાફ સાથે, ટીમ તેના પ્રદર્શનમાં સુધારો કરશે અને ટાઈટલ રેસમાં મજબૂત વાપસી કરશે. ચેન્નાઈ સુપર કિંગ્સે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ સ્પિનર ગેરેથ બેટીને તેમના નવા સહાયક કોચ તરીકે નિયુક્ત કર્યા છે.

ટોમ ક્રૂઝને અમેરિકન ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ લાઈફ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે



મુંબઈ,

હોલીવુડ સુપરસ્ટાર ટોમ ક્રૂઝની હિંમતની તુલનામાં ઉંમર ફિક્કી લાગે છે. ૬૪ વર્ષની ઉંમરે, તેમણે સોશિયલ મીડિયા પર વિશ્વભરમાં ચાહકોનો એકત્ર કર્યો છે, જે તેમની ફિટનેસ અને દેખાવ વિશે ખૂબ જ ઉત્સાહિત છે. જાપાનમાં, દર ઓક્ટોબરમાં "ટોમ ક્રૂઝ ડે" સત્તાવાર રીતે ઉજવવામાં આવે છે.

માર્ચ ૧૯૯૬ માં, કેલિફોર્નિયાના સાન્ટા મોનિકામાં એક શેરીમાં એક ઝડપી ગતિએ આવતી કારે બ્રાઝિલિયન અભિનેત્રી હેલોઈસા વિન્હાસને ટક્કર મારી. તે લોહીલુહાણ પડી હતી અને પીડાથી કરડતી હતી. મદદ કરવા માટે આસપાસ કોઈ નહોતું. તે જ સમયે, એક કાર આવી, અને એક માણસ તેની મદદ માટે દોડી ગયો. તેણે એમ્બ્યુલન્સ બોલાવી અને તેણીને હોસ્પિટલ લઈ ગયો.

અભિનેત્રીના પગ ઘણી જગ્યાએ તૂટી ગયા હતા. સર્જરીનો ખર્ચ એટલો વધારે હતો કે તેણી માટે ચૂકવણી કરવી લગભગ અશક્ય હતી. પછી, તે જ અજાણ્યો યુવાન શાંતિથી કાઉન્ટર પર પહોંચ્યો અને તેના ક્રેડિટ કાર્ડથી સારવાર માટે ચૂકવણી કરી, જે ઈં૭,૦૦૦ હતી - તે સમયે એક મોટી રકમ. થોડા મહિનાઓ પછી, હેલોઈસાને ફૂલોના ગુલદસ્તા સાથે અભિનંદન સંદેશ મળ્યો. મોકલનારનું નામ જાણીને તે આશ્ચર્યચકિત થઈ ગઈ.

અભિષેક શર્માએ ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી મેચમાં કારકિર્દીની બીજી સૌથી ઝડપી સદી ફટકારી

વેલિંગ્ટન,

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ટી ૨૦ શ્રેણીની ત્રીજી મેચ વેલિંગ્ટન સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. પહેલા બેટિંગ કરતા, ન્યૂઝીલેન્ડે ભારત માટે ૧૯૯ રનનો લક્ષ્યાંક રાખ્યો. અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશીએ પોતાની વિસ્ફોટક બેટિંગથી આ લક્ષ્યને નાનું દેખાડ્યું. અભિષેક અને વૈભવની જોડીએ પહેલી ઓવરથી જ વિસ્ફોટક બેટિંગ કરી. સાથે મળીને, તેમણે પ્રથમ છ ઓવરમાં ૧૧૮ રન ઉમેર્યા. આ મેચ દરમિયાન, અભિષેક શર્માએ માત્ર ૧૫ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી



અને પછી ૩૫ બોલમાં પોતાની સદી પૂરી કરી.

આ અભિષેક શર્માની કારકિર્દીની ચોથી ટી ૨૦ સદી છે. અગાઉ, તેણે અફઘાનિસ્તાન, ઈંગ્લેન્ડ અને ઝિમ્બાબ્વે સામે સદી ફટકારી હતી. હવે, આ મેચમાં, તેણે શાનદાર બેટિંગ સાથે ન્યૂઝીલેન્ડ સામે સદી ફટકારી. આ અભિષેકની કારકિર્દીની બીજી સૌથી ઝડપી સદી છે. અગાઉ, તેણે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં અફઘાનિસ્તાન સામે માત્ર ૩૦ બોલમાં સદી ફટકારીને ઈતિહાસ રચ્યો હતો.

ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં સૌથી વધુ સદી ફટકારવાના સંદર્ભમાં અભિષેક શર્માએ સૂર્યકુમાર યાદવ અને ફિલ સોલ્ટની બરાબરી કરી છે. તે બધાએ ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ચાર-ચાર સદી ફટકારી છે. અભિષેકે અત્યાર સુધી ચાર સદી પણ ફટકારી છે. હવે, અભિષેક આ યાદીમાં ફક્ત ગ્લેન મેક્સવેલ અને રોહિત શર્માથી પાછળ છે.

અક્ષય કુમાર અને રવિના ટંડનની 'મોહરા' ૩૨ વર્ષ પછી ફરીથી રિલીઝ થશે : ફિલ્મના ગીતો આજે પણ હિટ

મુંબઈ,

૧૯૯૪ ની એક્શન થ્રિલર ફિલ્મ 'મોહરા' તેની પ્રારંભિક રિલીઝના ૩૨ વર્ષ પછી સિનેમાઘરોમાં પરત ફરી રહી છે. ત્રિમૂર્તિ ફિલ્મ્સ પ્રા.લિ. દ્વારા એક જાહેરાત અનુસાર. લિમિટેડ, રાજીવ રાયની ફિલ્મ ૬ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ૪કે રિમાસ્ટર્ડ વર્ઝનમાં મોટા પડદા પર પરત ફરશે. અક્ષય કુમાર, સુનિલ શેટ્ટી અને રવિના ટંડન અભિનીત આ ફિલ્મ રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ અભિનીત "રામાયણ" સાથે એકસાથે રિલીઝ થશે, જે ૫ નવેમ્બરના રોજ સિનેમાઘરોમાં પણ રિલીઝ થશે. એક્શન, સસ્પેન્સ, સ્ટાર પાવર અને હિટ સંગીતના સંયોજને "મોહરા" ને ૧૯૯૪ ની સૌથી મોટી હિન્દી ફિલ્મોમાંની એક બનાવી. તે તે વર્ષની "હમ આપકે હૈ કૌન...!" પછી બીજી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની.

આ ફિલ્મ પહેલી વાર ૧ જુલાઈ, ૧૯૯૪ ના રોજ રિલીઝ થઈ હતી અને તે તેના સમયની સૌથી યાદગાર એક્શન ફિલ્મોમાંની એક બની હતી. ત્રિમૂર્તિ ફિલ્મ્સે તેની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર ફરીથી રિલીઝ માટે ટીઝર રિલીઝ કર્યું છે. તેનું વર્ણન



વાંચે છે, "સત્તા અને કપટના આ ખતરનાક રમતમાં કોઈપણ વ્યક્તિ પ્યાદુ બની શકે છે. મોહરાને યાદગાર બનાવનારા વળાંકો, વળાંકો, રોમાંચ અને ગીતોનો અનુભવ કરો! 'મોહરા'ના ૩૨ વર્ષ ઉજવો - ૬ નવેમ્બર, ૨૦૨૬ થી તમારા નજીકના સિનેમાઘરોમાં." અક્ષય કુમાર અને રવિના ટંડનની ફિલ્મ 'મોહરા'નું પુનઃસ્થાપિત વર્ઝન ૬ નવેમ્બરે રિલીઝ થશે. રાજીવ રાય દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ ૧૯૯૪ માં બ્લોકબસ્ટર હિટ રહી હતી. તેની ૩૨મી વર્ષગાંઠની ઉજવણી કરવા માટે, નિર્માતાઓ તેને દિવાળી પર ફરીથી રિલીઝ કરી રહ્યા છે, જે 'રામાયણ' ની રિલીઝ સાથે એકરુપ થશે.

શબ્દ શોધો

દા	બા	ક	ળ	મા	ર	ણ	કા	ર	મ	કા	કા
આ	ભ	ર	ઓ	આ	દ	ન	ર	વિ	આ	ધ	બં
ર	ક	શિ	સા	સા	તુ	પ્ર	મા	જ્ઞા	અં	ખ	ગી
ત	ક્ષ	ર	દ	ખ	બં	રો	દ	ન	શિ	ચી	તુ
ક	કા	ર	તી	બા	અ	ઉ	ખ	ળ	શિ	ક્ષ	ણે
અં	ક	ર	મા	વા	ગી	ભ	ગં	ધ	મા	બા	ણ
અઃ	ગ	સ	મા	ણે	કા	વિ	ચા	ર	ણા	રી	બિ
સા	સ	રો	ર	બં	મા	ળ	હા	હા	ખ	હા	લ
મો	લ	ર	લ	વા	લ	ઓ	કુ	ર	ઇ	ર	ભો
વ	ભો	સ	અઃ	ણ	ળો	ભો	ભ	બં	ર	ક	દ
ગી	અ	ડી	ર	ક	ઉ	લા	ચી	ધ	ધ	વિ	ળ
ગ	ર	ર	ક	ધ	ર	મા	ઐ	ઈ	ણા	ચી	મા

શબ્દ શોધો

મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

આયુષ્માન ખુરાનાનો ચંદીગઢમાં આવેલો બંગલો તેની હરિયાળી અને ખુલ્લી જગ્યાઓ માટે જાણીતો

મુંબઈ,

બોલીવુડ અભિનેતા આયુષ્માન ખુરાના હાલમાં તેની ફિલ્મ "ઉડતા તીર" માટે સમાચારમાં છે. તેની ફિલ્મોમાં વિવિધ પાત્રો ભજવનાર આયુષ્માન પોતાના અંગત જીવનને લાઈમલાઈટથી દૂર રાખવાનું પસંદ કરે છે. જોકે, ચાહકો તેમના ઘરની ઝલક તેમના અને તેમની પત્ની તાહિરા કશ્યપ ખુરાના દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરાયેલા ફોટા અને વીડિયો દ્વારા મેળવે છે. પછી ભલે તે આયુષ્માનનો ચંદીગઢ બંગલો હોય કે મુંબઈનું તેમનું ઘર, બંને શાંતિ, સરળતા અને આરામ

પર ભાર મૂકે છે. ચાલો આ હાઉસ ટૂરમાં આયુષ્માન અને તાહિરાના ઘરની ખાસિયતોનું અન્વેષણ કરીએ, જ્યાં કૌટુંબિક ક્ષણોથી લઈને શાંત વાંચન ખૂણા સુધીની દરેક વસ્તુ તેમની જીવનશૈલીને પ્રતિબિંબિત કરે છે. આજે, અમે તમને તેમના ચંદીગઢ ઘરની ઝલક બતાવીશું.

આયુષ્માન ખુરાનાનું ચંદીગઢ ઘર એક વિશાળ અને ખુલ્લા સ્વર્ગથી ઓછું નથી. વ્યસ્ત શહેરી જીવનથી દૂર, આ બંગલો તેની હરિયાળી અને ખુલ્લી જગ્યાઓ માટે જાણીતો છે. તે પરિવાર સાથે સમય વિતાવવા માટે પૂરતી જગ્યા પ્રદાન કરે છે. ઘરની આસપાસનો હરિયાળી અને ખુલ્લું વાતાવરણ તેને અનન્ય બનાવે છે. મુંબઈ જેવા વ્યસ્ત મહાનગરની તુલનામાં, આ ચંદીગઢ ઘર વધુ શાંતિપૂર્ણ અને શાંત વાતાવરણ પ્રદાન કરે છે. બંગલામાં બેડમિન્ટન કોર્ટ પણ છે, જે તેને ફક્ત રહેવાની જગ્યા જ નહીં પરંતુ મનોરંજન અને શારીરિક પ્રવૃત્તિ માટેનું સ્વર્ગ પણ બનાવે છે. મોટી ખુલ્લી જગ્યાઓ પરિવારને ઘરની અંદર સીમિત રહેવાને બદલે બહાર સમય વિતાવવાની મંજૂરી આપે છે. કોવિડ-૧૯ લોકડાઉન દરમિયાન, આયુષ્માન, તાહિરા અને તેમના બાળકો, વિરાજવીર અને વરુષ્કા, ચંદીગઢમાં તેમના પરિવારો સાથે રહ્યા હતા. તે સમય દરમિયાન સોશિયલ મીડિયા પર શેર કરાયેલા ફોટા અને વિડિઓઝ ઘરના લીલાછમ વાતાવરણ અને શાંત વાતાવરણને દર્શાવે છે.

ચંદીગઢ ઘરના આંતરિક ભાગમાં વધુ પડતા ભડકાઉપણું કરતાં સરળતા પર ભાર મૂકવામાં આવ્યો છે. સફેદ અને બેજ રંગો સાથે લાકડાનો ઉપયોગ ઘરને ગરમ અને હૂંફાળું અનુભવ આપે છે. હળવા રંગની દિવાલો અને ફર્નિચર એક ખુલ્લું અને શાંત આંતરિક બનાવે છે. લાકડાના તત્વો આ શાંત વાતાવરણમાં એક સુંદર વિરોધાભાસ ઉમેરે છે. લિવિંગ રૂમમાં લો-રાઈઝ સોફા અને લાકડાના વિગતો છે. આ સજાવટ, ઔપચારિક અથવા દેખાડાને બદલે, પરિવારના રોજિંદા ઉપયોગ માટે અનુકૂળ લાગે છે. સોફા અને અન્ય નરમ ફર્નિશિંગ તત્વો રૂમના હળવા રંગોમાં રંગનો સ્પર્શ ઉમેરે છે. લાકડાના ફ્લોર અને હળવા રંગોનું મિશ્રણ સમગ્ર રૂમને સંતુલિત દેખાવ આપે છે. આ રીતે, ઘરનો આંતરિક ભાગ આધુનિક છે છતાં આરામદાયક અને ઘર જેવું વાતાવરણ જાળવી રાખે છે.

જામ્યુકો અને વનવિભાગના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ



જામનગર : જામનગર મહાનગરપાલિકા અને સામાજિક વનીકરણ વિભાગ-દેવભૂમિ દ્વારકાના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જાહેર જીવનની જનસેવા અને રાષ્ટ્રસેવાને સમર્પિત ૨૫ વર્ષની યશસ્વી યાત્રાની ઉજવણી ભાગરૂપે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જામનગર મહાનગરપાલિકા અને સામાજિક વનીકરણ વિભાગ-દેવભૂમિ દ્વારકાના સંયુક્ત ઉપક્રમે આજરોજ વોર્ડ નં.૧૬ માં ધોરીવાવ રોડ પર ખોડલ ગ્રીન્સની સામે, કર્મચારી નગર પાસે આવેલ જે.એમ.સી. કોન્ટ્રીબ્યુશન લેન્ડ ૫૯૬ (નવા) ૩૧૯ (જુના) ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મેયર મોનિકાબેન વ્યાસ, ડે.મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનકુમાર મોનાણી, મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિઆ, દંડક પ્રવિણાબેન રૂપડીયા, ગાર્ડન સમિતિના ચેરમેન નીકીતાબેન કોટક, નાયબ મ્યુનિસિપલ કમિશનર ડી.એ. ઝાલા , મ્યુ. સભ્યશ્રીઓ મિલનભાઈ સભાયા, રીધ્ધીશભાઈ ડેર, જયરાજસિંહ જાડેજા, પાર્થભાઈ કોટડીયા, સંગીતાબેન ગુઢકા,રમીલાબેન કણજારીયા, જશુબા ઝાલા,પ્રકાશભાઈ રાઠોડ, યોગેશભાઈ કણજારીયા, સંજયભાઈ દાઉદીયા, ધનજીભાઈ કાછટીયા, હર્ષાબા જાડેજા, નિશાબેન અશ્વાર, જ્યોત્સનાબેન પાંભર, હેતલબેન અમેથીયા, નિર્મળાબેન વિસોરીયા, રાજેશભાઈ યાદવ, આસી. કમિશનર(વ) મુકેશભાઈ વરણવા, કાર્યપાલક ઈજનેર નીતિનભાઈ દિક્ષિત તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર એરપોર્ટ દ્વારા સતર્કતા જાગૃતિ સપ્તાહની કરાઈ ઉજવણી



જામનગર : એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા હેઠળ, જામનગર એરપોર્ટ દ્વારા ૨૬ ઓક્ટોબરથી ૧ નવેમ્બર દરમિયાન યોજાનાર સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬ ની શરૂઆતનું અવલોકન કરવામાં આવ્યું. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી માટે દર વર્ષે આ સપ્તાહ લાંબી ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષે, "સમૃદ્ધિ માટે નિષ્ઠા"થીમ હેઠળ સતર્કતા જાગૃતિ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું છે. આ ઉજવણીના ભાગ રૂપે, એરપોર્ટ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પ્રામાણિકતાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો, જેમાં તેમની ફરજો નિભાવવામાં પ્રામાણિકતા, પારદર્શિતા, જવાબદારી અને નૈતિક આચરણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેનનો સત્તાવાર સંદેશ ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને વાંચીને સંભળાવવામાં આવ્યો હતો.

આ ઉજવણી જાહેર સેવામાં પ્રામાણિકતાના ઉચ્ચતમ ધોરણો જાળવવા અને પારદર્શક, જવાબદાર અને ભ્રષ્ટાચારમુક્ત કાર્ય સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના મહત્વ પર પ્રકાશ પાડતી હતી. કર્મચારીઓને સતર્ક રહેવા, સ્થાપિત પ્રક્રિયાઓનું પાલન કરવા અને વ્યાવસાયિક અને જવાબદાર કાર્યકારી વાતાવરણમાં યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આવી પહેલ દ્વારા, જામનગર એરપોર્ટ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના મૂલ્યો અને સિદ્ધાંતો પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાનો પુનરાવર્તિત કરે છે અને પ્રામાણિકતા અને સુશાસન દ્વારા જાહેર વિશ્વાસને મજબૂત બનાવે છે.

જામનગર શહેરમાં ટ્રાફિકનો ભંગ કરનાર ૧૨ હજારથી વધુ વાહન ચાલકોને ઈ-મેમા

જામનગર : જામનગરમાં ટ્રાફિકના નિયમની અમલવારી માટે કદાચ ભલે ચોરે અને ચોકે ટ્રાફિક પોલીસના જવાનો ઊભા ન હોય પરંતુ પોલીસની આધુનિક આંખ સમાન વિશ્વાસ પ્રોજેક્ટના સીસીટીવીની નજરથી વાહનચાલકો અને આરોપીઓ પર સતત નજર રાખવામાં આવી રહી છે. શહેરમાં પોલીસ દ્વારા છેલ્લા ત્રણ માસમાં ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા અંદાજે ૫૧૦૦ વાહનચાલકો સહિત નિયમ ભંગ બદલ ૧૨ હજારથી વધુને ઈ-મેમો મોકલવામાં આવ્યો છે.

આ સિવાય અન્ય ટ્રાફિક નિયમના ભંગ બદલ જુલાઈથી સપ્ટેમ્બર સુધીમાં સંખ્યાબંધ રૂ.૧ કરોડ ઉપરાંતની રકમની સરકારી લોકોને મેમો મોકલાયો છે. જે પેટેના ઉઘરાણી બાકી હોવાનું સામે આવ્યું છે. જિલ્લા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતેથી વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળના વન નેશન, વન પ્રોગ્રામ પ્રોજેક્ટ હેઠળ ટ્રાફિક નિયમનો તથા શહેરમાં બનતા ગુન્હાનાઓની શોધ માટેની કામગીરી કરવામાં આવે છે. જેમાં ટ્રાફિક નિયમના ભંગ બદલ પોલીસ દ્વારા મેમો પણ મોકલવામાં આવે છે. જેમાં ગત જુલાઈ માસમાં ટ્રાફિક નિયમના ઉલ્લંઘન બદલ ૪૨૦૮ જેટલા વાહનચાલકો સીસીટીવીની ઝપટે ચડયા હતા. જેને મેમો મોકલાયા બાદ ૪.૨૧ લાખની રમમ વસૂલાઈ છે. જ્યારે હજુ પણ બોલે છે. રૂ.૨૬.૯૮ ની રકમ તંત્રના ચોપડે બાકી

આ સિવાય ઓગસ્ટ માસમાં સૌથી વધુ ૫૧૫૪ કેસ કરાયા હતા. જેમાંથી હજુ પણ રૂ.૫૩.૪૫ લાખની ઉઘરાણી ૩.૮૮ લાખની વસૂલાત થઈ છે અને બાકી છે. જ્યાંરે ગત સપ્ટેમ્બર માસમાં ૩૫૯૩ વાહનોને મેમો મોકલાયા હતા જેમાંથી વાહનચાલકોએ રૂ.૨.૪૫ લાખની રકમ ભરી છે. જ્યારે ૨૯.૨૫ લાખની રકમ હજુ પણ બાકી છે. આમ છેલ્લા ૩ માસની વાત કરીએ તો એક કરોડ ઉપરાંતની રકમ દંડ પેટે વસુલવાની બાકી છે.વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવા, રોંગ સાઈડ (વન-વે)માં વાહન ચલાવવા, ત્રિપલ સવારી, આરટીઓ માન્ય નંબર પ્લેટ વગર (ફેન્સી નંબર પ્લેટ) વાહન ચલાવવા, સીટબેલ્ટ ન પહેરવા સહિતના કેસમાં ઈ-ચલણ સ્પીડ પોસ્ટ મારફતે વાહન માલિકના આરટીઓમાં નોંધાયેલા સરનામે મોકલવામાં આવી રહ્યા છે.

ઈ-ચલણની મરપાઈ પરિહવન વિભાષની વેબસાઈટ, ગુગલ પે અથવા ફોન પે જેવા ડિજિટલ માધ્યમથી તેમજ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે રૂબરૂ જઈને પણ કરી શકાય છે. ઈ-ચલણની ભરપાઈ ૯૦ દિવસની સમયમર્યાદામાં કરવી ફરજિયાત છે. સમયમર્યાદા બાદ ભરપાઈ વર્ચ્યુઅલ કોર્ટ મારફતે કરવાની રહેશે.

જામપાની પ્રોજેકટ પ્લાનિંગ શાખાના કામ અંગે વિજિલન્સ તપાસ કરવા પૂર્વ ડે. મેયરની રજુઆત

જામનગર : જામનગર મહાનગરપાલિકાની પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ શાખા હરસ્વકના કામોની સેન્ટ્રલ વિજિલન્સ કમિશન મારફત તપાસ કરાવવાની માંગણી ઊઠવા પામી છે.

જામનગરના પૂર્વ ડેપ્યુટી ગેરી લેબોરેટરી કામોના મેચર ગોવિંદભાઈ એમ. રાઠોડએ વડાપ્રવાનને પત્ર પાઠવી રજૂઆત કરી છે છે કે, મ્યુનિ. કમિશનર દિપેશ કડિયાને તા. ૨૯-૯-૨૦૨૬ અને તા. ૬-૧૦-૨૦૨૬ ના પત્ર પાઠવી જે.એમ.સી.ના પૂર્ણ થયેલ તેમજ ચાલુ કામોના મટીરિયલ ટેસ્ટીંગ માપદડ, ગુણવત્તા બાબતે સાઈટ વિઝિટ કરવા રજૂબાત કરવામાં આવી હતી.

આ રજૂઆતો સાંસદ, ધારાસભ્ય, મંત્રી, મેયર, ચેરમેન, મુખ્યમંત્રી મુખ્ય સચિવ, સ્ટેટ વિજિલિયન્સ કમિશનને નબળી અને હલકી જેના મેટીરિયલ રિપોર્ટ ગુણાવત્તાનું જે જે કરાયેલ છે પોઝિટિવ જણાવાયા હતાં. જે કામો ચાર માસમાં તૂટી ગયા હતો. આથી જે તે સમયના વહીવટદાર આરતી કેવરને આવેદન પત્ર પાઠવી રજૂઆત કરી હતી. આ પછી પ્રોજેક્ટ પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ શાખાએ અહિં થીંગડા માર્યા હતાં.

આ નબળા હલકી ગુણવત્તાના કામની જવાબદારી અધિકારીની હોય છે. જો મટીરિયલ રિપોર્ટ પોઝિટિવ હોય તો ચાર માસમાં કેમ તૂટી ગયા? જે દર્શાવે છે કે માલની ગુણવત્તા નબળી હતી. આવી ઉચ્ચ કક્ષાની તપાસ જરૂરી છે. હાલ તળાવની પાળે સીસી રોડ જર્જરિત જોવા મળે છે. તળાવના ગેઈટ નંબર ૯ સામેથી ન્યૂ સ્કૂલ સુધી ડેમેજ થયેલ કેનાલનું કામ રૂા. ૧,૪૯,૨૩,૨૯૭ ના ખર્ચે થયું હતું. આથી જવાબદાર અધિકારીને સેવા નિવૃત્ત કરી દેવા જોઈએ.

તળાવની પાળે પાછળના ભાગમાં ફિટ કરાયેલ કલર બ્લોક, જંગલેશ્વર મહાદેવ મંદિર પાસેનો સીસી રોડ વગેરે માટે ૩ થી ૫ કરોડ ખર્ચાયા છે. આ નબળા કામ પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ શાખાના જવાબદાર અધિકારીના અંગત ખર્ચે કરાવવા જોઈએ. જનતાના પૈરો થતા કરોડોના વિકાસ કામીની સાઈટ વિઝિટ થવી જોઈએ, જે કામની ફરિયાદ કરવામાં આવી હતી તો તેની તપાસમાં બિલાડીને દૂધના રખોપા જેવો ઘાટ ઘડાયો છે. આથી આવા તમામ નબળા કામોની સેન્ટ્રલ વિજિલિયન્સ કમિશન પાસે તપાસ કરાવવી જોઈએ અને જવાબદારો સામે દાખલારૂપ પગલાં લેવા જોઈએ.

દ્વારકા અને બ્રહ્મ સમાજનું ગૌરવ



દ્વારકા : દેવગઢ બારિયાના સ્પોર્ટ કોમ્લેક્ષ ખાતે તા. ૨૫-૧૦ના રોજ ગુજરાત સ્ટેટ માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ મા દ્વારકાના શ્રી ભડકેશ્વર યોગ ગૃપના અબોટી બ્રાહ્મણ ધનજીભાઈ લુણાવિયાએ ૫૦ પ્લસ ઉપરની કેટેગરીમા હાઈજમ્પમાં ગોલ્ડ મેડલ તેમજ લોંગજમ્પમાં સિલ્વર મેડલ મેળવી બ્રહ્મ સમાજનુ તેમજ દ્વારકાનુ ગૌરવ વધાર્યુ છે. ધનજીભાઈની આ સિધ્ધીમા શ્રી ભડકેશ્વર યોગ ગૃપના ફિટનેશ અને સ્પોર્ટ્સ ટ્રેનર ચેતનભાઈ જીંદાણીનુ મહત્વ પૂર્ણ યોગદાન રહ્યુ છે.

ફ્રી ફાયર ગેમના સંપર્કથી સગીરાનું અપહરણ કરનાર શખ્સ આસામથી ઝડપી લેતી જામનગર પોલીસ

કાલાવડ ગ્રામ્ય વિસ્તારની સગીરાને જામનગર એસ.ટી. બસ સ્ટેન્ડ પરથી અપહરણ કરાયું હતુ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : મોબાઈલમાં રમાતી ફ્રી ફાયર વીડિયો ગેમના માધ્યમથી સગીર બાળા સાથે સંપર્ક કેળવી તેનું અપહરણ કરવાના ગુનામાં જામનગર સીટી 'એ' ડિવિઝન પોલીસને સફળતા મળી છે. પોલીસે આસામમાંથી આરોપીને દબોચી લઈ સગીરાને મુક્ત કરાવી છે.

ગત તા. ૮ ઓક્ટોબરના રોજ સાંજના આશરે પોણા પાંચ વાગ્યાના અરસામાં જામનગર એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતેથી કાલાવડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની સગીર વયની દીકરીનું કોઈ અજાણ્યો શખસ લલચાવી-ફોસલાવી અપહરણ કરી ગયો હતો. આ બનાવ અંગે જામનગર સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતાં સગીરાને શોધી કાઢવા તપાસ શરૂ કરવામાં આવી હતી.

પોલીસે સીસીટીવી ફૂટેજ, હ્યુમન સોર્સ અને ટેક્નિકલ એનાલિસિસના આધારે તપાસ આગળ ધપાવી આસામ રાજ્યના બોંગાઈગાંવ જિલ્લાના જોગીઘોપા ગામેથી બાળાને શોધી કાઢી હતી. પોલીસે આરોપી પ્રદ્યુત કાર્તીક ચૌધરી (ઉંમર ૨૪)ને ઝડપી લઈ સગીરાને તેના માતા-પિતાને સુરક્ષિત રીતે સોંપી હતી.

તપાસમાં મહત્વની કડી મળી હતી. સગીરા મોબાઈલ ફોનમાં ફ્રી ફાયર વીડિયો ગેમ રમતી હતી અને આ ગેમમાં એક અજાણ્યા શખસે આઈડી બનાવી તેની સાથે રમવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ ગેમમાં મેસેજ મારફતે વાતચીત કરી સગીરાનો મોબાઈલ નંબર મેળવ્યો હતો અને ફોન દ્વારા સંપર્ક વધારી તેને લલચાવી-ફોસલાવી લઈ ગયો હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. સગીરા આસામ રાજ્યના બોંગાઈગાંવ જિલ્લાના જોગીઘોપા ગામે હોવાની માહિતી મળતાં પોલીસ દ્વારા તાત્કાલિક આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ટીમને આસામ મોકલી હતી. ત્યાં સઘન તપાસ હાથ ધરતાં સગીરા આરોપી પ્રદ્યુત કાર્તીક ચૌધરી (ઉંમર ૨૪, રહે. જોગીઘોપા, જિલ્લો બોંગાઈગાંવ, આસામ) સાથે મળી આવી હતી. પોલીસે સગીરાને શોધી મુક્ત કરાવી તેના માતા-પિતાને સોંપી હતી.

'પ્રાદેશિક ગ્રિપ સમિટ'માં જામનગરની એમ.પી.શાહ મેડિકલ કોલેજને 'યોગ સેશન'માં પ્રથમ ક્રમાંક મળ્યો





જામનગર : નેશનલ હેલ્થ મિશન અંતર્ગત પ્રાદેશિક નાયબ નિયામક, આરોગ્ય અને તબીબી સેવાઓ, રાજકોટ વિભાગ દ્વારા તા.૬-૧૦ના રોજ રાજકોટ ખાતે "સેકન્ડ રીજનલ ગ્રિપ સમિટ ઓફ રાજકોટ રીજન"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમિટમાં શ્રી એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ, જામનગરના ફેકલ્ટી સભ્યો દ્વારા દર્દી કેન્દ્રિત સારવાર, પરિવાર કાઉન્સેલિંગ, યોગ અને સ્વસ્થ જીવનશૈલી, તબીબી વિદ્યાર્થીઓની વ્યવહારુ તાલીમ તથા આધુનિક તબીબી સારવાર પદ્ધતિઓને લગતી વિવિધ શ્રેષ્ઠ અને નવીન પ્રેક્ટિસીસ ઉત્કૃષ્ટ રીતે રજૂ કરવામાં આવી હતી. આ અંતર્ગત ડૉ. ધારા પી. ત્રિવેદી દ્વારા "યોગ સેશન" વિષય પર રજૂ કરવામાં આવેલી શ્રેષ્ઠ અને નવીન પ્રથાને આ પ્રાદેશિક સમિટમાં સમગ્ર રાજકોટ રીજનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું.

આ ઉપરાંત સંસ્થાના ડૉ. અંકિત અધ્વર્યુ, ડૉ. મિત્સુ પી. વિઠલાણી અને ડૉ. દેવલ વોરા દ્વારા પણ સંસ્થામાં સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવતી વિવિધ નવીનતમ પ્રથાઓનું પ્રભાવશાળી પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. આ ઝળહળતી સિદ્ધિથી શ્રી એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ, જામનગરની શ્રેષ્ઠ કાર્યપદ્ધતિઓ અને નવીન અભિગમોને પ્રાદેશિક સ્તરે વિશેષ ઓળખ અને સન્માન પ્રાપ્ત થયું છે, જે જાહેર આરોગ્ય સેવાઓની ગુણવત્તા, દર્દીઓની સંભાળ તથા તબીબી શિક્ષણના સુદ્રઢ સશક્તિકરણમાં અત્યંત મહત્વપૂર્ણ યોગદાન આપશે.

આર.એસ.પી.એલ ગ્રુપના સીએસઆર દ્વારા દ્વારકા પંથકમાં વિવિધ સેવાકિય પ્રવૃત્તિ

ગુજરાતના દરિયાકાંઠાના સમુદાયોમાં વર્ષ ૨૦૧૫થી RSPL Groupના Soda Ash વ્યવસાય દ્વારા શિક્ષણ, મહિલા સશક્તિકરણ, આરોગ્યસેવા, પર્યાવરણ સંરક્ષણ અને સામુદાયિક વિકાસ ક્ષેત્રે સતત કામગીરી કરવામાં આવી રહી છે. આ પહેલો ગુજરાત સરકાર અને ભારત સરકારની વિકાસલક્ષી પ્રાથમિકતાઓને પૂરક બની રહી છે.

RSPL Groupની શૈક્ષણિક પહેલોથી ૧૨ ગામોની ૩૫ સરકારી શાળાઓના ૨૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. શાળાઓમાં શુદ્ધ પીવાનું પાણી, સ્વચ્છતા અને શૈક્ષણિક સામગ્રી પૂરી પાડવામાં આવી છે. આ સાથે પરીક્ષાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનાર અનેક શાળાઓના વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવે છે.

કમ્પ્યુટર તાલીમ કાર્યક્રમ અંતર્ગત ૭૦થી વધુ યુવતીઓ અને મહિલાઓને ડિજિટલ સાક્ષરતા તથા રોજગારલક્ષી કૌશલ્યોની તાલીમ આપવામાં આવી છે. ઉપરાંત કન્યા પ્રતિભાઓ તથા યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા રમતગમતના મહત્વને માન્યતા આપતાં, RSPL Welfare Foundation આશાસ્પદ ખેલાડીઓને તાલીમ, પોષણ અને પ્રવાસ ખર્ચ માટે પણ સહાય કરે છે. લાભાર્થીઓમાં રાષ્ટ્રીય સ્તરની વોલીબોલ ખેલાડી કુમારી ઊઁઠ્ઠ્ઠ મેહ નો સમાવેશ થાય છે.

કુરંગા સોડા એશ પ્લાન્ટ અંદરનું ૨૪-૭ ઓક્યુપેશનલ હેલ્થ સેન્ટર નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન ૬,૭૫૦થી વધુ દર્દીઓને મફત પ્રાથમિક આરોગ્યસેવા પૂરી પાડી ચૂક્યું છે. માધવ હોસ્પિટલના સહયોગથી ૧૨ ગામોમાં યોજાયેલા આરોગ્ય શિબિરો દ્વારા ૨૦૨૨થી અત્યાર સુધી અંદાજે ૭,૦૦૦ લાભાર્થીઓને લાભ મળ્યો છે. ઓક્સિજન ટેન્ક, મિની એમ્બ્યુલન્સ અનૈંઝેંહ ઉરીીઙ્ગજ જેવી સુવિધાઓ દ્વારા પણ આરોગ્યસેવાને મજબૂત બનાવવામાં આવી છે.આ પ્રયત્નો બદલ RSPL Ltd.ôu Gujarat First Health Conclave 2026{kt Certificate of Appreciation મળ્યો હતો.

RSPL Welfare Foundation દ્વારા ગોજીનેસ અને બતડીયા ગામોમાં સમાજવાડીઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. Mission Amrit Sarovar પહેલ હેઠળ ગ્રુપે કુરંગા, ગોકલપર, બામણાસા, નાવદ્રા અને ભાટિયા ખાતેના તળાવોના સૌંદર્યીકરણ અને પુનર્જીવનને પણ ટેકો આપ્યો, જેમાં સફાઈ અને જમીન સમતલ કરવી, સોલાર લાઈટિંગ, બેસવાની સુવિધા અને સુધારેલા માર્ગોનો સમાવેશ થાય છે. આ પ્રયત્નોને પૂરક તરીકે, RSPL જાહેર અને ઘરેલુ શૌચાલયોનું નિર્માણ કરીને સ્વચ્છતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ ટેકો આપ્યો છે.

સંસ્થાના અભિગમ અંગે વાત કરતાં, Tinku Chhabra, CEO, RSPL ñ Soda Ash Businessyu fÃkwt fu, ìRSPL Limitedમાં અમે માનીએ છીએ કે ટકાઉ ઔદ્યોગિક વૃદ્ધિ સમુદાય વિકાસ સાથે હાથમાં હાથ મિલાવી આગળ વધવી જોઈએ. અમારી CSR પહેલો માત્ર સ્થાનિક સમુદાયોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે જ નહીં, પરંતુ ગુજરાત સરકાર અને ભારત સરકારની વિકાસ પ્રાથમિકતાઓને પૂરક બનાવવા માટે પણ રચવામાં આવી છે. શિક્ષણ, ડિજિટલ સાક્ષરતા, કુશળતા, આરોગ્યસેવા અને સમુદાય ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સતત રોકાણ દ્વારા અમે દીર્ઘકાલીન સામાજિક મૂલ્ય સર્જવા માટે પ્રતિબદ્ધ છીએ. સાથે જ ભારતના અગ્રણી ઔધોગિક અને આર્થિક કેન્દ્રોમાં ના એક તરીકે ગુજરાતની સતત પ્રગતિમાં યોગદાન આપી રહ્યા છીએ. ભારત વિકસિત ભારત ૨૦૪૭ના વિઝન તરફ આગળ વધી રહ્યું છે ત્યારે અમે જવાબદાર કોર્પોરેટ નાગરિક તરીકે અમે સેવા આપતા સમુદાયોના દીર્ઘકાલીન વિકાસ ભાગીદાર તરીકે પ્રતિબદ્ધ રહેશું."

ગત એક દાયકામાં ગુજરાત ના દરિયાકાંઠા માં RSPL ગ્રુપ ની પહેલો એ સતત કોર્પોરેટ રોકાણ ને સમુદાય ની ભાગીદારી અને સ્થાનિક વિકાસ ની પ્રાથમિકતાઓ સાથે જોડાવવાનો પ્રયાસ કર્યો છે.ગ્રુપ વધુ તકો ઉભી કરવા અને વિસ્તાર ના દીર્ઘકાલીન સામાજિક - આર્થિક વિકાસ ને ટેકો આપવાની દિશામાં સતત કાર્યરત છે.

અવસાન નોંધ

રણજીતનગર સમસ્ત બ્રહ્મસમાજના યુવા અગ્રણી કિરીટભાઈ કે. જોષીનું અવસાન

જામનગર : જામનગર નિવાસી સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ સ્વ. ડો.કાંતીલાલ પી. જોષી તથા રસીલાબેન કે જોશી (રીનારી વાળા) ના નાના પુત્ર તથા રણજીત નગર સમસ્ત બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ મનોજભાઈ કે. જોષીના નાના ભાઈ, અંજનાબેન એમ જોશી શ્રી પ્લે સ્કૂલના દિયર,

જૈન કન્યા વિદ્યાલયના શિક્ષિકા શિલ્પાબેન જોશીના પતિ, રિસ્ક કન્સલ્ટન્સી મેનેજમેન્ટ અંશ જોશીના, યુવા નાટકકાર ઓમભાઈ જોશીના પિતા, રાજકોટ વાળા કાંતિભાઈ જોશીના જમાઈ, ન્યુ સ્ટાઈલ બ્યુટી પાર્લર વાળા જસ્મીન બેન ત્રિવેદીના બનેવી, અતુલભાઈ જે જોષી ડિસ્ટ્રિક્ટ કોપરેટીવ બેંક વાળાના સાળા, યોગ શિક્ષિકા હર્ષિદાબેનના નાનાભાઈ અને જમના વાડીના ઉપપ્રમુખ અને આદર્શ કરાવો ક્લબના પૂર્વ પ્રમુખ રણજીતનગર સમસ્ત બ્રહ્મસમાજના યુવા પ્રમુખ અને કે.કે. ડિજિટલ સ્ટુડિયો રણજીતનગરવાળા કિરીટભાઈ કાંતીલાલ જોષી (ઉં. વ. ૫૩)નું તા. ૨૭/૧૦, મંગળવારના રોજ અવસાન થયું છે. સદગતનુંબેસણું તા. ૨૯-૧૦ ગુરુવારના રોજ સાંજે ૫-૩૦ થી ૬ કલાકે તેમના નિવાસસ્થાન, રણજીતનગર જુનો હુડકો જી ૮ ખાતે રાખેલ છે.

સુરક્ષા પરિષદના તમામ કાયમી સભ્યો પાસે સમાન વીટો અધિકાર જરુરી

ન્યાય અને નિષ્પક્ષતા માટે તમામ કાયમી સભ્યો પાસે સમાન અધિકારો અને જવાબદારીઓ હોવી આવશ્યક : ભારત

નવીદિલ્હી,

ભારતે કહ્યું છે કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કોઈપણ એવો સુધારો, જે વીટો (નિષેધાધિકાર) સત્તા વિનાના કાયમી સભ્યોની નવી શ્રેણી ઊભી કરે, તે વાસ્તવમાં આવા સભ્યોને "બીજા દરજ્જાના" (second-class) સભ્યો બનાવી દેશે. આ સાથે, વર્તમાન પાંચ કાયમી સભ્યો મહત્વપૂર્ણ નિર્ણયો પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખશે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, રાજદૂત હરીશ પર્વતનેનીએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી વીટો સત્તાની જોગવાઈ અસ્તિત્વમાં છે, ત્યાં સુધી સુધારિત સુરક્ષા પરિષદના તમામ કાયમી સભ્યો પાસે આ સત્તા હોવી જોઈએ. તેમણે ભારપૂર્વક કહ્યું કે ન્યાય અને નિષ્પક્ષતા માટે તમામ કાયમી સભ્યો પાસે સમાન અધિકારો અને જવાબદારીઓ હોવી આવશ્યક છે.



પર્વતનેનીએ કહ્યું, "વીટો અંગે ભારતનું વલણ સિદ્ધાંતો પર આધારિત અને સુસ્પષ્ટ છે. અમે ફરીથી સ્પષ્ટ કરીએ છીએ કે જ્યાં સુધી વીટો સત્તા અસ્તિત્વમાં છે, ત્યાં સુધી સુધારિત પરિષદના તમામ કાયમી સભ્યો પાસે તે હોવી જ જોઈએ."

વીટોના પ્રશ્ન પર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 'આંતર-સરકારી વાટાઘાટો' (IGN) સત્રને સંબોધતા તેમણે દલીલ કરી કે, વીટો સત્તા વિનાના લાંબા ગાળાના સભ્યોની નવી શ્રેણી ઊભી કરવાથી પરિષદના નિર્ણય લેવાની પ્રક્રિયાના માળખામાં કોઈ મૂળભૂત ફેરફાર થશે નહીં.

તેમણે કહ્યું કે, આવા સુધારાથી નવા સભ્યો વાસ્તવમાં "બીજા દરજ્જાના" સહભાગી બની જશે, જ્યારે પાંચ કાયમી સભ્યો વચ્ચે સત્તાનું વર્તમાન સંતુલન જળવાઈ રહેશે.

હાલની ૧૫ સભ્યોની સુરક્ષા પરિષદમાં પાંચ કાયમી સભ્યો છે — ચીન, ફ્રાન્સ, રશિયા, યુનાઇટેડ કિંગડમ અને યુનાઇટેડ સ્ટેટ્સ — જે તમામ પાસે વીટો સત્તા છે. બાકીના ૧૦ સભ્યો બે વર્ષની મુદત માટે ચૂંટાય છે અને તેમની પાસે વીટો સત્તા હોતી નથી.

ભારતે સતત પરિષદમાં કાયમી અને અસ્થાયી (બિન-કાયમી) બંને શ્રેણીઓના વિસ્તરણની હિમાયત કરી છે. ભારતનું માનવું છે કે જો સુધારાઓ માત્ર અસ્થાયી સભ્યોની સંખ્યા વધારવા પર જ કેન્દ્રિત હોય, તો તેનાથી કોઈ સાર્થક પરિવર્તન આવશે નહીં.

૧૯૪૫માં સ્થપાયેલી સુરક્ષા પરિષદમાં સુધારા માટે સતત માંગણીઓ ઉઠી રહી છે, જેથી તે સમકાલીન ભૌગોલિક-રાજકીય વાસ્તવિકતાઓ અને બદલાતા વૈશ્વિક સત્તા સંતુલનને પ્રતિબિંબિત કરી શકે. નવી દિલ્હીનું માનવું છે કે પરિષદનું વર્તમાન માળખું આજના વિશ્વનું યોગ્ય પ્રતિનિધિત્વ કરતું નથી, અને તેથી ભારતે કાયમી બેઠક મેળવવા માટે આગ્રહ રાખ્યો છે.

આ ઉપરાંત, ભારત ૨૦૨૮-૨૯ના કાર્યકાળ માટે અસ્થાયી (બિન-કાયમી) સભ્યપદ મેળવવાના પ્રયાસો પણ કરી રહ્યું છે. જૂન ૨૦૨૭માં ચૂંટણી યોજાવાની છે, જેમાં એશિયા-પેસિફિક જૂથ માટે ફાળવવામાં આવેલી એકમાત્ર બેઠક માટે ભારત અને તાજિકિસ્તાન વચ્ચે સ્પર્ધા થશે.

કર્ણાટકની અંતિમ મતદાર યાદી જાહેર, લગભગ ૧ કરોડ નામો દૂર : હવે ૪.૫૫ કરોડ મતદારો

અંતિમ યાદીમાં ૨૨,૫૪૦,૪૯૩ પુરુષ અને ૨૨,૯૧૨,૩૫૫ મહિલા મતદારોનો સમાવેશ

બેંગલુરુ,

કર્ણાટકમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા પછી મંગળવારે અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી અધિકારી કાર્યાલયના જણાવ્યા અનુસાર, રાજ્યમાં હવે કુલ ૪૫,૫૦૦,૦૧૧ મતદારો છે. એસઆઈઆર પહેલાં, આ સંખ્યા ૫૫,૪૩૨,૩૧૪ હતી. આ મતદાર યાદીમાંથી આશરે ૯૯.૩૨ લાખ નામોનો ઘટાડો દર્શાવે છે. અંતિમ યાદીમાં ૨૨,૫૪૦,૪૯૩ પુરુષ અને ૨૨,૯૧૨,૩૫૫ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. ૨,૮૪૧ ત્રીજા જાતિના મતદારો નોંધાયેલા છે. રાજ્યમાં ૧૮ થી ૧૯ વર્ષની વયના ૬.૮૩ લાખથી વધુ મતદારો છે.

એ નોંધવું જોઈએ કે ૨૪ ઓગસ્ટથી ૨૩ સપ્ટેમ્બર સુધી ચાલેલા દાવાઓ અને વાંધાઓ દાખલ કરતી વખતે, મતદાર યાદીમાં ૧૦,૦૮,૦૩૮ (૧૦.૦૮ લાખ) નવા મતદારો ઉમેરવામાં આવ્યા હતા, જ્યારે ૧,૮૮,૩૨૪ (૧.૮૮ લાખ) નામો કાઢી નાખવામાં આવ્યા હતા. વધુમાં, સુધારા દ્વારા ૮,૯૬,૫૧૯ (૮.૯૬ લાખ) એન્ટ્રીઓમાં સુધારો કરવામાં આવ્યો હતો. અરજીઓની ચકાસણી અને નિકાલની પ્રક્રિયા ૨૨ ઓક્ટોબર સુધી ચાલુ રહી.

કાઢી નાખવામાં આવેલા ૧,૮૮,૩૨૪ નામોમાંથી, ૧,૨૪,૩૨૭ (૧.૨૪ લાખ) મતદારોને કાયમી સ્થળાંતરિત થવાને કારણે દૂર કરવામાં આવ્યા હતા. દરમિયાન, ૬૧,૯૬૦ (૦.૬૨ લાખ) મતદારોને "અન્ય" શ્રેણી હેઠળ દૂર કરવામાં આવ્યા હતા, જેમાં સુનાવણી દરમિયાન અયોગ્ય જણાયા હતા.

OpenAI એ ગણિત, કમ્પ્યુટર વિજ્ઞાન અને ભૌતિકશાસ્ત્રમાં વૈજ્ઞાનિક શોધોની જાહેરાત કરી

નવીદિલ્હી,

OpenAI એ જાહેરાત કરી કે તેણે ભૌતિકશાસ્ત્ર, ગણિત અને કમ્પ્યુટર વિજ્ઞાનમાં ત્રણ "મુખ્ય" શોધો કરી છે.



OpenAI એ કહ્યું કે તેમને કમ્પ્યુટર વિજ્ઞાનમાં ઘાતાંકીય સમય પૂર્વધારણા (ETH) મળી છે, જે લાંબા સમયથી સાચી માનવામાં આવે છે, તે વાસ્તવમાં ખોટી છે. ગણિતમાં, તેઓએ કાકેયા અનુમાન અને સ્ટેઈનના પ્રતિબંધ અનુમાનને "બધા પરિમાણોમાં" ઉકેલવાનો દાવો કર્યો છે.

ભૌતિકશાસ્ત્રમાં શોધ સંપૂર્ણપણે જાહેર કરવામાં આવી નથી પરંતુ જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે તે "ક્વોન્ટમ ક્રોમોડાયનેમિક્સ (QCD) અને કણ ભૌતિકશાસ્ત્રના માનક મોડેલની એકીકૃત પૂર્ણતા સહિત ચાર પરિમાણોમાં ગેજ ક્ષેત્રો અને ફર્મિઓન ધરાવતા ચોક્કસ ક્રિયાપ્રતિક્રિયા કરતા ક્વોન્ટમ ક્ષેત્ર સિદ્ધાંતોનો ગાણિતિક રીતે સખત અસ્તિત્વનો પુરાવો છે."

ગયા મહિને લાંબા સમયથી ચાલતી ગણિત સમસ્યાઓના ઉકેલો સાથે સેંકડો હસ્તપ્રતો પ્રકાશિત કરતી વખતે કંપનીએ શૈક્ષણિક પીઅર સમીક્ષાને બાયપાસ કરવા બદલ ટીકાનો સામનો કરવો પડ્યો હતો. આ વખતે, કંપનીએ તારણોને માર્ગદર્શન આપવા માટે શિક્ષણવિદોને "ભરવાડ" તરીકે સમાવીને એક અલગ અભિગમ અપનાવ્યો.

આપત્તિ જોખમ ઘટાડવા માટે વૈશ્વિક સહયોગને મજબૂત કરવા ભારત પ્રતિબદ્ધ ડૉ. પી. કે. મિશ્રા

ડૉ. પી. કે. મિશ્રાએ નિવારણ, સ્થિતિસ્થાપક માળખાકીય સુવિધાઓ અને એઆઈ (AI)-સંચાલિત પૂર્વ ચેતવણી પ્રણાલીઓ પર ભાર મૂક્યો

નવીદિલ્હી,

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રાએ આજે આપત્તિ જોખમ ઘટાડવા માટે એક વ્યાપક અભિગમ અપનાવવા આહ્વાન કર્યું હતું, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી દાયકામાં જીવન બચાવવાની સાથે સાથે વિકાસનું રક્ષણ કરવા અને આર્થિક નુકસાન ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

યુનાઇટેડ નેશન્સ ઓફિસ ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન (UNDRR) દ્વારા આયોજિત અને ભારત તથા યુનાઇટેડ કિંગડમ (UK) દ્વારા સહ-અધ્યક્ષતા ધરાવતી 'આપત્તિ જોખમ ઘટાડવા પરના વરિષ્ઠ અધિકારીઓની બેઠક'ને સંબોધતા, તેમણે આબોહવા પરિવર્તન, શહેરીકરણ, માળખાકીય સુવિધાઓનો વિસ્તાર અને પર્યાવરણીય ક્ષતિ વચ્ચેના વધતા સંબંધો પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે નિરીક્ષણ કર્યું હતું કે પૂર્વ ચેતવણી, સજ્જતા અને કટોકટી પ્રતિસાદમાં સુધારાને કારણે જીવ બચાવવામાં મદદ મળી છે, તેમ છતાં આર્થિક નુકસાન ઊંચું રહ્યું છે. તેમણે વિભાગીય મર્યાદાઓથી ઉપર ઉઠીને જોખમો અને તેની બહુવિધ અસરોની સર્વગ્રાહી સમજ તરફ આગળ વધવા આહ્વાન કર્યું હતું.



આપત્તિ જોખમ ઘટાડવા માટેના 'સેન્ડાઈ ફ્રેમવર્ક' (Sendai Framewrok) નો સંદર્ભ આપતા, ડૉ. મિશ્રાએ ૨૦૩૦ સુધી તેના ઝડપી અમલીકરણ અને નિવારણ, નાથવાના પ્રયાસો તથા સંસ્થાકીય ક્ષમતામાં વધુ રોકાણ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં આપત્તિ જોખમ ઘટાડવા પરનો દસ-મુદ્દાનો એજન્ડા ૨૦૧૬ અને ૨૦૨૫માં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટમાં કરાયેલા સુધારાઓનો સમાવેશ થાય છે.

આપત્તિ ધિરાણ (disaster financing) એ માપી શકાય તેવા પરિણામો આપવા જોઈએ તેના પર ભાર મૂકતા, તેમણે સ્થિતિસ્થાપક માળખાકીય સુવિધાઓ, મજબૂત શહેરી સંસ્થાઓ અને વિકાસ આયોજનમાં પ્રકૃતિ-આધારિત ઉકેલોના વધુ એકીકરણ માટે આહ્વાન કર્યું હતું.

ડૉ. મિશ્રાએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ અને બહુ-જોખમી પૂર્વ ચેતવણી પ્રણાલીઓના મહત્વ પર ભાર મૂક્યો હતો, અને રેખાંકિત કર્યું હતું કે ચેતવણીઓથી સમયસર કાર્યવાહી અને ધિરાણ શરૂ થવું જોઈએ. તેમણે પુનઃપ્રાપ્તિ પ્રણાલીઓના અગાઉથી આયોજન કરવા માટે પણ આહ્વાન કર્યું હતું જેથી પુનઃનિર્માણ પ્રક્રિયા હાલની સંવેદનશીલતાઓને પુનરાવર્તિત કરવાને બદલે તેને ઓછી કરે.

આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરતા, તેમણે ૨૦૨૩ માં ભારતની ય૨૦ અધ્યક્ષતા દરમિયાન આપત્તિ જોખમ ઘટાડવા પર G20 વર્કિંગ ગ્રુપની સ્થાપના અને તેની BRICS અધ્યક્ષતા દરમિયાન આ ક્ષેત્રમાં વૈશ્વિક સહયોગને મજબૂત કરવાના સતત પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો.

પોતાના સંબોધનના સમાપનમાં, ડૉ. મિશ્રાએ ત્રણ પ્રાથમિકતાઓની રૂપરેખા આપી હતી: ઉભરતા અને પરસ્પર જોડાયેલા જોખમોની વધુ સારી સમજ; જાહેર નાણા, માળખાકીય સુવિધાઓ, શહેરો અને કુદરતી પ્રણાલીઓમાં સ્થિતિસ્થાપકતામાં વધુ અસરકારક રોકાણ; અને વ્યવહારુ આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા સમર્થિત મજબૂત સંસ્થાઓ.તેમણે સેન્ડાઈ ફ્રેમવર્કની સિદ્ધિઓને એકીકૃત કરવા અને ૨૦૩૦ સુધી તેના અમલીકરણને ઝડપી બનાવવા આહ્વાન કર્યું હતું, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી દાયકામાં માત્ર જીવન જ નહીં પરંતુ સમુદાયો દ્વારા નિર્માણ કરવામાં આવતી અસ્કયામતો, માળખાકીય સુવિધાઓ અને વિકાસનું રક્ષણ કરવાની ક્ષમતા દર્શાવવી જોઈએ.

પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવાનો વિરોધ એક "પેઇડ ઝુંબેશ" હતો : નીતિન ગડકરી

ભારત અશ્મિભૂત ઇંધણની આયાત ઘટાડીને કિંમતી વિદેશી હૂંડિયામણ બચાવી શકે

નવીદિલ્હી,

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવા અંગે એક મોટું નિવેદન આપ્યું છે. કેન્દ્રીય મંત્રીએ મંગળવારે જણાવ્યું હતું કે પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવા સામેના વિરોધ પ્રદર્શનો એક ચૂકવણી કરેલ ઝુંબેશ હતી. આ નિવેદન સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ માં સુધારો કરતી સૂચના જારી કર્યાના એક દિવસ પછી આવ્યું છે. આ ફેરફારો હવે ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી આપે છે જે ૧૦૦ (લગભગ શુદ્ધ ઇથેનોલ) સુધી ચાલી શકે છે. ઉદ્યોગ સંસ્થા સીઆઈઆઈ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં



બોલતા, ગડકરીએ કહ્યું કે ભારત અશ્મિભૂત ઇંધણની આયાત ઘટાડીને કિંમતી વિદેશી હૂંડિયામણ બચાવી શકે છે. તેમણે કહ્યું, "ત્રણ મહિના પહેલા, ઈ૨૦ (૨૦ ટકા ઇથેનોલ સાથે મિશ્રિત પેટ્રોલ) ઇંધણ સામે ઘણો હોબાળો થયો હતો; હવે ઈ૨૦ ઇંધણ સામેના તમામ વિરોધ પ્રદર્શનો સમાપ્ત થઈ ગયા છે. તે 'ચુકવણી કરેલ ઝુંબેશ' હતી." મંત્રીએ એમ પણ કહ્યું કે તેમણે તાજેતરમાં ૭૦૦-૮૦૦ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી હતી, કેટલાક હાઇવેની નબળી સ્થિતિ અંગે સોશિયલ મીડિયા પર ફરિયાદોની નોંધ લીધી હતી. "હું હાઇવેની ગુણવત્તા સાથે સમાધાન કરવાનો નથી," તેમણે કહ્યું. ગડકરીએ ખાતરી આપી હતી કે આગામી બે વર્ષમાં હાઇવે વપરાશકર્તાઓને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં.

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ મંગળવારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર પેટ્રોલમાં ઇથેનોલ મિશ્રણ પર વર્તમાન ૨૦ ટકા મર્યાદા વધારવાની કોઈ યોજના ધરાવતી નથી.

જમ્મુ અને કાશ્મીરમાં મંત્રીમંડળનું કરાયું વિસ્તરણ : ૪ નવા મંત્રીઓએ શપથ લીધા

જમ્મુ,

જમ્મુ અને કાશ્મીરમાં મંત્રીમંડળનું વિસ્તરણ આજે શ્રીનગરના લોકભવનમાં થયું. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ શપથ ગ્રહણ સમારોહની અધ્યક્ષતા કરી. હાલમાં, જમ્મુ અને કાશ્મીર મંત્રીમંડળમાં છ મંત્રીઓ છે, જ્યારે યુટી એક્ટ કુલ નવ મંત્રીઓની મંજૂરી આપે છે. નેશનલ કોન્ફરન્સે તેના ગઠબંધન ભાગીદાર કોંગ્રેસ માટે ત્રણ બેઠકો અનામત રાખી હતી, પરંતુ કોંગ્રેસે પૂર્ણ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી સરકારમાં જોડાવાનો ઇનકાર કર્યો હતો.

ચાર નવા ચહેરાઓનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવ્યો. શ્રીનગરના રાજભવનમાં નેશનલ કોન્ફરન્સના વરિષ્ઠ નેતાઓ અલી મોહમ્મદ સાગર, અલ્તાફ અહેમદ કાલુ, શમીમા ફિરદોસ અને મીર સૈફુલ્લાહને નવા મંત્રી તરીકે શપથ ગ્રહણ કરાવ્યા. પાર્ટીના સૂત્રો કહે છે કે નવા મંત્રીમંડળની જાહેરાત પછી મતભેદો ઉભા થવાની શક્યતા નકારી શકાતી નથી.

જમ્મુ અને કાશ્મીર સરકારમાં નવા મંત્રીમંડળ વિસ્તરણ સાથે, ઓમર અબ્દુલ્લા સરકારનું વર્તમાન મંત્રીમંડળ માળખું કેવું દેખાય છે તે જાણો.

નવા નેશનલ કોન્ફરન્સના મંત્રીઓને ગઈકાલે મોડી રાત્રે એનસી નેતૃત્વ તરફથી ફોન આવ્યા હતા. કુપવાડાના ચાર વખતના ધારાસભ્ય સૈફુલ્લાહએ એનસી પ્રમુખનો મંત્રીમંડળમાં સમાવેશ કરવા બદલ આભાર માન્યો.

જમ્મુ અને કાશ્મીરમાં ૯૦ સભ્યોની વિધાનસભા છે. પુનર્ગઠન અધિનિયમ ૨૦૧૯ મુજબ, વિધાનસભાની કુલ તાકાતના માત્ર ૧૦% જ મંત્રીમંડળ બનાવી શકે છે. મુખ્યમંત્રી સિવાય વધુમાં વધુ આઠ મંત્રીઓને સરકારમાં સામેલ કરી શકાય છે. રાજ્યનો દરજ્જો ન હોવાને કારણે કોંગ્રેસે સરકારમાં જોડાવાનો ઇનકાર કર્યો છે.

તમિલનાડુમાં ૧૦૦૦ રૂપિયાથી વધુની કિંમતના દારૂની ખરીદી માટે ડિજિટલ ચુકવણી ફરજિયાત

ગ્રાહકો યુપીઆઈ, ડેબિટ કાર્ડ અથવા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને ચુકવણી કરી શકશે

ચેન્નઈ,

તમિલનાડુમાં દારૂ ખરીદનારાઓ માટે હવે એક નવો નિયમ લાગુ કરવામાં આવી રહ્યો છે. તમિલનાડુ સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશનએ રિટેલ સ્ટોર્સ પર ૧૦૦૦ રૂપિયાથી વધુની દારૂની ખરીદી માટે ડિજિટલ ચુકવણી ફરજિયાત બનાવી દીધી છે. આ નવો નિયમ ૧ નવેમ્બરથી અમલમાં આવશે. આ નિયમ હેઠળ, ગ્રાહકો યુપીઆઈ, ડેબિટ કાર્ડ અથવા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને ચુકવણી કરી શકશે. જોકે, ૧,૦૦૦ સુધીની ખરીદી માટે, રોકડ અને ડિજિટલ ચુકવણી બંને વિકલ્પો ઉપલબ્ધ રહેશે.

ટીએએસએમએસીના એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારે એક સત્તાવાર પરિપત્રનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે રાજ્યમાં હાલમાં ૪,૦૪૮ દારૂની છૂટક દુકાનો કાર્યરત છે. અધિકારીએ જણાવ્યું હતું કે યુપીઆઈ ડેબિટ અને ક્રેડિટ કાર્ડ ચુકવણી પહેલાથી જ ઉપલબ્ધ હોવા છતાં, મોટાભાગના વ્યવહારો હજુ પણ રોકડમાં કરવામાં આવે છે.

તેમણે કહ્યું, "રોજ મોટી માત્રામાં રોકડનું સંચાલન કરવાથી દુકાનના કર્મચારીઓ માટે અનેક કાર્યકારી પડકારો ઉભા થાય છે. આમાં રોકડ વહન કરતી વખતે સુરક્ષા જોખમો, એકાઉન્ટિંગમાં વિસંગતતાઓ અને નકલી નોટોનો ભય શામેલ છે." અધિકારીએ કહ્યું કે રાજ્ય વહીવટીતંત્રને વારંવાર ઓવરચાર્જિંગની ફરિયાદો મળી છે. અધિકારીએ ઉમેર્યું કે ડિજિટલ ચુકવણી સિસ્ટમના અમલીકરણમાં દરેક વ્યવહારનો સમય અને રકમ રેકોર્ડ કરવામાં આવશે, જે ઓવરચાર્જિંગને રોકવામાં મદદ કરશે.

તેમણે કહ્યું કે વેચાણની રકમ સીધી સત્તાવાર બેંક ખાતાઓમાં જમા કરવામાં આવશે. તેમણે સમજાવ્યું કે ડિજિટલ ચુકવણીની જરૂરિયાત તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવશે.

ઈન્ડિયા બ્લોક સહિત અરજદારોએ ચૂંટણી પંચના સોગંદનામાનો જવાબ આપવો પડશે : સુપ્રીમ કોર્ટ

રાહુલ ગાંધી અને ઈન્ડિયા એલાયન્સના અન્ય નેતાઓએ પણ સંયુક્ત રીતે આવી જ અરજી દાખલ કરી છે

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે આજે ભારતના ચૂંટણી પંચના કાર્યપદ્ધતિ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના કથિત એકપક્ષીય નિર્ણય લેવાના આરોપો અંગેની અરજીઓની સુનાવણી કરી. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે ઈન્ડિયા બ્લોક સહિત તમામ અરજદારોને ૧૦ દિવસની અંદર ચૂંટણી પંચના સોગંદનામા પર તેમના જવાબો દાખલ કરવાનો નિર્દેશ આપ્યો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે સુનાવણી નવેમ્બરના બીજા અઠવાડિયા સુધી મુલતવી રાખી હતી. અરજીઓમાં સ્પષ્ટતા માંગવામાં આવી હતી કે મુખ્ય ચૂંટણી કમિશનર અન્ય બે ચૂંટણી કમિશનરની સંમતિ વિના ચૂંટણી પંચ વતી નિર્ણયો લઈ શકતા નથી.

ચૂંટણી પંચે સોમવારે સુપ્રીમ કોર્ટમાં પ્રતિ-સોગંદનામું દાખલ કર્યું, આ આરોપોને રદિયો આપ્યો. કમિશને જણાવ્યું હતું કે મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન સંબંધિત તમામ નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા. કમિશને એ દાવાને નકારી કાઢ્યો હતો કે અન્ય બે ચૂંટણી કમિશનરોના વાંધાઓ છતાં મુખ્ય ચૂંટણી કમિશનરે એકપક્ષીય નિર્ણયો લીધા હતા.

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાં નામોના સમાવેશ પછી દાખલ કરાયેલી અપીલો અંગે, કમિશને જણાવ્યું હતું કે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના અધિકારીઓ દ્વારા ૧૬.૧૦ લાખ અપીલો દાખલ કરવામાં આવી હતી. આ અપીલોને ધ્યાનમાં લેવાના નિર્ણયને સમર્થન આપવા માટે કમિશને સુપ્રીમ કોર્ટના આદેશોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

અરજીઓમાં એવા અહેવાલોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ચૂંટણી કમિશનના નામે આશરે ૧૪ નિર્ણયો લેવામાં આવ્યા હતા, જ્યારે અન્ય બે ચૂંટણી કમિશનરો, સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ તેમના પર વાંધો ઉઠાવ્યો હતો. અરજદારોના મતે, ઓક્ટોબર ૨૦૨૫ અને ઓગસ્ટ ૨૦૨૬ વચ્ચે, બંને ચૂંટણી કમિશનરોએ ઓછામાં ઓછા ૧૪ વખત એસઆઈઆર-સંબંધિત વિવિધ કાર્યવાહીઓ સામે વાંધો ઉઠાવ્યો હતો. રાકેશ કુમાર સિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવાયું છે કે, બહુ-સભ્ય સંસ્થા તરીકે, ચૂંટણી પંચના નિર્ણયો એકપક્ષીય રીતે ન લેવા જોઈએ. અરજીમાં વિવાદાસ્પદ નિર્ણયો બંધારણીય અને કાનૂની જોગવાઈઓ અનુસાર લેવામાં આવ્યા હતા કે કેમ તે નક્કી કરવા માટે કમિશનના મૂળ રેકોર્ડની તપાસ કરવાની પણ માંગ કરવામાં આવી છે. વચગાળાની રાહત તરીકે, અરજદારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાની માંગ કરી છે.

જ્યાં સુધી સીઈસી રાજીનામું ન આપે ત્યાં સુધી વિપક્ષનું આંદોલન ચાલુ રહેશે : રાહુલ ગાંધી

રાહુલ ગાંધીએ દિલ્હીના ત્રિલોકપુરીમાં "મતદાનનો અધિકાર - જીવવાનો અધિકાર" જાહેર સુનાવણીમાં હાજરી આપી

નવીદિલ્હી,

લોકસભાના વિપક્ષ નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ મંગળવારે દિલ્હીના ત્રિલોકપુરીના બ્લોક ૨૦ માં "મતદાનનો અધિકાર - જીવવાનો અધિકાર" જાહેર સુનાવણીમાં હાજરી આપી હતી. સુનાવણી દરમિયાન, રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર હુમલો વધુ તીવ્ર બનાવ્યો, આરોપ લગાવ્યો કે દેશમાં ઉચ્ચ સ્તરે મતોની ચોરી થઈ રહી છે અને ગરીબોના નામ જાણી જોઈને મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે આ મુદ્દા પર સમગ્ર વિપક્ષ એક છે અને જ્યાં સુધી જ્ઞાનેશ કુમાર રાજીનામું ન આપે અથવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમને તેમના પદ પરથી દૂર ન કરે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. રાહુલ ગાંધીએ કહ્યું, "આ મુદ્દા પર સમગ્ર વિપક્ષ એક છે. મતદાન એ ભારતના દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે." આમ છતાં, દેશભરમાં લાખો લોકોને મતદાનના અધિકારથી વ્યવસ્થિત રીતે વંચિત રાખવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસના સાંસદે વધુમાં કહ્યું, "અમે લાંબા સમયથી આ મુદ્દો ઉઠાવી રહ્યા છીએ, પરંતુ હવે આખો દેશ સમજવા લાગ્યો છે કે મત ચોરી ઉચ્ચ સ્તરે થઈ રહી છે." કોંગ્રેસના નેતાએ આરોપ લગાવ્યો કે ગરીબોના નામ મતદાર યાદીમાંથી જાણી જોઈને દૂર કરવામાં આવી રહ્યા છે. તેમણે દાવો કર્યો કે આ તેમના અધિકારો અને વિશેષાધિકારોને પણ અસર કરી રહ્યું છે.



રાહુલ ગાંધીએ કહ્યું, "ગરીબ લોકોના નામ મતદાર યાદીમાંથી જાણી જોઈને દૂર કરવામાં આવી રહ્યા છે, અને તેમના અધિકારો અને વિશેષાધિકારો છીનવાઈ રહ્યા છે. આવું શા માટે કરવામાં આવી રહ્યું છે? એક એવું 'નવું ભારત' બનાવવા માટે જે પસંદગીના થોડા અબજોપતિઓનું હોય, જ્યાં સામાન્ય નાગરિકો અને ગરીબોને કોઈ અધિકાર નથી અને દેશ ફક્ત અબજોપતિઓના ફાયદા માટે ચલાવવામાં આવે છે."

રાહુલ ગાંધીએ કહ્યું કે આ જાહેર સુનાવણી દ્વારા લોકોએ અહેવાલ આપ્યો કે ચાર બૂથ પરથી ૪૧૬ નામો ગેરકાયદેસર રીતે દૂર કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું, "ભારતના દરેક નાગરિકને મતદાન કરવાનો અધિકાર છે.

મજૂરી તેમજ કાચો માલ મોંઘો થતા ફટકડામાં ૨૫ ટકાનો ભાવ વધારો

જામનગરની ફટાકડા બજારમાં નાની-મોટી અવનવી ૩૫૦ વેરાયટીઓ ઉપલબ્ધ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ઉમંગ અને પ્રકાશનું પર્વ દિવાળી આંગણે ટકોરો મારી રહ્યું છે. ત્યારે જેના વગર દિવાળીની ઉજવણી અધુરી છે તેવી આતશબાજી કરવી આ વખતે મોંઘી પડશે. જામનગરની બજારમાં ફટાકડાના ભાવમાં ૨૫ ટકા સુધીનો તોતિંગ ભાવ વધારો નોંધાતા બજારમાં ભયંકર મંદીનો માંહોલ છવાયો છે પરિણામે વેપારીઓ પણ ચિંતીત છે. કેમિકલ, કાચો માલ અને મજૂરી મોંઘા થતાં ફટાકડાના ભાવમાં વધારાનો ધડાકો થયો છે.

દિવાળીના આગમનને પગલે જામનગરની બજારમાં તારામંડળ, ચકરી અને રોકેટ સહિત મરચી બોમ્બ, સુતળી બોમ્બ અને ૫૫૫ બોમ્બ જેવા ૩૫૦ થી પણ વધુ પ્રકારની લોકપ્રિય ફટાકડાની વેરાયટીઓનું બજારમાં અગમન થયુ છે. જામનગરમાં મોટાભાગે ફટાકડાની રાજધાની ગણાતા શિવાકાશીથી અમદાવાદ અને ત્યારબાદ શહેરની બજારમાં ફટાકડા આવે છે. પરતું ત્યાં ફેક્ટરીમાં લાગેલી આગ, કાચા માલમાં નોંધાયેલા ભાવ વધારા અને કેમિકલ તથા ગન પાવડરના ભાવ વધારા તથા યુદ્ધની અસરને પગલે પરિવહનમાં સર્જાયેલી સમસ્યાને લઈને ફટાકડાના ભાવ હાલ ૨૫ ટકા સુધી વધી ગયા છે. અગાઉ જે સામાન્ય ફટાકડાનું પેકેટ વેપારીઓને ૩૫ રૂપિયામાં પડતું હતું તેના સીધા ૪૫ થી ૫૦ રૂપિયા થઈ ગયા છે ત્યારબાદ પરિવહન અને લેબર ચાર્જને પગલે નફાનું પ્રમાણ ઘટ્યું હોવાથી સ્થાનિક બજારમાં સીધો ભાવ વધારો નોંધાયો છે.

જામનગરમાં અંદાજે ૭૦ લાયસન્સ ધારકો સહિત મળી ૧૫૦ જેટલા વેપારીઓ ફટાકડાનું વેચાણ કરે છે. જેનું વાર્ષિક ટર્નઓવર કરોડોમાં છે છતાં આ વખતે હજુ સુધી ઘરાકી સાવ ઠંડી હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. બીજું કે યુદ્ધ સહિતની અસરને લઈ ઉત્પાદન ઘટ્યું હોવાથી હાલ વેપારીઓને જ માલ પૂરતા પ્રમાણમાં મળતો નથી. માત્ર ઓર્ડરના ૫૦ ટકા જ માલ મળે છે આમ ફટાકડાની ઘટને પગલે પણ આ વખતે બજારમાં ભાવ વધારો વાર્તાશે.ગત વર્ષે કોઠી, ચકરી જેવા સૌથી વધુ વેચાતા ફટાકડાના એક પેકેટની કિંમત રૂ.૧૦૦ થી ૧૨૦ હતી, તે રૂ.૧૨૦ થી ૧૬૦ સુધી, તારામંડળનું એક પેકેટ રૂ.૫૦થી ૬૦ના હતા, તે હવે રૂ.૮૦ થી ૧૦૦ સુધી પહોંચી ગયા છે. તે રીતે તમામના ભાવ વધ્યા છે.

નિકાવા પાસેથી રીક્ષાના ચોરખાનામાંથી દેશી દારૂ મળી આવતા બેની અટકાયત


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લામાં દારૂ અને જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓને ડામવા માટે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીના ભાગરૂપે કાલાવડ ગ્રામ્ય પોલીસે સી.એન.જી. રિક્ષામાં વિશેષ ચોરખાનાં બનાવી દેશી દારૂની હેરાફેરી કરતા રાજકોટના બે શખ્સોને ઝડપી લઈ રિક્ષામાંથી ૧૫૫ લિટર દેશી દારૂ અને રિક્ષા સહિત કુલ રૂ. ૧,૩૧,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

કાલાવડ ગ્રામ્ય પોલીસ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર એન.વી. આંબલીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમને મળેલી બાતમીના આધારે નીકાવા ગામની પોલીસ ચોકી સામે રોડ પર વોચ ગોઠવવામાં આવી હતી.

દરમિયાન રાજકોટ તરફથી આવતી લીલા-પીળા રંગની સી.એન.જી. રિક્ષા નંબર જીજે-૦૩-બીએક્સ-૪૦૩૪ને અટકાવી તપાસ કરવામાં આવતાં રિક્ષાની પાછળની સીટના પગ રાખવાના ભાગે તેમજ ડેકીમાં વિશેષ ચોરખાનું બનાવવામાં આવ્યું હતું. પોલીસે તેની તલાસી લેતા તેમાંથી ૧૫૫ લિટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દેશી દારૂ અને રીક્ષા કબ્જે કરી કબજે રાજકોટના ચુનારાવાડ, શિવાજીનગર વિસ્તારમાં રહેતા રિક્ષાચાલક રોહિતભાઈ નરશીભાઈ માત્રાણિયા અને મવડી પ્લોટ, ઈશ્વરનગર વિસ્તારમાં રહેતા હિરેનભાઈ કમલેશભાઈ ગુમાની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જામ્યુકોની જનરલ બોર્ડમાં પાણીની દરખાસ્ત નહીં લેવાતાં 'આપ'ના મહિલા કોર્પોરેટરનો વોકઆઉટ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકામાં આજરોજ સ્પે. જનરલ બોર્ડ યોજવામાં આવી હતી. જેમાં માત્ર ત્રણ એજન્ડા લેવામાં આવ્યા હતાં. આ બાબતે જનરલ બોર્ડમાં ઉપસ્થિત આમ આદમી પાર્ટીના કોર્પોરેટર દ્વારા અગત્યનો મુદો લેવાની દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ મેયર સ્થાનેથી આ દરખાસ્ત નામંજૂર કરી હતી.

જામનગર મહાનગર પાલિકામાં આજરોજ મેયર મોનીકાબેન વ્યાસના અધ્યક્ષ સ્થાને જનરલ બોર્ડ યોજવામાં આવી હતી. જેમાં માત્ર ત્રણ જ એજન્ડા લેવામાં આવ્યા હતાં અને થોડા સમયમાં જનરલ બોર્ડની મિટિંગ આટોપી લેવામાં આવી હતી. ત્યારે જનરલ બોર્ડમાં ઉપસ્થિત આમ આદમીના મહિલા કોર્પોરેટર જેનબબેન ખફીએ પાણીના પ્રશ્ન અંગે દરખાસ્ત લેવા જણાવ્યું હતું. તેઓએ વધુમાં જણાવ્યું હતુ કે, હાલ વરસાદ ઓછો થયો હોવાના કારણે રાજ્ય સરકારે જામનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરેલ છે. તેમજ જામનગર શહેરમાં પાણીનો પણ પોકાર ચાલી રહ્યો છે અને તંત્ર દ્વારા પાણીનો દુરપયોગ નહીં કરવા નોટીસો પાઠવવામાં આવી રહી છે.

પાણીના આ પ્રશ્ને જનબબેન ખફીએ આજની જનરલ બોર્ડના એજન્ડામાં આ પ્રશ્ન સમાવવા અને તે મુદે ચર્ચા કરવા દરખાસ્ત કરી હતી, પરંતુ તેઓને અન્ય કોઈ સભ્યોનો ટેકો મળ્યો ન હતો. માત્ર કોંગ્રેસના મહિલા કોર્પોરેટર સહારાબેન મકવાણાએ ટેકો આપ્યો હતો. જે બાદ મેયરને દરખાસ્ત રજૂ કરી હતી. પરંતુ તે દરખાસ્ત નામંજૂર કરવામાં આવી હતી. જેનો વિરોધ કરી કોર્પોરેટર જેનબબેન ખફીએ જનરલ બોર્ડનો વિરોધ કરી પોતે વોકઆઉટ કર્યું હતું.

જીરાગઢ ગામે સ્ટ્રીટ લાઈટ ફીટ કરતી વેળાએ પટકાતા યુવાનનું મૃત્યુ

પગ લપસતા યુવાન મોતને ભેટ્યો : પરિવારમાં માતમ પ્રસરી ગયા

ધ્રોલ : જોડિયા તાલુકાના જીરાગઢ ગામે ગ્રામ પંચાયતની સ્ટ્રીટ લાઇટ ફિટિંગની કામગીરી દરમિયાન થાંભલા પરથી પગ લપસી જતાં નીચે પટકાયેલા ૩૧ વર્ષીય યુવકનું મોત નીપજ્યું છે. આ દુર્ઘટનામાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, જોડિયાના નાનોવાસ વિસ્તારમાં રહેતા આફતાબભાઈ હાજીભાઈ પલેજા (ઉ.વ. ૩૧) જીરાગઢ ગામે ગ્રામ પંચાયતની સ્ટ્રીટ લાઇટ ફિટિંગની મજૂરીકામની કામગીરી કરી રહ્યા હતા. દરમિયાન કાનાભાઈ ખુંભાભાઈ ગમારાના મકાન પાછળ આવેલી શેરીમાં સ્ટ્રીટ લાઇટ ફિટિંગનું કામ કરતી વખતે અકસ્માતે તેમનો પગ લપસી જતાં તેઓ ઊંચાઈ પરથી સીધા જમીન પર પટકાયા હતા.

અકસ્મિક રીતે નીચે પટકાતાં આફતાબભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જોડિયાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જોકે, ત્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના પિતા હાજીભાઈ નુરમામદભાઈ પલેજાએ જાણ કરતાં જોડિયા પોલીસે અકસ્માત મોત અંગે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ એ.એસ.આઈ. સી.એલ. ચીહલા ચલાવી રહ્યા છે.

કાલાવડના મછલીવડની સીમમાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા, ચાર ફરાર

રોકડા રૂ. ૬૮,૫૦૦, પાંચ બાઈક અને ત્રણ મોબાઈલ સહિત રૂ. ૩.૮૩ લાખનો મુદ્દામાલ કબજે


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મછલીવડ ગામની સીમમાં જાહેરમાં ગંજીપાનાથી જુગાર રમાતો હોવાની બાતમીના આધારે જામનગર લોકલ કાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડી ચાર શખસોને ઝડપી લીધા છે. જ્યારે ચાર શખ્સો નાશી ગયા હતા. પોલીસે સ્થળ પરથી કુલ રૂ. ૩,૮૩,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ વિભાગના ડીઆઈજી નિર્લિપ્ત રાય તથા જામનગર જિલ્લા પોલીસ વડા ડૉ. રવિ મોહન સૈનીની સૂચનાથી જિલ્લામાં દારૂ અને જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

દરમિયાન એલસીબી ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.વી. ભાટીયા અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. ત્યારે

એલસીબીના અજયભાઈ વિરડા અને ભયપાલસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે કાલાવડ તાલુકાના મછલીવાળ ગામની સીમમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જયાં જાહેરમાં ગંજીપાનાથી જુગાર રમતા રમીજભાઈ ઓસમાણભાઈ નોયડા, રાકેશ ઉર્ફે રાકલો છોટુભાઈ ભારેવાડીયા, વસીમ ઈસ્માઈલભાઈ નોયડા અને ભૂપતસિંહ રામસિંહ જાડેજાને ઝડપી લેવામાં આવ્યા હતા. જ્યારેસંજયસિંહ બાધુભા જાડેજા, ધર્મેશ ઉર્ફે કર્યો ભીમજીભાઈ રાખોલીયા, હિતેશ મોહનભાઈ ગોહિલ અને મનીષ નટુભાઈ સીતાપરા નામના ચાર શખ્સો નાશી ગયા હતા.

પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. ૬૮,૫૦૦, રૂ. ત્રણ લાખની કિંમતની પાંચ બાઈક તથા રૂ. ૧૫,૦૦૦ની કિંમતના ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૩,૮૩,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જામજોધપુર પંથકમાં શ્રમિક પરિવારની સગીરા સાથે દુષ્કર્મ ગુજારનાર આરોપીની ધરપકડ

માતાની ફરિયાદ પરથી પોલીસની કાર્યવાહી, આરોપીને કોર્ટમાં કરાશે રજૂ

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર પંથકના એક ગામમાં વાડી માલિકના પુત્રએ વાડીમાં કામ કરતા શ્રમિક પરિવારની સગીરાને હવસનો શિકાર બનાવી દુષ્કર્મ આચર્યાની ચોંકાવનારી ઘટના સામે આવતા પંથકમાં ખળભળાટ મચી ગયો છે. આ બનાવમાં સગીરાની માતાની ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે પોક્સો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આગળ ધપાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જામજોધપુર પંથકના એક ગામમાં વાડીમાં મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતા પરિવારની સગીરા સાથે વાડી માલિકના પુત્રએ દુષ્કૃત્ય આચર્યું હતું. શ્રમિક પરિવારની સગીરાના શારીરિક શોષણનો મામલો બહાર આવતા બનાવ અંગે સગીરાની માતાએ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવતા જામજોધપુર પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ત્યારબાદ પોલીસે ગણતરીની કલાકમાં આરોપીને ઝડપી પાડી તેની સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધરપકડ કરાયેલા આરોપીને આજે તા.૨૮ના રોજ વધુ પૂછપરછ અને તપાસ માટે રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

લૈયારામાંથી બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો, બે શખ્સો ઝડપાયા


પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી.

ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : ધ્રોલ તાલુકાના લૈયારા ગામે ઘર બહારથી મોટરસાઈકલની ચોરીના બનાવનો ભેદ ઉકેલી ધ્રોલ પોલીસે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે ચોરીમાં ગયેલું મોટરસાઈકલ, ગુનામાં ઉપયોગમાં લેવાયેલું અન્ય મોટરસાઈકલ અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૫૫ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

લૈયારા ગામે ફરિયાદીના ઘરની બહાર પાર્ક કરેલું હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ (રજિ. નં. જ્ઞ-૧૦-ઝત્ન-૬૦૯૬), જેની કિંમત રૂ. ૨૫ હજાર હતી, તે તા. ૨૫ ઓક્ટોબરની સાંજથી તા. ૨૬ ઓક્ટોબરની સવાર દરમિયાન અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો હતો. આ અંગે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા પોલીસ અધિકારીઓની સૂચના અને ધ્રોલ પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. ખાચરના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ચોરીના મોટરસાઈકલ સાથે બે શખ્સો ધ્રોલ શહેરમાં સરકારી હોસ્પિટલ પાસેથી પસાર થવાના છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી બંને શખ્સોને બે મોટરસાઈકલ સાથે અટકાવી પૂછપરછ કરતાં એક મોટરસાઈકલ લૈયારામાંથી ચોરી કર્યાની અને બીજા મોટરસાઈકલનો ચોરીમાં ઉપયોગ કર્યો હોવાની કબૂલાત આપી હતી.

પોલીસે ગોવિંદભાઈ ભીખુભાઈ માવી (ઉ.વ. ૨૫) અને નરેન્દ્રકુમાર ઉર્ફે મેંદાભાઈ દિનેશભાઈ ચૌહાણ (ઉ.વ. ૧૯)ની ધરપકડ કરી છે. બંને આરોપીઓ મૂળ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના રહેવાસી છે અને હાલ રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં મજૂરી કામ કરતા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ કિંમત રૂ. ૨૫ હજાર, હીરો પેશન મોટરસાઈકલ કિંમત રૂ. ૨૦ હજાર અને બે મોબાઈલ ફોન કિંમત રૂ. ૧૦ હજાર મળી કુલ રૂ. ૫૫ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ કામગીરી ધ્રોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. ખાચરના માર્ગદર્શન હેઠળ પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ મકવાણા, હરદેવસિંહ જાડેજા, કલ્પેશભાઈ કામરિયા, સંજયભાઈ સોલંકી તથા પોલીસ કોન્સ્ટેબલ રઘુવીરસિંહ જાડેજા અને નાગજીભાઈ ગમારા સહિતની ટીમે કરી હતી.

કાલાવડના ગુંદા ગામે વાડીના મકાનમાં રાજકોટના યુવાને ગળાફાંસો ખાધો

જામનગર : રાજકોટ જિલ્લાના વડવાજડી ગામના એક યયવને કાલાવડ તાલુકાના ગુંદા ગામે આવેલ પોતાની વાડીના મકાનમાં ગળાફાંસો ખાઈ લેતાં તેનું મૃત્યુ નિપજયાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના વડવાજડી ગામના વિશ્વજીતસિંહ અરવિંદસિંહ રાઠોડ નામના ૩૦ વર્ષીય યુવાન સવારે ઘરેથી રાજકોટની ઓફિસે જવાનું અને એક દિવસ બાદ પરત આવવાનું કહી નીકળ્યા હતા. જોકે, બીજા દિવસે તા. ૨૭ ના સવારે ૧૧ વાગ્યે કાલાવડ તાલુકાના ગુંદા ગામે આવેલી પોતાની વાડીના મકાનની છતના હૂક સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા.

આ બનાવ અંગે પોલીસને જાણ થતાં કાલાવડ ગ્રામ્ય પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ યુવાનના મૃતદેહનો કબ્જો સાંભળી તેમણે કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

દ્વારકા નજીક કાર હડફેટે નાગેશ્વરના બાઈક ચાલક યુવાન ઈજાગ્રસ્ત

દ્વારકા : દ્વારકા નજીક હાઈવે પર કાર હડફેટે મોટરસાયકલ ચાલક યુવાનને શરીરે નાની - મોટી ઈજા પહોંચી હોઈ આ બનાવમાં ઈજાગ્રસ્ત યુવાનની ફરિયાદના આધારે અકસ્માત સર્જી નાશી જનાર કાર ચાલક સામે અપરાધ નોંધી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ દ્વારકા તાલુકાના નાગેશ્વરમાં રહેતો કારાભા પ્રતાપભા સુમણીયા નામનો ૨૦ વર્ષનો યુવાન પોતાનું જી. જે. ૩૭. આર. ૭૩૪૨ નંબરનું મોટરસાયકલ ચલાવી પોતાના ગામ તરફ થતો હોય દરમિયાન રસ્તામાં જી.જે. ૨૬. એ. કે. ૦૭૨૮ નંબરની મોટરકારના ચાલકે આગળ જતી રીક્ષાને ઓવરટેક કરી મોટરસાયકલ સાથે અકસ્માત સર્જતા કારાભા નામનો યુવાન રોડ પર નીચે પટકાતા તેને જમણા પગના પોચાના ભાગમાં ફેક્ચરની ઈજા પહોંચી હતી અકસ્માત સર્જી નાશી જનાર કાર ચાલક સામે આ યુવાનની ફરિયાદ પરથી દ્વારકા પોલીસે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.